અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

12 MAY-2026 TUESDAY | Vol. : 17 | Issue : 310 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

નેતન્યાહૂએ કહ્યું- ઈરાનના નવા સુપ્રીમ લીડર જીવતા છે : બંકરમાં છુપાયેલા, સત્તા પર પિતા ખામેનેની જેવી પકડ નથી, જનતાના વિદ્રોહનો ડર સતાવી રહ્યો છે

4

ભગવત્ ગીતાનાં છઠ્ઠા અધ્યાયનાં સોળમાં શ્લોકમાં શ્રીકૃષ્ણ અર્જુનને સંબોધીને શું કહે છે?

6

રાતે 11 વાગ્યા પછી હાર્દિક ઈન્સ્ટાગ્રામ પર રઘવાયો થયો! : સૂર્યા-તિલક અને મુંબઈના પેજને 'અનફોલો' કરી દીધું? હાર ન પચતાં ક્રિકેટરે છેડો ફાડ્યો હોવાની ચર્ચા

7

PM મોદીની અપીલ બાદ જ્વેલરીના શેર 10% તૂટ્યા : એક વર્ષ સોનું ન ખરીદવા કહ્યું; માગ 10% સુધી ઘટી શકે છે

### PM મોદી આ પહેલાં મે,2025માં ઓપરેશન સિંદૂરની સફળતા બાદ વડોદરા આવ્યા હતા

# વડોદરામાં PMના હસ્તે સરદારધામ-3નું લોકાર્પણ

## નરેન્દ્ર મોદી 'સરદાર ગૌરવ રત્ન' એવોર્ડથી સન્માનિત, અમદાવાદમાં 500 કરોડના ખર્ચે સરદારધામ યુનિ. સ્થાપવાની જાહેરાત

**નવી દિલ્હી તા.11**

PM મોદી આજે(11 મે) ગુજરાતના પ્રવાસે છે. તેઓ સોમનાથ મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠાના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે ‘સોમનાથ અમૃત મહોત્સવ’માં ભાગ લઈ વડોદરા પહોંચી ગયા છે. તેઓ સરદાર ધામના સંભામંડપમાં પણ પહોંચી ગયા છે. અહીં સરદારધામ-3નું લોકાર્પણ કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સરદાર ગૌરવ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. લોકાર્પણ કાર્યક્રમ બાદ ગદા સર્કલથી એરપોર્ટ સુધી રોડ શો પણ કરશે. આ પહેલાં તેઓ ઓપરેશન સિંદૂર બાદ મે, 2025માં વડોદરા આવ્યા હતા. જ્યારે ગુજરાતની મુલાકાતે 31 માર્ચ-2026ના રોજ આવ્યા હતા. PMના રોડ શોને લઈને શહેરમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. રોડ શોને ભવ્ય બનાવવા રૂટ પર 15 થીમ આધારિત સ્ટેજ તૈયાર કર્યા છે. આ સ્ટેજ પરથી અલગ-અલગ રાજ્યોના સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી રજૂ કરાશે. પશ્ચિમ બંગાળની જીત બાદ તેઓ ગુજરાત આવી રહ્યા છે ત્યારે અભિવાદનની થીમ પણ બંગાળ પર આધારિત હશે. રૂટ પર વિવિધ પોસ્ટર-બેનર સાથે અદભૂત લાઈટિંગ કરાયું છે. સાથે રોડની બંને બાજુ થ્રી લેયરમાં બેરિકેડિંગ કરાયું છે. ગરમીને ધ્યાનમાં રાખીને પાણી તેમજ ORSની વિશેષ વ્યવસ્થા કરાઈ છે અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો છે. આ કાર્યક્રમ




દરમિયાન પ્રતિબંધિત અને વૈકલ્પિક માર્ગો પણ જાહેર કરાયા છે. અગાઉ આજે સવારે સોમનાથ મંદિરમાં પ્રાણ-પ્રતિષ્ઠાના 75 વર્ષ પૂર્ણ થવાના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી. તેમણે કહ્યું હતું કે આજનો દિવસ બીજા કારણોસર પણ ખાસ છે. આ દિવસે, 11 મે 1998ના રોજ, દેશે પોખરણમાં પરમાણુ પરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ વિશ્વભરની શક્તિઓ ભારતને દબાવવા માટે આગળ આવી હતી. પીએમએ કહ્યું કે ભારત માટે બધા રસ્તા બંધ થઈ ગયા હતા, પરંતુ આપણે ડર્યા નહીં, આપણે અડગ રહ્યા. ભારતે પોખરણ પરમાણુ પરીક્ષણને ઓપરેશન શક્તિ નામ આપ્યું હતું. કારણ કે શિવની સાથે શક્તિની પૂજા કરવી આપણી પરંપરા રહી છે. હું ભગવાન સોમનાથના ચરણોમાં નમન કરું છું અને ઓપરેશન શક્તિને અભિનંદન આપું છું.

**સરદારધામના દરેક પ્રયાસમાં મેં સાથે ઉભા રહેવાનો પ્રયાસ કર્યો- PM**

જે જે સમાજોએ શિક્ષણને પ્રાથમિક્ત આપી છે, શિક્ષણમાં સમાન ભાગીદારીને લક્ષ્ય બનાવ્યું છે તે સમાજ હંમેશા આગળ વધ્યો છે.સરદારધામના દરેક પ્રયાસમાં જ્યારે મને મોકો મળે છે એટલે હું આપની સાથે ઊભા રહેવાનો પ્રયાસ કરું છું.

**'તમારા કાર્યક્રમમાં આવીને મને લાગે છે કે ઘરમાં આવ્યો છું'**

તમારા કાર્યક્રમનો હિસ્સો મને સુખદ લાગે છે અને લાગે છે કે ઘરમાં આવ્યો છું. કારણ કે તમારી વચ્ચે આવીને સમાજની શક્તિનો અહેસાસ થાય છે. જ્યારે ક્યાંય વાસ્તવિક બદલાવ થાય છે તે સમાજની સામુહિક તાકાતથી જ થાય છે.

**આજનો આ દિવસ પુણ્ય પર્વથી ઓછો નથી- મોદી**

પીએમ મોદીએ કહ્યું કે, અહીં આવતા પહેલા હું સોમનાથ મંદિરમાં હતો. સોમનાથ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાના 75 વર્ષ પૂર્ણ થયા છે. સોમનાથ મંદિરની પુનઃ સ્થાપનાનું સપનું સરદાર પટેલના સંકલ્પથી જ પૂર્ણ થયું હતું. આ અવસરે પ્રભાસપાટણમાં સોમનાથ અમૃત મહોત્સવ મનાવાઈ રહ્યો છે.

## BSFને બાંગ્લાદેશ બોર્ડર ફેન્સિંગ માટે જમીન મળશે

### ચૂંટણી હિંસામાં માર્યા ગયેલા 321 BJP કાર્યકર્તાઓના પરિવારોની જવાબદારી રાજ્ય સરકાર ઉઠાવશે



**કોલકાતા, તા.11**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ભારત-બાંગ્લાદેશ બોર્ડર પર ફેન્સિંગ લગાવવા માટે BSF ને જમીન આપવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે ગેરકાયદેસર ઘૂસણખોરીનો સામનો કરવા માટે 45 દિવસની અંદર આ જમીન ગૃહ મંત્રાલયને સોંપી દેવામાં આવશે. હાવડાના નબન્નામાં નવનિર્વાચિત BJP સરકારની પ્રથમ કેબિનેટ બેઠક યોજાઈ. CM અધિકારીએ કહ્યું કે આ નિર્ણય બેઠકમાં લેવાયેલા મુખ્ય પ્રસ્તાવોમાંથી એક હતો. બેઠકમાં કુલ 6 નિર્ણયો લેવામાં આવ્યા. મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો કે TMC સરકારે રાજ્યમાં જૂના IPC અને CrPC ની જગ્યાએ નવા ફોજદારી કાયદા ભારતીય ન્યાય સંહિતા (BNS) ને લાગુ કર્યો ન હતો. રાજ્યમાં હવે BNS લાગુ કરવાની સત્તાવાર મંજૂરી આપી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારની આયુષ્માન ભારત અને જન આરોગ્ય યોજના પણ પશ્ચિમ બંગાળમાં પણ લાગુ કરવામાં આવશે.

**CM સુવેન્દુને ગાર્ડ ઓફ ઓનર**

બંગાળ CM અધિકારીને હાવડામાં નાબન્નામાં પદભાર ગ્રહણ કર્યા પછી 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું.

**સુવેન્દુ કેબિનેટની બેઠકના 6 નિર્ણયો**

ચૂંટણી હિંસામાં માર્યા ગયેલા 321 BJP કાર્યકર્તાઓના પરિવારોની જવાબદારી રાજ્ય સરકાર ઉઠાવશે.

ભારત-બાંગ્લાદેશ સરહદ પર વાડ લગાવવા માટે BSF ને જમીન ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. તેને 45 દિવસની અંદર પૂર્ણ કરી લેવામાં આવશે.

## ISI સાથે સંકળાયેલા MPના 3 યુવકોની ધરપકડ

### તેમની ઓળખ ટીકમગઢ, નેગુવાં (પૃથ્વીપુર પોલીસ સ્ટેશન) નિવાસી અનમોલ રાય, ગ્વાલિયર, ડબરા નિવાસી રાજવીર અને વિવેક બંજારા તરીકે કરવામાં આવી

**ભોપાલ, તા.11**

દિલ્હી પોલીસે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI સાથે સંકળાયેલા હોવાનો દાવો કરીને એમપીના ત્રણ યુવકોની ધરપકડ કરી છે. પોલીસનું કહેવું છે કે આ લોકો દિલ્હીનું ઐતિહાસિક મંદિર, દિલ્હી-સોનીપત હાઈવે પર આવેલો એક ઢાબો અને હરિયાણાનો સૈન્ય કેમ્પ ઉડાવવાના હતા.

તેમની ઓળખ ટીકમગઢ, નેગુવાં (પૃથ્વીપુર પોલીસ સ્ટેશન) નિવાસી અનમોલ રાય (ઉંમર 24), ગ્વાલિયર, ડબરા નિવાસી રાજવીર (ઉંમર 21) અને વિવેક બંજારા (ઉંમર 19) તરીકે કરવામાં આવી છે. ત્રણેયને દિલ્હી પોલીસે તેમના ગામમાંથી ધરપકડ કરી અને પોતાની સાથે લઈ ગઈ.

**આરોપીઓના ફોનમાંથી ઘણા શંકાસ્પદ ઈ-મેલ મળ્યા**

એસીપી સ્પેશિયલ સેલ



દિલ્હી પીએસ કુશવાહાના જણાવ્યા અનુસાર, ત્રણેય આરોપીઓ ગરીબ પરિવારોમાંથી આવે છે. ત્રણેયના મોબાઈલના ઓડિયો, વીડિયો કોલ દ્વારા શંકાસ્પદ નંબરો પર વાત કરવામાં આવી હોવાની, સોશિયલ મીડિયા દ્વારા ખાસ સ્થળોની તસવીરો પાકિસ્તાન મોકલવામાં આવી હોવાની પુષ્ટિ થઈ છે.

આ ર ો પ ી ઓ ન ા મોબાઈલમાંથી અનેક શંકાસ્પદ ઈ-મેલ પણ મળ્યા છે. પોલીસ એ તપાસ કરી રહી છે કે આરોપીઓને આતંકી ષડયંત્રમાં જોડવાના બદલામાં શું મળ્યું હતું. ત્રણેયની ધરપકડ શુક્રવારે થઈ હતી. ત્રણેય દિલ્હીમાં મજૂરી કરી ચૂક્યા છે.

**ગેંગ બસ્ટ ઓપરેશન 2.0 માં ખુલાસો**

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે ‘ગેંગ બસ્ટ ઓપરેશન 2.0’ હેઠળ વિવિધ રાજ્યોમાંથી શાહજાદ ભટ્ટી મોડ્યુલ સાથે સંકળાયેલા 9 શંકાસ્પદ ઓપરેટિવ્સની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછમાં તપાસ એજન્સીઓને જાણવા મળ્યું કે આરોપીઓમાંથી એકે દિલ્હીના એક ઐતિહાસિક મંદિરની રેકી કરી હતી.

પરિસરની તસવીરો સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સને મોકલી હતી. મોડ્યુલની યોજના મંદિરમાં તૈનાત પોલીસ અને અર્ધલશ્કરી દળોને નિશાન બનાવવાની અને ફાયરિંગ કરીને ભય ફેલાવવાની હતી.

**ઢાબા પર ગ્રેનેડથી હુમલો કરવાનું ટાસ્ક હતું**

આરોપીઓને દિલ્હી-સોનીપત હાઈવે પર આવેલા એક પ્રખ્યાત ઢાબા પર ગ્રેનેડથી હુમલો કરવાનું પણ ટાસ્ક આપવામાં આવ્યું હતું. આ ઢાબા દરરોજ હજારો લોકોની અવરજવરવાળી જગ્યા માનવામાં આવે છે. તપાસ એજન્સીઓનું માનવું છે કે હુમલાનો હેતુ મોટા પાયે નુકસાન અને જાનહાનિ કરવાનો હતો.

## મમતા 31 બેઠકોના પરિણામો વિરુદ્ધ સુપ્રીમ કોર્ટ પહોંચ્યા, કહ્યું- અહીં જીતનો તફાવત SIRમાં કપાયેલા મતો કરતાં ઓછો

**નવી દિલ્હી/કોલકાતા, તા.11**




સુપ્રીમ કોર્ટમાં TMCએ દાવો કર્યો કે બંગાળમાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં 31 બેઠકો પર ભાજપ અને TMCમાં હાર-જીતનો તફાવત SIRમાં કાપવામાં આવેલા મતો કરતાં ઓછો છે. સોમવારે TMC સાંસદ અને વકીલ કલ્યાણ બેનર્જીએ આ વાત જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમલ્યા બાગચીની બેન્ચને કહી. બેન્ચ બંગાળમાં SIR પ્રેક્ટિસને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. બેન્ચે કહ્યું- પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી અને અન્ય નેતાઓ બંગાળમાં થયેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન વિરુદ્ધ નવી અરજી દાખલ કરી શકે છે. આ પહેલાં કલ્યાણ બેનર્જીએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે એક કેસમાં તેમના ઉમેદવારની હાર 862 મતોથી થઈ હતી, જ્યારે તે બેઠક પર 5000થી વધુ મતદારોના નામ યાદીમાંથી હટાવવામાં આવ્યા હતા. TMC અને ભાજપ વચ્ચે કુલ મતોનો તફાવત લગભગ 32 લાખ હતો અને મત કાઢી નાખવા સામેની 35 અપીલો હજુ પણ પેન્ડિંગ છે. જ્યારે, ચૂંટણી પંચે આ દલીલોનો વિરોધ કરતા કહ્યું કે આવા કિસ્સાઓમાં યોગ્ય ઉપાય ECમાં અરજી દાખલ કરવાનો છે. પંચનું કહેવું છે કે SIR અને તેનાથી સંબંધિત વિવાદોમાં આ જ પ્રક્રિયા હેઠળ જવાબદારી નક્કી કરી શકાય છે. TMC વતી હાજર થયેલા સિનિયર એડવોકેટ મેનકા ગુરુસ્વામીએ કોર્ટને જણાવ્યું કે વર્તમાન ગતિએ અપીલીય ટ્રિબ્યુનલ્સને આ અપીલોનો નિકાલ કરવામાં લગભગ 4 વર્ષ લાગી શકે છે. તાજેતરમાં થયેલી પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપે 294માંથી 207 બેઠકો જીતી છે, જ્યારે TMCને 80 બેઠકો મળી છે. આ ચૂંટણીઓમાં રાજ્યમાં 90%થી વધુ મતદાન નોંધાયું હતું. ભાજપને કુલ 2 કરોડ 92 લાખ 24 હજાર 804 મત મળ્યા છે. તૃણમૂલ કોંગ્રેસને 2 કરોડ 60 લાખ 13 હજાર 377 મત મળ્યા છે. BJPને TMCથી 32 લાખ 11 હજાર 427 વધુ મત મળ્યા છે. એટલે કે 293 બેઠકોના હિસાબે ભાજપને દરેક બેઠક પર સરેરાશ 10,960 મત વધુ મળ્યા. રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)થી કુલ 91 લાખ મત કપાયા. એટલે કે દરેક બેઠક પર સરેરાશ 30 હજાર મતદારોના નામ કાપવામાં આવ્યા. કુલ 293 બેઠકોમાંથી 176 પર જીતનો તફાવત 30 હજારથી ઓછો અને 117 બેઠકો પર 30 હજારથી વધુ રહ્યો.



# અમદાવાદમાં 3.30 લાખમાં મળશે 1 BHK ફ્લેટ : ઓછી આવક ધરાવતા માટે 7825 મકાનો બનશે

## 28 ચોરસ મીટર કાર્પેટ એરિયા અને બિલ્ટઅપ એરિયા 33થી 35 ચોરસ મીટર

**અમદાવાદ, તા.11**



રાજ્યના સૌથી મોટા આર્થિક પાટનગર અમદાવાદ શહેરમાં હાઈરાઈઝ બિલ્ડીંગો બની રહી છે અને મકાનો મળવા હવે ખૂબ મોંઘા થઈ રહ્યા છે, ત્યારે આર્થિક રીતે નબળા લોકોને ઘરનું ઘર મળી રહે તેના માટે સરકાર દ્વારા આવાસ યોજનાના મકાનો બનાવવામાં આવી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત 7825 જેટલા 1 BHK ફ્લેટ બનાવવામાં આવશે. શહેરના નિકોલ, બોપલ, મોટેરા અને મકરબા વિસ્તારમાં ઓછી આવક ધરાવનારા લોકો માટે EWS આવાસ યોજનાના મકાનો બનશે. ફ્લેટોને મેન્ટેનન્સ સાથે રૂ. 3.30 લાખમાં આપવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

**AMCની વેબસાઈટ પર ફોર્મ ભરાવાનું શરૂ**

અમદાવાદમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો પોતાના ઘરનું ઘર મેળવવા માટેનું સપનું પૂરું કરી શકે તેના માટે સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઇડબલ્યુએસ પ્રકારના મકાનો બનાવવામાં આવે છે. ખાનગી ફ્લેટોની કિંમત કરતા અડધી કિંમતમાં ખાનગી ફ્લેટ જેવી સુવિધાઓ સાથેના EWS પ્રકારના 1 BHK ફ્લેટો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મકાન બનાવવામાં આવી રહ્યા છે, જેના માટેની અરજી કરવાની શરૂઆત થઈ ચૂકી છે. વાર્ષિક રૂ. 3,00,000 સુધીની કુટુંબની સંયુક્ત વાર્ષિક આવક ધરાવનારા લોકો આ મકાનો મેળવી શકશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વિવિધ વિસ્તારોમાં બનાવવામાં આવેલા મકાનો 28 ચોરસ મીટર કાર્પેટ એરિયા અને બિલ્ટઅપ એરિયા 33થી 35 ચોરસ મીટરનો છે. એક ડ્રોઈંગ રૂમ, બેડરૂમ, કિચન, કોમન ટોઈલેટની સુવિધા છે. દરેક બ્લોકમાં લિફ્ટ બનાવાઈ છે. આંગણવાડી, ગ્રીન એરિયા, બાળકોના રમતગમત માટેનો ગાર્ડન વધારે જ્યાં મકાનો હશે ત્યાં આપવામાં આવશે. વિશાળ પાર્કિંગ તેમજ ફાયર સેફ્ટીની સુવિધા સાથેનાં મકાનો છે. મોટાભાગની આવાસ યોજનાની બહાર દુકાનો આવેલી છે, જેથી જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ પણ લોકોને ઘરની બહાર જ મળી રહેશે.

આર્થિક રીતે નબળા વર્ગના લોકો જેવો ત્રણ લાખથી ઓછી આવક ધરાવે છે, તેમણે મકાન મેળવવા માટે વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ફરવાનું રહેશે. અરજદારે અરજી ફોર્મ સાથે ડિપોઝિટની રકમ રૂ. 7500 ભરવાની રહેશે. મકાનની કુલ કિંમતના ઓછામાં ઓછા 20 ટકા રકમ (અરજી સાથે ભરપાઇ કરેલ ડિપોઝિટ બાદ કરતાં બાકીની રકમ) 'ડ્રો'માં સફળ થયા બાદ AMC જણાવે ત્યારે અરજદારે ત્રણ માસમાં અચૂકપણે ભરવાની રહેશે. ત્યારબાદ બાકી રહેતી 80 ટકા રકમના એકસરખા 10 હપ્તા (અંદાજે એક વર્ષમાં તમામ 80 રકમ થાય તે રીતે) સમયાંતરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જમાં કરાવવાના રહેશે. છેલ્લા હપ્તા સાથે મેન્ટેનન્સ ડીપોઝીટ તથા અન્ય ચાર્જીસ પણ ભરપાઇ કરવાના રહેશે. અરજદાર દ્વારા 20 ટકા રકમ જે બેંકમાં ભરેલ હોય તે જ બેંકમાં બાકીના 80 ટકા રકમ ભરવાની રહેશે.

**તમામ સભ્યોની મળી આવક રૂ.3 લાખથી ઓછી હોવી જરૂરી**

મકાનની નક્કી થયેલ પૂરેપૂરી કિંમત ભરપાઇ થયા બાદ જ દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ થયેથી અરજદારને તેમને ફાળવવામાં આવેલ મકાનનો કબજો સોંપવામાં આવશે. કુટુંબના તમામ સભ્યોની મળીને કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ. 3 લાખથી ઓછી હોવી જોઈએ. આ યોજના માટે જ્યાં જ્યાં કુટુંબનો ઉલ્લેખ કરાયેલ છે. ત્યાં કુટુંબ એટલે પોતે, પોતાની પત્ની/પતિ, તથા તેમના અપરણીત બાળકો કુટુંબનો પુખ્ત વયનો સભ્ય ભારતદેશમાં પાકુ મકાન કે જમીનનો પ્લોટ ન ધરાવતો હોય તો તેનો વૈવાહિક દરજ્જો ધ્યાને લીધા વગર મકાન મેળવવા હકદાર છે.

**કોઈ એક જ સ્કીમનો લાભ નાગરિકોને મળશે**

PMAY( પ્રધાનમંત્રી આવાસ યોજના)ના ચાર ઘટક જેવા કે AHP (એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેકટ), BLC (બેનીફીશીયરી લીડ કન્સ્ટ્રકશન), CLSS(ક્રેડીટ લીન્ક સબ સીડી), ISSR (ઈન સીટુ સ્લમ રીહેબીલીટેશન) માંથી કોઈપણ એક જ ઘટકમાં સહાય મળવાપાત્ર છે. આ ચાર ઘટક પૈકી કોઈપણ ઘટકમાં તથા મુખ્યમંત્રી ગૃહ યોજના(MMGY)માં લાભ મેળવેલ ન હોય તે જ લોકો મેળવી શકશે. જો આ ચાર ઘટક મારફતે ક્યાંય પણ મકાન મેળવ્યું હોવાનું ધ્યાને આવશે, તો મકાનની ફાળવણી કોર્પોરેશન દ્વારા રદ કરવામાં આવશે.

# પોલીસ કોન્સ્ટેબલની પત્ની ગીતા રાજપુરોહિતના મોત મામલે કરણી સેના મેદાનમાં

## રાજસ્થાનથી મોટી સંખ્યામાં લોકો અમદાવાદ આવશે, કાલે રેલી યોજી પોલીસ કમિશનર કચેરી પહોંચશે

**અમદાવાદ, તા.11**



અમદાવાદના વાસણા વિસ્તારમાં 15 એપ્રિલના રોજ ગીતા રાજપુરોહિત નામની મહિલાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ મામલે વાસણા પોલીસે મૃતકના પતિ અને પોલીસ કોન્સ્ટેબલ અર્જુન પુરોહિત વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે, પરંતુ 20 દિવસ બાદ પણ આરોપીની ધરપકડ ન થતા મૃતકનો પિયર પક્ષ અને રાજસ્થાની સમાજના લોકો આક્રમક મૂડમાં છે. ન્યાયની માંગ સાથે આવતીકાલે મોટી સંખ્યામાં લોકો અને કરણી સેનાના સભ્યો પોલીસ કમિશનર કચેરી ખાતે રેલી સ્વરૂપે પહોંચશે. મૃતક ગીતાબેનના પરિવારજનોનો આક્ષેપ છે કે આ માત્ર આત્મહત્યાનો કિસ્સો નથી, પરંતુ સુનિયોજિત કાવતરું રચીને કરવામાં આવેલી હત્યા છે જેને આપઘાતમાં ખપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ શંકાને આધારે પરિવારજનો છેલ્લા 20 દિવસથી વાસણા પોલીસ સ્ટેશનની બહાર ધરણા અને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. મૃતકના પરિવારજનોની મુખ્ય માંગ છે કે, આરોપી પતિ સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાને બદલે હત્યાનો ગુનો દાખલ કરવામાં આવે. આરોપીની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને સ્થાનિક પોલીસને બદલે આ કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવે. પોલીસ તંત્ર દ્વારા માંગણીઓ ન સંતોષાતા હવે આ વિરોધ વધુ ઉગ્ર બન્યો છે. આવતીકાલે યોજાનારી રેલીમાં રાજસ્થાનથી પણ મોટી સંખ્યામાં લોકો અમદાવાદ આવશે. આ ન્યાયની લડતમાં કરણી સેનાએ પણ મૃતકના પરિવારને સમર્થન જાહેર કર્યું છે અને આરોપી પોલીસ કોન્સ્ટેબલ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. વાસણા પોલીસે હાલમાં માત્ર ગુનો નોંધીને તપાસ ચાલુ હોવાનું જણાવ્યું છે, પરંતુ આરોપી પોલીસ વિભાગમાં જ ફરજ બજાવતો હોવાથી પોલીસ તેને બચાવી રહી હોવાના આક્ષેપો સાથે પરિવાર હવે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા સજ્જ થયો છે. મૃતકના ભાઈ મહેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, 23 તારીખે FIR નોંધાઈ તો એમાં ઘણાં નામો હતા, જેમાં અમે 24 તારીખે મેં અને મારી બહેન ગીતાના કોલ રેકોર્ડ્સ પોલીસને આપ્યા. જેમાં બધી વસ્તુઓ, એના પરિવારના બીજા સાથીદારોના નામ હતા.

# માતાના ગર્ભમાં જ મૃત્યુ પામેલા બાળકના પરિવારને વળતર ચૂકવવા હુકમ, ગુજરાતમાં રેલવે ઈતિહાસનો પ્રથમ કેસ

**વડોદરા, તા.11**



સુરતના કીમ રેલવે સ્ટેશન પર માતાના ગર્ભમાં જ મોતને ભેટેલા બાળકના પરિવારને 8 લાખ રૂપિયાનું વળતર આપવાનો ચૂકાદો ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં રેલવેમાં અકસ્માતમાં ગર્ભમાં રહેલા બાળકના મૃત્યુ બાદ વળતર ચુકવવાનો આ પ્રથમ કિસ્સો છે. જેમાં કોર્ટે અનબોર્ન ચાઈલ્ડના પિતાને 8 લાખ રૂપિયા 9 ટકા વ્યાજ સાથે ચુકવવાનો આદેશ કર્યો છે. અગાઉ માતાના મૃત્યુ માટે રેલવે ટ્રિબ્યુનલે 8 લાખ રૂપિયા વળતર ચુકવવાનો આદેશ કર્યો હતો. જાણીતા વકીલ નીતિન કાપડેએ જણાવ્યું હતું કે, 14 એપ્રિલ-2018ના રોજ મૂળ મધ્યપ્રદેશના ઉષાબેન તેમના પતિ જયપ્રકાશ ઘસીટાલાલ અને તેમના 2 સંબંધીઓ સાથે સુરતના કીમ રેલવે સ્ટેશનથી કાનપુર જવા માટે નિકળ્યા હતા. જયપ્રકાશ ઘસીટાલાલના કાકાના દીકરાના લગ્ન માટે તેઓ કાનપુર જઈ રહ્યા હતા. આ સમયે કીમ રેલવે સ્ટેશન પર મેમુ ટ્રેનમાં ચડવા ગયા હતા અને તે સમયે દુર્ઘટના થતાં ઉષાબેનનું મોત થયું હતું.આ સમયે તેમના પેટમાં 9 માસનો ગર્ભ હતો, આ બાળક પણ માતાના પેટમાં જ કચડાઈને મૃત્યું પામ્યું હતું અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ પ્રસ્થાપિત થયું હતું. જેથી મૃતક મહિલાના પતિએ વેસ્ટર્ન રેલવે ટ્રીબ્યુનલે અમદાવાદમાં બે ક્લેઈમ કર્યાં હતા. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, રેલવે ટ્રીબ્યુનલે માત્ર તેમની પત્નીને 8 લાખનું વળતર આપવાનો આદેશ કર્યો હતો. જોકે, અનબોર્ન ચાઈલ્ડને વળતર ચુકવવામાં આવ્યું નહોતું. આ સમયે ગર્ભમાં જ મૃત્યું પામનાર બાળકને વળતર ન ચૂકવવા માટે એ કારણ આપ્યું હતું કે, અનબોર્ન ચાઈલ્ડ એ માણસમાં નથી આવતું.

# માધુપુરામાં અવિનાશ મસાલાના ગોડાઉન પર AMCનો દરોડો : 2500 કિલો હળદર અને 1400 કિલો ટુકડા કાજુનો જથ્થો જપ્ત

**અમદાવાદ, તા.11**



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે 8 મેના રોજ માધુપુરા વિસ્તારમાં આવેલા અવિનાશ મસાલાના ગોડાઉન પર દરોડો પાડી અંદાજે રૂા. 9.90 લાખની કિંમતનો શંકાસ્પદ હળદર અને કાજુનો જથ્થો જપ્ત કર્યો હતો. ફૂડ લેબોરેટરીના પરીક્ષણમાં હળદરના નમૂનામાં લોટની ભેળસેળ અને 84.8% જેટલું સ્ટાર્ચનું અસામાન્ય પ્રમાણ મળી આવતા તંત્ર દ્વારા FSSAI એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**લાઈસન્સ વગર ધમધમતા ગોડાઉનમાંથી જંગી જથ્થો જપ્ત**

ફૂડ વિભાગના અધિકારી ડો. તેજસ શાહના જણાવ્યા અનુસાર, માધુપુરામાં અરવિંદ ભુવન સામે આવેલા સુદામોમલ તનુમલના અવિનાશ મસાલા ગોડાઉનમાં તપાસ દરમિયાન વેપારી પાસે માન્ય FSSAI લાઈસન્સ ઉપલબ્ધ ન હોવાનું ખુલ્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન સ્થળ પરથી અંદાજે 2500 કિલો હળદર (કિંમત રૂા. 5 લાખ) અને અંદાજે 1400 કિલો ટુકડા કાજુ (કિંમ. રૂા. 4.90 લાખ) નો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો.

**લેબોરેટરી રિપોર્ટમાં ભયાનક ભેળસેળનો ખુલાસો**

જપ્ત કરાયેલા હળદરના જથ્થાને તપાસ અર્થે ફૂડ પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો, જેમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. શુદ્ધ સૂકી હળદરમાં કુદરતી રીતે 40%થી 60% સ્ટાર્ચ હોય છે, પરંતુ આ નમૂનામાં તે 84.8% નોંધાયું છે. હળદરના વજનમાં વધારો કરવા માટે તેમાં મોટા પાયે ઘઉંનો લોટ અને ચણાના લોટ (બેસન) નું મિશ્રણ કરવામાં આવ્યું હતું. લેબોરેટરીએ આ હળદરને ભેળસેળયુક્ત અને અત્યંત નબળી ગુણવત્તાવાળી જાહેર કરી છે. નોંધનીય છે કે જપ્ત કરાયેલા કાજુના નમૂનાનો રિપોર્ટ હાલ પેન્ડિંગ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાદ્ય ચીજવસ્તુઓની ચકાસણીની ઝુંબેશ તેજ કરવામાં આવી છે. લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા આ વેપારી સામે કડક કાનૂની પગલાં લેવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. જપ્ત કરાયેલા હળદરના જથ્થાને તપાસ અર્થે ફૂડ પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો, જેમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

# સુરતમાં આજે સીઝનનો સૌથી ગરમ દિવસ : 5 શહેરોમાં ગરમીનો પારો 44 ડિગ્રીને પાર પહોંચતા લોકો અકળાયા

**અમદાવાદ, તા.11**

ગુજરાતમાં આગામી ચાર દિવસ હિટવેવની આગાહી કરવામાં આવી છે.અમદાવાદ સહિતના અનેક શહેરોમાં તાપમાનનો પારો 45 ડિગ્રી પહોંચવાની આગાહી છે. હવામાન વિભાગ દ્વારા આજે પણ કચ્છ અને સુરેન્દ્રનગરમાં ઓરેન્જ એલર્ટ જ્યારે 12 શહેરોમાં યલો એલર્ટ જાહેર કરાયું હતું. આજે દિવસભર નોંધાયેલા મહત્તમ તાપમાનની વાત કરીએ તો, સુરેન્દ્રનગરમાં હાઈએસ્ટ 45.5 ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદ, ગાંધીનગર, કંડલા એરપોર્ટ, અમરેલી અને સુરેન્દ્રનગરમાં તાપમાનનો પારો 44 ડિગ્રી પાર પહોંચ્યો હતો. સુરતમાં આજે સિઝનનો સૌથી ગરમ દિવસ રહ્યો અને હિટવેવ અનુભવાઈ. સુરતમાં 42.2 ડિગ્રી તાપમાન નોંધાયું. જે સામાન્ય કરતા 6.8 ડિગ્રી નોંધાયું છે. હીટવેવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને 11થી 14 મે સુધી ખાસ ચેતવણી જારી કરવામાં આવી છે, જેમાં કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લા માટે આગામી ત્રણ દિવસનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે. આ સિવાય સૌરાષ્ટ્રના દ્વારકા, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, અમરેલી અને ગુજરાત પ્રદેશના બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, આણંદ, વડોદરા, સુરત અને અમદાવાદ જેવા વિસ્તારોમાં 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે. અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાનું અનુમાન છે. તાજેતરમાં કંડલા એરપોર્ટ પર સૌથી વધુ 45.2 ડિગ્રી અને સુરેન્દ્રનગરમાં 45 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ઘણું વધારે છે. સુરત, પોરબંદર, કેશોદ અને કંડલા જેવા સ્થળોએ અત્યારે હીટવેવની સ્થિતિ યથાવત છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, 11થી 17 મે દરમિયાન સમગ્ર ગુજરાતમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહેવાની શક્યતા છે. આગામી ચાર દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં, પરંતુ ત્યારબાદ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. હીટવેવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને 11થી 14 મે સુધી ખાસ ચેતવણી જારી કરવામાં આવી છે, જેમાં કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લા માટે આગામી ત્રણ દિવસનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે. આ સિવાય સૌરાષ્ટ્રના દ્વારકા, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, અમરેલી અને ગુજરાત પ્રદેશના બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, આણંદ, વડોદરા, સુરત અને અમદાવાદ જેવા વિસ્તારોમાં 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે.

# મેડિકલ એજન્સીના ગોડાઉનમાં લાગેલી આગ કાબૂમાં : કારણ જાણવા FSLની મદદ લેવાશે

**અમદાવાદ, તા.11**




અમદાવાદ શહેરના જોધપુર વિસ્તારમાં બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે આવેલા પારસ મેડિકલ એજન્સીના ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી. જાણ કરવામાં આવતાં ફાયર બ્રિગેડની ચાર ગાડીઓ અધિકારીઓ સાથે સ્થળ પર પહોંચી હતી. મેડિકલ સાધનો અને દવાઓનું ગોડાઉન હોવાના કારણે આગ વધારે ફેલાઈ હતી અને ધુમાડો થયો હતો. ધુમાડો બહાર નીકાળવા ફાયર બ્રિગેડે બારીના કાચ તોડવા પડ્યા હતા અને ઉપરની દિવાલ તોડી ધુમાડાને બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી હતી. મેડિકલ એજન્સીનું ગોડાઉન ધરાવનારા માલિકને આગ લાગવા બાબતે પૂછતા તેઓએ મીડિયા કર્મીઓ સાથે ગેરવર્તણૂક કરી હતી. ફાયર બ્રિગેડની ટીમને ધુમાડો બહાર કાઢવા માટે ખૂબ મહેનત કરવી પડી હતી. આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી ગઈ હતી, પરંતુ ધુમાડો બહાર નીકળી શક્યો નહોતો જેના કારણે થઈને વાર લાગી હતી. ડિવિઝનલ ફાયર ઓફિસર એસ.બી.જાડેજાએ જણાવ્યું હતું કે ફાયરબ્રિગેડના મુખ્ય કન્ટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે જોધપુર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે આવેલા મેડિકલ ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની છે. આગે ખૂબ જ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. પ્રહલાદનગર અને બોડકદેવ ફાયર સ્ટેશનની ટીમ ઘટનાસ્થળ પર પહોંચી હતી. નીચેના ભાગે આવેલી ફાર્માસ્યુટિકલ એજન્સીમાંથી પણ માણસો બહાર નીકળી ગયા હતા. જો કોમર્શિયલ પ્રકારનું હોય તો ગોડાઉનની ફાયર એનઓસી લેવી પડે જેના માટે થઈ એસ્ટેટ વિભાગ અને પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે.

# વસ્તી ગણતરીની કામગીરીમાં આચાર્યોના ઓર્ડર મુદ્દે વિવાદ : DEO અને આચાર્ય સંઘે ઓર્ડર રદ કરવા એડિશનલ સિટી સેન્સસ ઓફિસરને પત્ર લખ્યો

**અમદાવાદ, તા.11**




આગામી સમયમાં રાજ્યભરમાં શરૂ થનારી વસ્તી ગણતરીની કામગીરી માટે શિક્ષકો અને આચાર્યોને જવાબદારી સોંપવામાં આવી છે. જોકે, અમદાવાદ શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોને આ કામગીરી સોંપાતા વિવાદ સર્જાયો છે. આચાર્ય સંઘ બાદ હવે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ (DEO) પણ આ ઓર્ડર રદ કરવા માટે એડિશનલ સિટી સેન્સસ ઓફિસરને પત્ર લખી રજૂઆત કરી છે. અમદાવાદ શહેર આચાર્ય સંઘ દ્વારા કરવામાં આવેલી રજૂઆત મુજબ, શાળામાં માત્ર એક જ આચાર્ય હોય છે. અત્યારે શાળાઓમાં પ્રવેશ પ્રક્રિયા (Admission), વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરવા અથવા બોર્ડના પરિણામોની ચકાસણી જેવી મહત્વની કામગીરીઓ ચાલતી હોય છે. જો આચાર્ય વસ્તી ગણતરીની કામગીરીમાં જોડાય, તો શાળાના વહીવટી કામો અને વિદ્યાર્થીઓના ભવિષ્યને લગતી પ્રક્રિયાઓ પર માઠી અસર પડી શકે છે. આ કારણોસર આચાર્યોને આ વધારાની કામગીરીમાંથી મુક્ત કરવા માંગ ઉઠી છે. બીજી તરફ, શાળાઓમાં અત્યારે ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટેની ઝુંબેશ ચાલી રહી છે, જેની સીધી જવાબદારી આચાર્યોના શિરે છે. આ ઉપરાંત ગુજરાત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ જેવી કે 'નમો લક્ષ્મી', 'નમો સરસ્વતી' અને 'જ્ઞાન સાધના' અંતર્ગત વિદ્યાર્થીઓને મળનારા લાભોની કામગીરી પણ આચાર્યની સૂચના હેઠળ જ થતી હોય છે. શાળાઓમાં પૂરતા પ્રમાણમાં કારકુન (ક્લાર્ક) ન હોવાથી મોટાભાગની વહીવટી જવાબદારીઓ પણ આચાર્ય જ નિભાવતા હોય છે. શૈક્ષણિક કાર્ય અને સરકારી યોજનાઓના અમલીકરણમાં કોઈ અડચણ ન આવે તે હેતુથી અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ પણ આ મામલે હસ્તક્ષેપ કર્યો છે. તેમણે પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે પ્રવેશ પ્રક્રિયા અને ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવાની કામગીરી અત્યંત મહત્વની છે. આ સંજોગોમાં આચાર્યોને વસ્તી ગણતરીની કામગીરી સોંપવા માટે કરવામાં આવેલા ઓર્ડર રદ કરવા જોઈએ. હવે જોવાનું એ રહેશે કે તંત્ર દ્વારા આ રજૂઆતને ધ્યાને લઈ ઓર્ડરમાં ફેરફાર કરવામાં આવે છે કે નહીં.

# સુરતના વૃદ્ધને 28 દિવસ 'ડિજિટલ એરેસ્ટ' કરીને 1.47 કરોડ પડાવ્યા : નકલી CBI ઓફિસર બનીને ડરાવ્યા

**સુરત, તા.11**



સુરતના એક 72 વર્ષીય સિનિયર સિટીઝનને નિશાન બનાવીને 'ડિજિટલ એરેસ્ટ' કરી રૂ. 1.47 કરોડથી વધુની રકમ પડાવી લેવાનું કૌભાંડ સામે આવ્યું છે. સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે આ મામલે ટેકનિકલ સર્વેલન્સના આધારે અમદાવાદથી મુખ્ય આરોપી ઉર્જિત કવિની ધરપકડ કરી છે. આરોપીએ વૃદ્ધને મની લોન્ડરિંગના ખોટા કેસમાં ફસાવી 28 દિવસ સુધી માનસિક દબાણમાં રાખી આખી ઘટનાને અંજામ આપ્યો હતો. આ ગુનામાં સાયબર માફિયાઓએ પીડિતને ડરાવવા માટે પ્રી-પ્લાન્ડ સ્ક્રિપ્ટનો ઉપયોગ કર્યો હતો. આરોપીઓએ ફરિયાદીને ફોન કરી પોતે મુંબઈ સાયબર ક્રાઈમ અને CBI ઓફિસર હોવાની ઓળખ આપી હતી. આરોપીએ વૃદ્ધને એવું કહીને ડરાવ્યા હતા કે,'તમારા આધાર નંબર પરથી એક સીમકાર્ડ લેવામાં આવ્યું છે, જેનો ઉપયોગ જેટ એરવેઝના નરેશ ગોયલના મની લોન્ડરિંગ કેસમાં થયો છે.' એટલું જ નહીં, આ સીમકાર્ડથી દેશવિરોધી મેસેજ પણ મોકલવામાં આવ્યા હોવાનું કહીને તેમને સતત વીડિયો કોલ પર નજર હેઠળ રાખીને'ડિજિટલ એરેસ્ટ' કર્યા હતાં. સુરત DCP બિશાખા જૈને જણાવ્યું કે, આરોપીઓએ ફરિયાદીને 28 દિવસ સુધી ડિજિટલ નજરકેદમાં રાખ્યા હતા. આ દરમિયાન ફરિયાદીના વોટ્સએપ પર મુંબઈ પોલીસ અને ક્રાઈમ બ્રાંચના બનાવટી લેટર્સ મોકલવામાં આવ્યા હતાં. આરોપીઓએ જણાવ્યું હતું કે જો તમારે ધરપકડથી બચવું હોય તો તમારા તમામ બેંક એકાઉન્ટ્સ અને પોર્ટફોલિયો લિક્વિડેટ કરી RBIમાં એન્ટ્રી વેરીફાઈ કરાવવી પડશે. સુરત સાયબર ક્રાઈમની ટીમે બેંક ટ્રાન્ઝેક્શન અને લોકેશન ટ્રેસ કરીને અમદાવાદના ગોતા વિસ્તારમાં આવેલા 'સેવી સ્વરાજ-1' ફ્લેટમાં દરોડો પાડ્યો હતો. અહીંથી 37 વર્ષીય ઉર્જિત સચ્ચિત આનંદ કવિની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ઉર્જિત હાલ બેકાર છે પરંતુ તેના બેંક એકાઉન્ટનો ઉપયોગ સાયબર ફ્રોડના પૈસા મેળવવા માટે થતો હતો. ફરિયાદીના રૂ. 1.47 કરોડમાંથી રૂ. 39 લાખ સીધા જ ઉર્જિતના અમદાવાદના ICICI બેંકના ખાતામાં ટ્રાન્સફર થયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# નેતન્યાહૂએ કહ્યું- ઈરાનના નવા સુપ્રીમ લીડર જીવતા છે : બંકરમાં છુપાયેલા, સત્તા પર પિતા ખામેની જેવી પકડ નથી, જનતાના વિદ્રોહનો ડર સતાવી રહ્યો છે

**તેલ અવીવ તા.11**

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ દાવો કર્યો છે કે ઈરાનના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેની જીવંત છે, પરંતુ સત્તા પર તેમની પકડ તેમના પિતા અલી ખામેની જેટલી મજબૂત નથી. CBS ન્યૂઝના શો '60 મિનિટ્સ'ને આપેલા ઈન્ટરવ્યુમાં નેતન્યાહુએ કહ્યું કે મોજતબા કોઈ બંકર કે ગુપ્ત જગ્યાએ છુપાયેલા છે અને ત્યાંથી સત્તા સંભાળવાનો પ્રયાસ કરી રહ્યા છે. નેતન્યાહુએ કહ્યું કે ઈરાન હાલમાં 1979ની ઈસ્લામિક ક્રાંતિ પછીના સૌથી નબળા તબક્કામાં છે. તેમના મતે, શાસન અંદર તિરાડો વધી રહી છે અને જુદા જુદા જૂથોમાં મતભેદો સામે આવી રહ્યા છે. તેમણે કહ્યું કે કેટલાક લોકો સંઘર્ષ ચાલુ રાખવા માગે છે, જ્યારે અન્ય લોકોને ડર છે કે તેનાથી અર્થતંત્ર તૂટી જશે અને જનતા રસ્તાઓ પર ઉતરી શકે છે.

નેતન્યાહુએ કહ્યું કે ઈરાની શાસનને સૌથી વધુ ડર પોતાની જ જનતાથી છે. તેમણે દાવો કર્યો કે ઈઝરાયલ અને અમેરિકાની કાર્યવાહી પછી ઈરાનમાં વિરોધ પ્રદર્શનો વધ્યા અને લોકોએ શાસન વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો.



નેતન્યાહૂએ કહ્યું- ઈરાનની અર્થવ્યવસ્થા અને સૈન્ય તાકાતને નુકસાન પહોંચાડ્યું

નેતન્યાહૂએ કહ્યું કે ઈરાન વિરુદ્ધ તાજેતરની કાર્યવાહીમાં પેટ્રોકેમિકલ પ્લાન્ટ, સ્ટીલ પ્લાન્ટ અને મિસાઈલ નિર્માણ સાથે સંકળાયેલા અનેક ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા. તેમના મતે, આનાથી ઈરાનની અર્થવ્યવસ્થા અને સૈન્ય તાકાત બંનેને નુકસાન પહોંચ્યું છે. ઈન્ટરવ્યુમાં નેતન્યાહૂએ કહ્યું કે ઈરાન વિરુદ્ધની લડાઈ હજુ પૂરી થઈ નથી. તેમના મતે, ઈરાન પાસે હજુ પણ એનરિચ્ડ યુરેનિયમ ઉપલબ્ધ છે, ઘણા પરમાણુ કેન્દ્રો સક્રિય છે અને બેલિસ્ટિક મિસાઈલ પ્રોગ્રામ સંપૂર્ણપણે ખતમ થયો નથી. નેતન્યાહૂએ કહ્યું કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલ આ વાત પર સહમત છે કે જો જરૂર પડી તો ફરીથી સૈન્ય કાર્યવાહી કરી શકાય છે. જોકે, તેમણે એ પણ કહ્યું કે જો આર્થિક દબાણ અને સમજૂતીથી લક્ષ્ય હાંસલ થઈ જાય તો સૈન્ય કાર્યવાહી જરૂરી નહીં હોય.

નેતન્યાહૂનો દાવો- હુમલો ન કરતા તો ઈરાન એક-બે મહિનામાં પરમાણુ બનાવી લેત

ઈન્ટરવ્યુમાં નેતન્યાહૂએ દાવો કર્યો કે જો ઈઝરાયલ અને અમેરિકાએ તાજેતરમાં કાર્યવાહી ન કરી હોત, તો ઈરાન એક-બે મહિનામાં પરમાણુ બોમ્બ બનાવી શકત. તેમણે કહ્યું કે ઈરાન લાંબા સમયથી પરમાણુ હથિયારો અને લાંબા અંતરની મિસાઈલો વિકસાવવાનો પ્રયાસ કરી રહ્યું હતું. નેતન્યાહૂએ કહ્યું કે ઈરાન એવો દેશ છે, જે ખુલ્લેઆમ અમેરિકા અને ઈઝરાયલના વિનાશની વાત કરે છે. તેમના મતે, ઈરાનની મિસાઈલ ક્ષમતા ભવિષ્યમાં અમેરિકા સુધી હુમલો કરવાની સ્થિતિમાં પહોંચી શકતી હતી. આ દરમિયાન નેતન્યાહૂએ એમ પણ કહ્યું કે ઈરાની શાસનનું નબળું પડવું હિઝબુલ્લાહ, હમાસ અને હુતી જેવા સંગઠનોને પણ અસર કરશે. તેમના મતે, આ બધા સંગઠનો ઈરાનના સમર્થન પર ટકેલા છે અને જો તેહરાન નબળું પડશે તો તેમની તાકાત પણ ઘટશે. તેમણે દાવો કર્યો કે યુદ્ધ પહેલા હિઝબુલ્લાહ પાસે લગભગ દોઢ લાખ મિસાઈલો અને રોકેટ હતા. ઈઝરાયલે તેમાંથી 90% થી વધુ નષ્ટ કરી દીધા છે, પરંતુ ખતરો હજુ પણ સંપૂર્ણપણે સમાપ્ત થયો નથી.

ઈરાનની અર્થવ્યવસ્થા અને સૈન્ય તાકાત બંનેને નુકસાન થયું

સોશિયલ મીડિયા અને અમેરિકામાં ઈઝરાયલની છબી અંગે પૂછવામાં આવેલા સવાલ પર નેતન્યાહૂએ કહ્યું કે ઘણી વિદેશી શક્તિઓ બોટ ફાર્મ અને નકલી એકાઉન્ટ્સ દ્વારા ઈઝરાયલ વિરોધી માહોલ બનાવી રહી છે. તેમણે કહ્યું કે તેની અસર ખાસ કરીને યુવા અમેરિકનો પર પડી છે. નેતન્યાહૂએ એમ પણ કહ્યું કે ઈઝરાયલ આવનારા વર્ષોમાં અમેરિકી સૈન્ય આર્થિક મદદને ધીમે ધીમે સમાપ્ત કરવા માંગે છે. તેમના મતે, ઈઝરાયલ હવે મદદ લેનાર દેશને બદલે અમેરિકાનો સમાન ભાગીદાર બનવા માંગે છે. તેમણે કહ્યું કે આગામી 10 વર્ષમાં અમેરિકી સૈન્ય સહાયતાને શૂન્ય સુધી લાવવાની યોજના બનાવી શકાય છે. સાથે જ ઈઝરાયલ ગુપ્ત માહિતી, ટેકનોલોજી અને મિસાઈલ ડિફેન્સ જેવા ક્ષેત્રોમાં અમેરિકા સાથે ભાગીદારી વધારવા માંગે છે.

# જે જહાજ પર હંટા વાયરસ ફેલાયો તેમાં 2 ભારતીયો પણ : અત્યાર સુધીમાં 3ના મોત

**પ્રાયા, તા.11**

એટલાન્ટિક મહાસાગરમાં ક્રુઝ શિપ MV હોન્ડિયસ પર 2 ભારતીય નાગરિકો પણ છે. આ તે જ ક્રુઝ શિપ છે, જેના પર હંટા વાયરસ ફેલાયો છે. બીબીસી અનુસાર, અત્યાર સુધી જહાજ પર હંટા વાયરસ સંક્રમણના પાંચ કેસોની પુષ્ટિ થઈ છે અને ત્રણ લોકોના મોત થયા છે. જ્યારે, નેધરલેન્ડના લીડેન યુનિવર્સિટી મેડિકલ સેન્ટરમાં દાખલ હંટા વાયરસ દર્દીની સારવાર કરી રહેલા ડોક્ટર કરિન એલેન વેલ્ડકેમ્પે કહ્યું છે કે આ વાયરસ કોરોના જેવો નથી. તેમણે AFP સાથેની વાતચીતમાં કહ્યું કે હંટાવાયરસનું માણસથી માણસમાં ફેલાવું સરળ નથી. ડોક્ટરના મતે, તેનું સંક્રમણ કોરોનાની સરખામણીમાં ઘણું મુશ્કેલ છે. ડચ ધ્વજવાળું આ જહાજ સ્પેન જઈ રહ્યું છે. આ 10 મે સુધીમાં સ્પેનના કેનેરી ટાપુ સુધી પહોંચી શકે છે, જ્યાં જહાજ પર હાજર તમામ મુસાફરોની તપાસ કરવામાં આવશે. WHO એ કહ્યું કે ઘટના ગંભીર છે, પરંતુ હાલમાં સામાન્ય લોકો માટે ખતરો ઓછો માનવામાં આવી રહ્યો છે. ડોક્ટર કરિન એલેન વેલ્ડકેમ્પે જણાવ્યું કે, આવા કિસ્સાઓમાં સંક્રમિત દર્દીઓને અલગ આઈસોલેશન રૂમમાં રાખવામાં આવે છે. તેમની સંભાળ સારી રીતે તાલીમ પામેલા સ્ટાફ દ્વારા કરવામાં આવે છે અને રોગ નિયંત્રણના કડક



નિયમોનું પાલન કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે દર્દીઓને ત્યાં સુધી આઈસોલેશનમાં રાખવામાં આવે છે જ્યાં સુધી તેમનામાં લક્ષણો દેખાય છે. સ્થિતિ સુધર્યા પછી તેમનો ટેસ્ટ કરવામાં આવે છે. જો રિપોર્ટ નેગેટિવ આવે છે, તો આઈસોલેશન હટાવી શકાય છે. ડોક્ટરના મતે, હજુ એ સ્પષ્ટ નથી કે કોઈ વ્યક્તિ કેટલા સમય સુધી વાયરસને પોતાના શરીરમાં રાખી શકે છે. WHO પ્રમુખે જણાવ્યું કે હંટા વાયરસનો ઈન્ક્યુબેશન પિરિયડ છ અઠવાડિયા સુધીનો હોઈ શકે છે. તેથી, ભવિષ્યમાં પણ નવા કેસ સામે આવવાની શક્યતા રહેલી છે.

WHO એ સેન્ટ હેલેનામાં ઉતરનારા મુસાફરોને કારણે 12 દેશોને એલર્ટ મોકલ્યું છે. આમાં બ્રિટન, અમેરિકા, કેનેડા, જર્મની અને સિંગાપોરનો સમાવેશ થાય છે. WHO મુજબ ત્રણેય મૃત્યુના કેસોમાં એન્ડીઝ સ્ટ્રેનનો શક છે, જે મનુષ્યો વચ્ચે પણ ફેલાઈ શકે છે. એન્ડીઝ સ્ટ્રેન, હંટા વાયરસનો જ એક પ્રકાર છે, જે મુખ્યત્વે દક્ષિણ અમેરિકા (આર્જેન્ટિના અને ચિલી) માં જોવા મળે છે. WHO એ જણાવ્યું કે એન્ડીઝ સ્ટ્રેન બાકીના હંટા વાયરસથી અલગ છે. આ સંક્રમિત ઉંદરો અથવા તેમના મળ-મૂત્રથી તો ફેલાય જ છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં માણસથી માણસમાં પણ ફેલાઈ શકે છે. જોકે આ સંક્રમણ કોરોના જેટલી ઝડપથી ફેલાતું નથી. તપાસમાં જાણવા મળ્યું છે કે પહેલા બે પીડિતો જહાજ પર ચઢતા પહેલા ચિલી, આર્જેન્ટિના અને ઉરુગ્વેમાં બર્ડ વોચિંગ ટ્રિપ પર ગયા હતા. WHO અનુસાર, આ વિસ્તારોમાં વાયરસ ફેલાવતા ખાસ પ્રકારના ઉંદરો જોવા મળે છે. આર્જેન્ટિનાની એજન્સીઓ હવે આ દંપતીની મુસાફરીનો પત્તો લગાવી રહી છે.

# ઈરાને સમુદ્રમાં 3000 બેરલ ઓઈલ વહાવી દીધું : ઓઈલ સ્ટોર કરવાની જગ્યા ઓછી પડી

**નવી દિલ્હી, તા.11**

પર્શિયન ગલ્ફમાં ઈરાનના ખાર્ગ આઈલેન્ડ નજીક દરિયામાં ઓઈલ જોવા મળ્યું. સેટેલાઈટ તસવીરોમાં સમુદ્રમાં ફેલાયેલું તેલ સ્પષ્ટ દેખાય છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલો અનુસાર, આ ઓઈલનું વહેવું એ અમેરિકી પ્રતિબંધો અને હોર્મુઝમાં વધેલા તણાવને કારણે હોઈ શકે છે.



ઓર્બિટલ EOS નામની સંસ્થા અનુસાર, સમુદ્રમાં તેલ લગભગ 51 ચોરસ માઈલથી વધુ વિસ્તારમાં ફેલાઈ ગયું છે. અંદાજ છે કે 3,000 બેરલથી વધુ ઓઈલ પાણીમાં વહી ગયું છે. અહેવાલોમાં જણાવાયું છે કે અમેરિકી પ્રતિબંધો અને નૌકાદળના દબાણને કારણે ઈરાનની ઓઈલ નિકાસ પર અસર પડી છે. ઘણા તેલ ટેન્કરો ફસાયેલા છે અને દેશ પાસે ઓઈલ સંગ્રહ કરવાની જગ્યા ઓછી પડી રહી છે.

આ જ કારણસર એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે વધારાનું ઓઈલ સમુદ્રમાં છોડવામાં આવી રહ્યું છે. હેમ્બર્ગ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજીના પ્રોફેસર નીમા શોકરીએ જણાવ્યું કે તેલના કુવાઓને અચાનક બંધ કરવા સરળ નથી હોતા, કારણ કે તેનાથી પાઈપલાઈન જામ થઈ શકે છે અથવા તેલ ભંડારને નુકસાન પહોંચી શકે છે. તેમણે કહ્યું, 'ઓઈલના કુવાઓ એવી મશીનો નથી જેને જ્યારે ઈચ્છો ત્યારે બંધ અને ચાલુ કરી શકાય.'

કેટલાક નિષ્ણાતોનું કહેવું છે કે ખાર્ગ આઈલેન્ડ નજીક જૂની પાઈપલાઈનમાં લીકેજ પણ તેનું કારણ હોઈ શકે છે. આ ઓઈલ ધીમે ધીમે સાઉદી અરેબિયાના દરિયાઈ વિસ્તાર તરફ આગળ વધી રહ્યું છે, જેનાથી પર્યાવરણને નુકસાન થવાનો ખતરો પણ વધી ગયો છે.

બીજી તરફ, ઈરાને તેલ લીકેજના સમાચારોને નકારી કાઢ્યા છે. સરકારી મીડિયા અનુસાર, ઈરાન ઓઈલ ટર્મિનલ્સ કંપનીએ જણાવ્યું કે તપાસમાં ક્યાંય પણ ઓઈલ લીકેજના પુરાવા મળ્યા નથી.

# ટ્રમ્પે યુદ્ધ રોકવા માટે ઈરાનનો પ્રસ્તાવ ફગાવ્યો : કહ્યું- મને ના ગમ્યો; અમેરિકાએ એનરિચ્ડ યુરેનિયમ સોંપવાની શરત મૂકી

**તેલ અવીવ, તા.11**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના નવા શાંતિ પ્રસ્તાવને ફગાવી દીધો છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું, 'મેં ઈરાનના પ્રતિનિધિઓનો જવાબ વાંચ્યો. મને તે બિલકુલ ના ગમ્યો. તેને સ્વીકારી શકાય નહીં.' આ પહેલા પણ ટ્રમ્પે ઈરાન પર રમત રમવાનો આરોપ લગાવ્યો હતો. ઈરાની સરકારી મીડિયા અનુસાર, તેહરાને રવિવારે પાકિસ્તાન દ્વારા અમેરિકાને પોતાનો નવો પ્રસ્તાવ મોકલ્યો. રિપોર્ટ અનુસાર, પ્રસ્તાવમાં યુદ્ધ સમાપ્ત કરવા, ફારસની ખાડી અને હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા, પ્રતિબંધો હટાવવા અને પરમાણુ કાર્યક્રમ પર વાતચીત કરવાની વાત કહેવામાં આવી હતી. અમેરિકાએ આ અઠવાડિયે ઈરાનને 14 મુદ્દાનો પ્રસ્તાવ મોકલ્યો હતો.



આ અંતર્ગત ઈરાનને ઓછામાં ઓછા 12 વર્ષ સુધી યુરેનિયમ સંવર્ધન રોકવું પડશે અને પોતાની પાસે રહેલું લગભગ 440 કિલો 60% એનરિચ્ડ યુરેનિયમ અમેરિકાને સોંપવું પડશે. તેના બદલામાં અમેરિકા પ્રતિબંધોમાં ઢીલ આપશે, ઈરાનની ફ્રીઝ કરાયેલી અબજો ડોલરની સંપત્તિઓ છોડશે, સાથે જ ઈરાની બંદરો પર લાગેલી નૌકાદળની નાકાબંધી હટાવશે. રિપોર્ટ્સ અનુસાર ઈરાન તેના પરમાણુ કાર્યક્રમ અને હાઈલી એનરિચ્ડ યુરેનિયમ પર સંપૂર્ણપણે સમાધાન કરવા તૈયાર નથી. ઈરાની અધિકારીઓનું કહેવું છે કે તેમનો જવાબ સકારાત્મક અને વ્યવહારુ છે અને હવે નિર્ણય અમેરિકાએ કરવાનો છે. બંને દેશોએ 8 એપ્રિલથી લાગુ થયેલ યુદ્ધવિરામ સમાપ્ત થવાની જાહેરાત કરી નથી.

છેલ્લા 24 કલાકના 5 મોટા અપડેટ્સ

1. તેલની કિંમતોમાં મોટો ઉછાળો: અમેરિકાએ ઈરાનનો પ્રસ્તાવ ઠુકરાવ્યા બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ 104 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગયું. હોર્મુઝ સંકટના કારણે સપ્લાય પ્રભાવિત થવાની આશંકા વધી.

2. લેબનોનમાં ઈઝરાયલી હુમલા તેજ બન્યા, મેડિકલ કર્મચારીઓ પણ નિશાન પર: દક્ષિણ લેબનોનમાં ઈઝરાયલના હુમલામાં 39 લોકોના મોત થયા. સંયુક્ત રાષ્ટ્ર અનુસાર, 2 માર્ચથી અત્યાર સુધીમાં 103 મેડિકલ કર્મચારીઓ માર્યા ગયા છે. ડોકટરોએ આરોપ લગાવ્યો કે ઈઝરાયલ ગાઝા જેવી રણનીતિ અપનાવી રહ્યું છે.

3. હોર્મુઝમાં તણાવ વધ્યો, જહાજોની અવરજવર પ્રભાવિત: અમેરિકાએ દાવો કર્યો કે નાકાબંધી પછી 65 જહાજોએ રસ્તો બદલ્યો. જ્યારે કતાર, દક્ષિણ કોરિયા અને અન્ય દેશોના જહાજો પર હુમલા અને અવરોધની ઘટનાઓ સામે આવી.

4. ઈરાને કહ્યું - હોર્મુઝમાં દખલગીરી કરી તો જવાબ આપીશું: ઈરાને ચેતવણી આપી કે જો અમેરિકા, ફ્રાન્સ કે બ્રિટને હોર્મુઝ સ્ટ્રેટમાં સૈન્ય દખલગીરી વધારી તો કડક જવાબ આપવામાં આવશે. ઈરાને અમેરિકી પ્રતિબંધોનું પાલન કરતા દેશોને પણ હોર્મુઝમાં મુશ્કેલીની ચેતવણી આપી.

# કિમ જોંગની હત્યા થશે તો નોર્થ-કોરિયા પરમાણુ હુમલો કરશે : બંધારણમાં નવી જોગવાઈ ઉમેરવામાં આવી

## ઉત્તર કોરિયાની 15મી સુપ્રીમ પીપલ્સ એસેમ્બલી (સંસદીય સત્ર) દરમિયાન દેશના બંધારણમાં ફેરફાર કરવામાં આવ્યો

**પ્યોંગયાંગ તા.11**

ઉત્તર કોરિયાએ તેના બંધારણ અને પરમાણુ નીતિમાં મોટો ફેરફાર કરીને નવી જોગવાઈ ઉમેરી છે. હવે જો દેશના સુપ્રીમ લીડર કિમ જોંગ-ઉન (Kim Jong-un)ની હત્યા થાય છે અથવા કોઈ વિદેશી હુમલા દરમિયાન તેઓ નેતૃત્વ કરવાની સ્થિતિમાં ન હોય, તો ઉત્તર કોરિયા તરત જ પરમાણુ હુમલો કરશે. બ્રિટિશ અખબાર ધ ટેલિગ્રાફના અહેવાલ મુજબ, આ ફેરફાર માર્ચમાં તેહરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓ પછી કરવામાં આવ્યો હતો. આ હુમલાઓમાં ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેની અને ઘણા વરિષ્ઠ ઈરાની અધિકારીઓના મોત થયા હતા. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સી અનુસાર, આ હુમલાઓએ પ્યોંગયાંગને વિચારવા મજબૂર કર્યા અને ઉત્તર કોરિયાને ડર સતાવવા લાગ્યો કે ભવિષ્યમાં આવો 'ડિકેપિટેશન સ્ટ્રાઈક' એટલે કે ટોચના નેતૃત્વને ખતમ કરતો હુમલો તેની વિરુદ્ધ પણ થઈ શકે છે. આ નવી જોગવાઈ 22 માર્ચે પ્યોંગયાંગમાં શરૂ થયેલા 15મી સુપ્રીમ પીપલ્સ એસેમ્બલીના પ્રથમ સત્ર દરમિયાન અપનાવવામાં આવી હતી. બાદમાં દક્ષિણ કોરિયાની નેશનલ ઈન્ટેલિજન્સ સર્વિસે વરિષ્ઠ સરકારી અધિકારીઓને આ ફેરફાર વિશે જાણ કરી.

શા માટે ઉત્તર કોરિયાની પરમાણુ નીતિ બદલવામાં આવી?

ડિફેન્સ એક્સપર્ટ્સનું માનવું છે કે ઈરાન પર થયેલા હુમલાઓએ ઉત્તર કોરિયાના નેતૃત્વને હચમચાવી દીધું. હુમલાઓની ઝડપ અને સચોટતા જોઈને પ્યોંગયાંગને લાગ્યું કે વિદેશી શક્તિઓ કિમ જોંગ-ઉન અને ઉત્તર કોરિયન મિલિટરી નેતૃત્વ વિરુદ્ધ પણ આ જ પ્રકારનું ઓપરેશન કરી શકે છે. સિઓલ સ્થિત કૂકમિન યુનિવર્સિટીમાં ઈતિહાસ અને આંતરરાષ્ટ્રીય સંબંધોના પ્રોફેસર આન્દ્રેઈ લાંકોવે મીડિયાને જણાવ્યું કે ઈરાન પર થયેલું ઓપરેશન ઉત્તર કોરિયા માટે એક મોટો ચેતવણી સંકેત બની ગયું. લાંકોવે કહ્યું કે ઈરાન એક વેક-અપ કોલ હતો. ઉત્તર કોરિયાએ જોયું કે અમેરિકા અને ઈઝરાયેલના ડિકેપિટેશન હુમલા કેટલા અસરકારક હતા, જેમણે તરત જ ઈરાની નેતૃત્વના મોટા ભાગને ખતમ કરી દીધું. હવે ઉત્તર કોરિયા ખૂબ જ ડરી ગયું હશે. તેમણે એમ પણ કહ્યું કે શક્ય છે કે આવી નીતિ પહેલા અનૌપચારિક રીતે અસ્તિત્વમાં હોય, પરંતુ હવે તેને બંધારણનો ભાગ બનાવી દેવામાં આવી છે, તેથી તેનું મહત્વ વધી ગયું છે.

ઉત્તર કોરિયામાં હુમલો કરવો મુશ્કેલ

નિષ્ણાતોના મતે, ઈરાનની સરખામણીમાં ઉત્તર કોરિયામાં આવો હુમલો કરવો ઘણો મુશ્કેલ હશે.

# પાકિસ્તાનમાં પોલીસ ચોકી પર આત્મઘાતી હુમલો : 15 પોલીસ કર્મચારીનાં મોતની શંકા; અનેક ઘાયલ

**પાકિસ્તાન, તા.11**

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં આતંકવાદીઓએ પોલીસ ચોકી પર મોટો હુમલો કર્યો. આત્મઘાતી વિસ્ફોટ અને ફાયરિંગમાં ઓછામાં ઓછા 15 સુરક્ષાકર્મીઓના મોત થયા, જ્યારે અન્ય ઘણા ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, હુમલો ઉત્તર-પશ્ચિમ જિલ્લા બન્નૂમાં થયો. વિસ્ફોટકો ભરેલી એક ગાડી પોલીસ પોસ્ટ તરફ આગળ વધી રહી હતી. સુરક્ષા દળોએ વાહન પર ફાયરિંગ કર્યું, જેના પછી જોરદાર ધમાકો થયો.

ધમાકાને કારણે આસપાસના ઘણા ઘરોની છત તૂટી પડી. પોલીસ પોસ્ટની ઈમારત પણ સંપૂર્ણપણે તબાહ થઈ ગઈ અને ઘણા સુરક્ષાકર્મીઓ કાટમાળ નીચે દબાઈ ગયા. પોલીસે જણાવ્યું કે વિસ્ફોટના તરત જ પછી મોટી સંખ્યામાં આતંકવાદીઓએ પોલીસ ચોકી પર હુમલો કર્યો, જેના પછી બંને તરફથી ભારે ગોળીબાર થયો.

બન્નૂ પોલીસના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, હુમલામાં 15 સુરક્ષાકર્મીઓના મોત થયા છે અને અન્ય ઘણા ઘાયલ છે. હજુ એ સ્પષ્ટ નથી કે કેટલા આતંકવાદીઓ માર્યા ગયા કે પકડાયા છે.

ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી મોહમ્મદ સોહેલ આફ્રિદીએ હુમલાની નિંદા કરતા તેને કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવ્યું. તેમણે ઘાયલોને વધુ સારી સારવાર આપવાના નિર્દેશ આપ્યા છે. ગયા અઠવાડિયે પણ દક્ષિણ વઝીરિસ્તાનમાં સુરક્ષા દળોએ વિસ્ફોટકો ભરેલી ગાડી લઈને ચેકપોસ્ટ તરફ આગળ વધી રહેલા એક શંકાસ્પદ આતંકવાદીને ઠાર માર્યો હતો.

તાજેતરના હુમલાની જવાબદારી હજુ સુધી કોઈ સંગઠને લીધી નથી. જોકે, પાકિસ્તાન સરકાર અગાઉ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) પર આ ક્ષેત્રમાં હિંસા ફેલાવવાના આરોપો લગાવતી રહી છે.

હુમલો કેવી રીતે કરવામાં આવ્યો?

હુમલાની પદ્ધતિ અત્યંત ખતરનાક હતી. પહેલા એક કાર મુખ્ય દરવાજા સાથે અથડાવી દેવામાં આવી અને પછી તેમાં વિસ્ફોટ કરવામાં આવ્યો. વિસ્ફોટ બાદ, નજીકના વિસ્તારોના પોલીસ કર્મચારીઓ મદદ કરવા માટે ઘટનાસ્થળે દોડી ગયા, પરંતુ હુમલાખોરોએ તેમના પર હુમલો કર્યો.

# દેશ ચલાવવો મોદીના હાથની વાત નથી : રાહુલ ગાંધી

**ચિત્તોડગઢ, તા.11**

રાહુલ ગાંધીએ સોમવારે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટનો સામનો કરવા માટે પીએમ નરેન્દ્ર મોદીની તાજેતરની 'સાત અપીલો' પર પલટવાર કર્યો અને તેમને ઉપદેશ કહેવાને બદલે નિષ્ફળતાઓ ગણાવી. X પર એક પોસ્ટમાં રાહુલે લખ્યું- મોદીજીએ ગઈકાલે જનતા પાસેથી ત્યાગ માંગ્યા. આ ઉપદેશ નથી આ નિષ્ફળતાના પુરાવા છે. 12 વર્ષમાં દેશને આ મુકામ પર લાવી દીધો છે કે જનતાને કહેવું પડી રહ્યું છે- શું ખરીદવું અને શું નહીં. ક્યાં જવું, ક્યાં નહીં. જોકે, રવિવારે સિકંદરાબાદમાં એક જનસભામાં પીએમ મોદીએ આયાત પર નિર્ભરતા ઘટાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો,



જેથી વિદેશી મુદ્રાની બચત થઈ શકે અને પર્યાવરણનું રક્ષણ થઈ શકે. ભારતીય ઘર અને મંદિરોમાં 50,000 ટન સોનું રાખેલું છે, જેની કિંમત લગભગ 10 ટ્રિલિયન ડોલર એટલે કે લગભગ 830 લાખ કરોડ છે. ભારતીય વેપારીઓના સંગઠન એસોચેમ (ધ એસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા)ના રિપોર્ટ અનુસાર, આ દુનિયાની સૌથી મોટી 10 સેન્ટ્રલ બેંકોના કુલ ભંડાર કરતાં પણ વધુ છે.

1. સોનામાં વાર્ષિક 6 લાખ કરોડનો ખર્ચ: ભારતમાં દર વર્ષે સોનાની આયાત પર લાખો કરોડ રૂપિયા ખર્ચ થઈ રહ્યા છે. 2024-26માં આ આંકડો 4.89 લાખ કરોડ રૂપિયા હતો, જે 2025-26માં 6.40 લાખ કરોડ રૂપિયા રહ્યો. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલનો તાજેતરનો અહેવાલ જણાવે છે કે 2026ના પ્રથમ ક્વાર્ટરમાં ભારતમાં રોકાણ માટે સોનાની માંગ દાગીના કરતાં પણ વધુ છે.

2. વિદેશ યાત્રા- 3 લાખ કરોડ ઉડાવી રહ્યા છે: 2023-24માં વિદેશ યાત્રાઓમાં ભારતીયોનો કુલ ખર્ચ 2.72 લાખ કરોડ રૂપિયા હતો.

# જૈશ-એ -મોહમ્મદના આતંકીઓને ઓપરેશન સિંદૂરનો ભય : જૈશે કબૂલ્યું, એ રાત્રે આકાશમાંથી આગ વરસતી હતી

**બહાવલપુર તા.11**

આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદને આજે પણ ઓપરેશન સિંદૂરનો ભય છે. આતંકીઓ એ વિચારીને ફફડી રહ્યા છે કે ગમે ત્યારે, ગમે ત્યાંથી ભારતીય સેનાની મિસાઈલ આવશે. જૈશ-એ-મોહમ્મદે ઉર્દૂમાં એક પોસ્ટ સોશિયલ મીડિયામાં શેર કરી છે. તેમાં ભય સ્પષ્ટ દેખાય છે. બીજી તરફ બહાવલપુરમાં જ્યાં જૈશનું હેડક્વાર્ટર હતું ત્યાં એક વર્ષથી એટલે ઓપરેશન સિંદૂર સ્થગિત થયું ત્યારથી રિપેરિંગ કામ ચાલી રહ્યું છે. જૈશના કેમ્પસમાં મસ્જિદ હતી, તેના ગુંજબ તૂટી પડ્યા હતા તેને ફરીથી બનાવાઈ રહ્યા છે અને અંદર પણ મોટાપાયે રિપેરિંગ કામ થઈ રહ્યું છે. સૂત્રો અનુસાર, બહાવલપુર સ્થિત આ પરિસરમાં તૂટેલા ગુંબજોને ફરીથી બનાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત મિસાઈલ હુમલાઓથી ક્ષતિગ્રસ્ત ભાગોનું સમારકામ કરવામાં આવી રહ્યું છે અને નવું માળખું પણ તૈયાર કરવામાં આવી રહી છે. પાકિસ્તાનના બહાવલપુર સ્થિત જૈશ-એ-મોહમ્મદના હેડક્વાર્ટર મરકઝ સુભાનઅલ્લાહને લઈને ફરી એકવાર મોટા દાવાઓ સામે આવ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, 2025માં થયેલા ઓપરેશન સિંદૂરમાં ભારે નુકસાન વેઠ્યા બાદ હવે આ પરિસરનું ફરીથી નિર્માણ કરવામાં આવી રહ્યું છે. રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે આ પુનર્નિર્માણ માટે પાકિસ્તાન સરકારે લગભગ 25 કરોડ રૂપિયા આપ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે ઓક્ટોબર 2025માં ફંડ જારી થયા બાદ માર્ચ 2026થી નિર્માણ કાર્ય ઝડપી કરી દેવામાં આવ્યું છે. સૂત્રો અનુસાર, બહાવલપુર સ્થિત આ પરિસરમાં તૂટેલા ગુંબજોને ફરીથી બનાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત મિસાઈલ હુમલાઓથી ક્ષતિગ્રસ્ત ભાગોનું સમારકામ કરવામાં આવી રહ્યું છે અને નવું માળખું પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે પરિસરની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી છે અને પાકિસ્તાનના વિશેષ સુરક્ષા એકમોને ત્યાં તહેનાત કરવામાં આવ્યા છે. 7 મે 2025 ની રાત્રે ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનમાં હાજર આતંકવાદી માળખા પર સચોટ એરસ્ટ્રાઈક કરી હતી. આ કાર્યવાહીમાં બહાવલપુર સ્થિત જૈશ-એ-મોહમ્મદના ઓપરેશનલ સેન્ટર મરકઝ સુભાનઅલ્લાહને નિશાન બનાવવામાં આવ્યું હતું. મુખ્ય ઈમારતને ભારે નુકસાન થયું હતું. ઘણા ગુંબજ ધરાશાયી થયા હતા. અને સમગ્ર પરિસરમાં મોટા પાયે તબાહી થઈ હતી.

## તંત્રી લેખ

# એક મહિલા, 6 વર્ષ, બળાત્કાર - છેડતીના 10 ખોટા કેસ

વાત 2021ની છે. 44 વર્ષની એક મહિલાએ સોશિયલ ઈન્ફ્લુએન્સર બનીને રાકેશને ફોન કર્યો અને મળવાનો સમય માંગ્યો. 29 ડિસેમ્બર, 2021ના રોજ 45 મિનિટની મુલાકાત થઈ અને રાકેશ પર રેપ (બળાત્કાર)ની FIR થઈ ગઈ. કેસ સેશન્સ કોર્ટ, હાઈકોર્ટ અને પછી સુપ્રીમ કોર્ટમાં ગયો. તપાસ શરૂ થઈ, તો ફક્ત દિલ્હીમાં જ મહિલાની ખોટી FIRના 9 શિકાર મળ્યા. રાકેશ 10મો ટાર્ગેટ હતા. કેપ્ટન રાકેશ વાલિયાએ 2022માં જ આરોપ લગાવનારી મહિલા વિરુદ્ધ રિવર્સ કેસની એપ્લિકેશન આપી. પોલીસે 3 વર્ષ પછી FIR ત્યારે કરી, જ્યારે સુપ્રીમ કોર્ટે કેપ્ટન વાલિયાને નિર્દોષ જાહેર કર્યા. 4 વર્ષ કેસ ચાલ્યા પછી ફેબ્રુઆરી 2025માં સુપ્રીમ કોર્ટે તેમની વિરુદ્ધની FIR રદ કરી દીધી. કેપ્ટન વાલિયા જણાવે છે, ‘2017માં મારી એક બૂક પબ્લિશ થઈ. 2019ના અંતમાં કોઈ સિદ્રા મન્સૂરનો ફોન આવ્યો. પોતાને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ગણાવી અને કહ્યું કે મારી પુસ્તકનું પ્રમોશન અને ટ્રાન્સલેશન કરશે. તેણે મને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. વ્યસ્તતાને કારણે એપોઈન્ટમેન્ટ ટળતી રહી, આખરે 29 ડિસેમ્બર 2021ના રોજ મળવાનું નક્કી થયું.’ ’સિદ્રાએ કહ્યું કે તે પતિ સાથે ઈન્ટરવ્યુ લેવા આવશે. ગાડીમાં જ મારો ઈન્ટરવ્યુ કરશે. હું નહોતો જાણતો કે આ મુલાકાત મારી જિંદગી અને માન-સમ્માનને તહેસ-નહેસ કરી દેશે. બપોરે 3.30 વાગ્યે પિકઅપ માટે હું છતરપુર મેટ્રો સ્ટેશન પહોંચ્યો, તો ફક્ત સિદ્રા મળી. તેણે જણાવ્યું કે પતિને કોઈ કામથી જવું પડ્યું. પછી ગાડીમાં ઈન્ટરવ્યુ શરૂ થયો.’ ’સિદ્રા પાસે 2 ફોન અને એક વોઈસ રેકોર્ડર હતું. બધું સામાન્ય હતું, પરંતુ શંકા ત્યારે થઈ, જ્યારે સિદ્રાએ કહ્યું કે તમારા ફોન કોલને કારણે આપણે વધારે વાત ન કરી શક્યા. શું કોઈ પાર્ક કે હોટલમાં જઈને ડિટેલમાં વાત કરી શકીએ? મેં આગળ કોઈ વાત કર્યા વગર સાંજે 4.15 વાગ્યે નોઈડાના બોટનિકલ ગાર્ડન (સેક્ટર 38) પોલીસ સ્ટેશન સામે તેમને ડ્રોપ કરી દીધા.’ ’કુલ 45 મિનિટની મુલાકાત હતી. ઘરે પણ નહોતો પહોંચ્યો કે નોઈડા સેક્ટર-37 સ્ટેશનથી ફોન આવ્યો. પોલીસે કહ્યું કે શબનમ નામની મહિલાએ મારા પર રેપનો આરોપ લગાવ્યો છે. મેં પોલીસને જણાવ્યું કે હું તેમને નથી ઓળખતો. પછી રાત્રે 11.30 વાગ્યે મહેરૌલી પોલીસ સ્ટેશનથી ફોન આવ્યો. જણાવવામાં આવ્યું કે શબનમે મારી વિરુદ્ધ રેપની FIR કરી છે. ત્યારે મને સિદ્રા મન્સૂરની અસલી ઓળખ ખબર પડી.’ 1. કેપ્ટન વાલિયા જણાવે છે, ‘FIRમાં લખ્યું હતું કે મેં શબનમને બપોરે 3.30 વાગ્યે ગાડીમાં બેસાડી. 20 મિનિટ પછી 3.50 વાગ્યે તરસ લાગતા તેને કોલ્ડ ડ્રિંક આપ્યું, જેમાં નશો હતો. 15 મિનિટ પછી તેને નશો ચઢવાનું શરૂ થયું, એટલે કે અત્યાર સુધી 4.05 વાગી ચૂક્યા હતા. 10 મિનિટ પછી એટલે કે 4.15 વાગ્યે તે બેભાન થઈ, જેનો ફાયદો ઉઠાવીને મેં રેપ કર્યો. જ્યારે અસલમાં મેં 4.15 વાગ્યે તેને ડ્રોપ કરી દીધી હતી.‘ ગરબડ: ડ્રોપ કરવાનો સમય અને બેભાન થવાનો સમય એક જ છે, તો રેપ ક્યારે થયો? 2. FIR મુજબ, હું નિર્જન જગ્યા પર ગાડી ફેરવતો રહ્યો. રેપનો સ્પોટ નોઈડા સેક્ટર-34 કે 35 હતો. અહીં જ મેં નશાની હાલતમાં મહિલાને આગળની સીટ પરથી ઉતારીને પાછળ બેસાડી.

# ભગવત્ ગીતાનાં છઠ્ઠા અધ્યાયનાં સોળમાં શ્લોકમાં શ્રીકૃષ્ણ અર્જુનને સંબોધીને શું કહે છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પહેલાં માનવી પ્રવાસ માટે પગપાળા, ઘોડા, હાથી, ઘોડાગાડી, સાયકલ, સ્કૂટર, બાઈક, બસ ટ્રેન, પ્લેન આમ સાધનોની સ્પીડ વધતી જ ગઈ! અને આ બધું જ માનવીની બુધ્ધિની કમાલ છે! અને એને કારણે એ આજે સ્માર્ટફોન થકી ચંદ સેકન્ડમાં પૂરાં વિશ્વમાં જ્યાં ઈચ્છે ત્યાં વાત કરી શકે છે, અને એની વિશે જાણકારી મેળવી શકે છે. પણ બૌદ્ધિકતાનો નશો એવો ચડ્યો કે માનવીની સુખ સાધન, સુવિધાની ભૂખ વધતી જ ગઈ! પેટની ભૂખ તો બે રોટલી ખાવાથી મિટે , પણ રોટલી નહીં મને તો પેલા વ્યક્તિની જેમ બત્રીસ પકવાન જોઈએ, એ વૃત્તિ નડી ગઈ! અને એ રીતે પ્રાથમિક જરૂરિયાતમાં પણ વિવિધતાનાં વિકલ્પો શોધવાં લાગ્યો! અને આસાનીથી મળે નહીં તો છીનવી લેવું એવી માનસિક્તા ભર્યા જીવન એ એની શાંતિ છીનવી લીધી! અને અશાંતિનું પરિણામ એ આવ્યું કે, પોતાને જે મળે નહીં, એ બીજાને પણ મળવું જોઈએ નહીં! કાર્યક્ષેત્રમાં તો ઠીક પણ પરિવારમાં પણ આવી વિકૃત માનસિકતા પ્રવેશી જાય ત્યારે, ઘર કુરુક્ષેત્રનાં રણમેદાન જેમ એકબીજાનાં સ્વાભિમાન પર વાર કરે, અને આ રીતે સંબંધો તૂટતાં જાય ! એમાં પરિવારમાં જો કોઈ સાધક હોય અને એ ઈન્દ્રિયો ને સમ કરવા કે શાંત કરવાથી જ શાંતિ એવમ આનંદ સુધી પહોંચી શકાય એમ છે, એવો ઉપદેશ આપે! અને પોતે તો ભોગ વિષયોથી પર થઈ સાધનામાં ઘણો આગળ નીકળી ગયો છે, એવું જણાવે! ત્યારે નક્કી કરવું મુશ્કેલ છે કે કહેવાતાં અર્જુનને બોધની જરુર છે, કે પછી કુરુક્ષેત્રના મેદાનમાં ભગવત્ ગીતા જાણે પોતે જ કહી હોય એમ બોલનારને બોધની જરુર છે? તો આવા જ અર્થ અને ભાવને રજૂ કરતો ભગવત્ ગીતાનાં છઠ્ઠા અધ્યાયનાં 16 માં શ્લોક વિશે ચિંતન કરીશું.

નાત્યશ્નતસ્તુ યોગોઽસ્તિ ન ચૈકાન્તમનેશ્નતઃ।
ન ચાતિસ્વપ્નશીલસ્ય જાગ્રતો નૈવ ચાર્જુન ।૧૬।

આ શ્લોક ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને સંબોધીને કહે છે કે હે અર્જુન!જે માણસ બહુ વધારે ખાય છે, અથવા બિલકુલ ઉપવાસ કરીને શરીરને કષ્ટ આપે છે, બહુ ઊંઘે છે, અથવા અતિશય જાગતો હોય, એવા મનુષ્યનો યોગ સિદ્ધ થતો નથી.

**નાત્યશ્નતઃ

ન+ અતિ + અશ્નતઃ

બહુ વધારે ખાવાવાળાનો, આવી વ્યક્તિ માટે ગુજરાતીમાં વૃકોદર છે, ખાઉધરો છે, કોઈ ભીમ છે, એવું પણ કહેતાં હોય. કોઈ ગરીબની સામે ભાવતાં ભોજન ભરેલ થાળ આવે, અને એ થોડીવારમાં ખાય જાય, અને હજી બીજું માંગે, એ તો કદાચ સમજી શકાય, પણ રોજ મળતું હોય છતાં, એ જ ખાઉધરા પણું એની અહીં વાત છે.

**યોગોઽસ્તિ

યોગઃ + અસ્તિ.

યોગ સિદ્ધ થતો નથી, બહુ ખાઈ લેવાથી ક્ષણિક સુખ મળે, પણ એ રોગ ને નોતરે છે, યોગ એટલે કે આનંદઘન પરમાત્મા સાથે જોડે છે, એવું તો ક્યારેય સિદ્ધ થતું નથી.

**ચૈકાન્તમનશ્નતઃ

ન+ચ+ એકાન્તમ્+ અનશ્નતઃ

અને બિલકુલ ન ખાવાવાળાનો પણ નહીં, સાધનાને નામે ઈન્દ્રિયો પર સંયમ મેળવવા માટે જે અતિ ઉપવાસ કરે છે, કે પછી અન્ય કોઈ રીતે ખોરાક લેતાં નથી, એ પણ યોગી નથી.

** ન ચાતિસ્વપ્નશીલસ્ય

ન+ ચ+ અતિ સ્વપ્નશીલ.

બહુ ઊંઘ કરનારનો પણ નહીં, એટલે કે અતિ નિંદ્રા, અતિનિંદ્રા સમાધિ નથી, અને એટલે ખૂબ સૂતાં રહેવાથી પણ યોગ સિદ્ધ થતો નથી.

** જાગ્રતો નૈવ ચાર્જુન,

જાગ્રતઃ + ન+ એવ+ અર્જુન.

તથા અતિશય જાગવું નહીં, અને એજ રીતે સતત જાગીને નિંદ્રાથી દૂર રહેનાર પણ યોગી નથી.

ભગવાન શ્રીકૃષ્ણ આંખી ગીતા અર્જુનને સંબોધીને કહે છે, અને જે રીતે બંનેમાં મિત્ર ભાવ હતો, બંને ખૂબ સાથે રહ્યાં હતાં! અને છતાં શું અર્જુનને સમજાવતાં શ્રીકૃષ્ણને અઢાર અધ્યાય બોલવાં પડ્યાં હોય! બિલકુલ નહીં! પરંતુ સમયચક્રનાં આરા પર જ્યારે કળિ પ્રભાવ વધશે ત્યારે માનવીની માનસિકતામાં કેટલુંય પ્રવેશી ગયું હશે, અને ખાસ કરીને માનવીની બધાં જ પ્રકારની ભૂખ પ્રદિપ્ત થઈ ગઈ હશે! અને ત્યારે એને સમ્યકતાનો બોધ કંઈ રીતે આપવો, એ માટે અહીં ભગવાન શ્રીકૃષ્ણ અતિની વાતને ટાંકીને કહે છે કે, જીવ જન્મ માટે જેમ શરીર જરુરી છે, બસ બિલકુલ એ જ રીતે યોગ અને સાધના માટે પણ શરીર સાધન છે, અને એને સાચવવું જરૂરી છે.એને અતિ પોષણ આપવાથી પણ આ સાધન અટકી શકે, અને પોષણ આપે નહીં તો પણ એ ખોટકાઈ જાય! શરીર નામનાં સાધન માટે બે ક્રિયા અત્યંત મહત્વની છે, એક આહાર દ્વારા પોષણ અને બીજું નિંદ્રા દ્વારા આરામ અથવા જતન! અને એટલે અહીં આ બે ક્રિયામાં સમતોલન જાળવે એ યોગી એવું ભગવાન શ્રીકૃષ્ણ કહે છે.

પરંતુ શું અહીં આ શ્લોક ટાંકવાનો માત્ર આટલો જ સંદર્ભ હશે? કારણ કે વૈદિક શાસ્ત્રોનાં કે ભગવત્ ગીતાનાં શ્લોક રુપે કહેવાયેલાં શબ્દો એ જ સાધકનો આધ્યાત્મિક ખોરાક છે! કોઈપણ શબ્દનો પ્રથમ અર્થ ઈશ્વર છે, અને તેથી આપણે ત્યાં શબ્દ બ્રહ્મ એવો શબ્દ પ્રચલિત છે. શરીર શબ્દને ઈશ્વરનું ક્ષેત્ર ગણવામાં આવે તો, અન્ય ક્ષેત્રોમાં જેમ લંબાઈ, પહોળાઈ, અને ઉંચાઈ કે ઉંડાઈ, એમ ત્રણ પરિમાણ હોય, એમ શરીરને પણ ત્રણ પરિમાણ હોય. એટલે જ શાસ્ત્રોમાં સ્થૂળ, સૂક્ષ્મ, અને કારણ એમ શરીરનાં ત્રણ પરિમાણ બતાવ્યા છે! અથવા તો ત્રણ શરીરની વાત આવી છે. એ રીતે આ માત્ર સ્થૂળ અને સુક્ષ્મ અર્થ છે, કારણ શરીરનાં પોષણ વગર અધ્યાત્મ કાંતિ કરી શકે નહીં! એટલે કે આભા વલયની પૃષ્ટિ માટે શું ખાવું, અને શું નહીં? એ ભેદ પારખવો જરુરી છે! સાત્વિક આહાર તો છે જ, પણ શરીર રુપી સાધનનાં પોષણ માટે જે ખાઈએ છીએ, એ કોઈનાં હકનું તો નથીને? એ સાવધાની પણ જરૂરી છે. કે પછી કેટલાંયને જમાડી શક્યો હોત! છતાં મેં એકલા એ જ ખાધું? અથવા તો જગતગુરુ શંકરાચાર્યનાં કહેવાં અનુસાર ભૂખ એ રોગ છે, અને આહાર એ જ ઔષધી! તો દરેક ક્ષેત્રની વધતી જતી ભૂખ માટેની આહાર રુપ ઔષધિ શું છે? અને તુલસી કહે છે, હરિનામ એક જ એવો આહાર છે, જેમાં આરામ અને વિશ્રામ પણ છે. એટલે શરીરને સાધનાનાં નામે થકવ્યા વગર જોઈતી નિંદ્રાથી પણ ઈશ્વર સુધી પહોંચી શકાય છે. સુવું જાગવું એ ક્રિયા તો છે જ, પણ જાગવુંનો એક અર્થ જાગૃત થવું, એટલે કે ફક્ત શરીર સુખ માટે ન વિચારતાં સાધના વિશે પણ વિચારવું!

ભોગ કે વિષયોની લોલુપતા વધે ત્યારે શરીરને સાવધાન મોડમાં લાવી સ્વયંને કહેવું, હવે બહુ થયું! કે બસ હવે! અને એજ રીતે અતિ જાગવું એટલે કે સાધક યોગ વિશે પોતે બધું જ જાણે છે, અને એ રીતે અહમ વધે ત્યારે પણ, ખુદને રોકી લેવાં કે અહમ એ યોગ વિરુદ્ધ લઈ જતી વૃત્તિ છે. ટૂંકમાં ભગવાન આપણને સંસારી ભોગ રસમાં સમ્યક રહેવાં કહે છે, અને જે રહી શકે એ સંસારી હોવા છતાં યોગી છે. સંસારીઓ માટે કળિયુગમાં એટલે જ હરિનામ સંકીર્તનને શ્રેષ્ઠ સાધન કહ્યું છે, અને એ રીતે આપણી ભૂખને સમ્યક બનાવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# ખેડૂતોએ અમાન્ય બિયારણ-ખાતર તથા જંતુનાશક દવાઓની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં

## વાવણી બાદ ખરીદેલ બિયારણનું પેકેટ-થેલી તેમજ તેનું બીલ પણ સાચવી રાખવુ જરૂરી

**નડિયાદ, તા. 11**

ચોમાસુ સીઝન માટે બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી હેતુ ખેડૂતો માટે આવશ્યક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. ખેડા જિલ્લાના તમામ ખેડૂતોને આગામી ચોમાસુ સીઝન માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે જણાવવાનું કે, બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવી વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરવી નહી. જેથી, છેતરપીંડીથી બચી શકાય. બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર વગેરે વિગત દર્શાવતું પાકુ બીલ સહી સાથે અવશ્ય લેવું. કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા ઈનપુટોની ખરીદી કરવી નહી. હંમેશા વૈજ્ઞાનિક ભલામણ મુજબનાં જથ્થામાં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો. અન-અધિકૃત અથવા ભળતા નામના અમાન્ય બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું વેચાણ થતુ હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ને તુરંત જાણ કરવી. ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા ૪ જી અને ૫ જી જેવા જુદાં-જુદાં નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં. આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત એગ્રીકલ્ચર ઈન્સ્પેક્ટર અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ને તુરંત જાણ કરવી. વાવણી બાદ ખરીદેલ બિયારણનું પેકેટ-થેલી તેમજ તેનું બીલ પણ સાચવી રાખવુ જરૂરી છે એમ નાયબ ખેતી નિયામક વિસ્તરણ નડિયાદની અખબારી યાદીમાં જણાવેલ છે. કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવી વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ ખેતી માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરવી નહી. જેથી, છેતરપીંડીથી બચી શકાય. બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર વગેરે વિગત દર્શાવતું પાકુ બીલ સહી સાથે અવશ્ય લેવું. કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા ઈનપુટોની ખરીદી કરવી નહી. હંમેશા વૈજ્ઞાનિક ભલામણ મુજબનાં જથ્થામાં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો. અન-અધિકૃત અથવા ભળતા નામના અમાન્ય બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું વેચાણ થતુ હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ને તુરંત જાણ કરવી. ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા ૪ જી અને ૫ જી જેવા જુદાં-જુદાં નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં. આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત એગ્રીકલ્ચર ઈન્સ્પેક્ટર અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ને તુરંત જાણ કરવી. વાવણી બાદ ખરીદેલ બિયારણનું પેકેટ-થેલી તેમજ તેનું બીલ પણ સાચવી રાખવુ જરૂરી છે એમ નાયબ ખેતી નિયામક વિસ્તરણ નડિયાદની અખબારી યાદીમાં જણાવેલ છે.

# હકનું ઋણ અને દુઃખનો હિસાબ કર્મનો કોયડો ઉકેલતી ચિંતનાત્મક વાત



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)



તુલસી હાય ગરીબ કી કબુ ન ખાલી જાય મુએ ઢોર કે ચામ સે લોહા ભસ્મ હો જાય આજે આપણે ચિંતનાત્મક લેખમાં આવી જ વાત જોઈએ તો માનવજીવન સુખ-દુઃખના તાણાવાણાથી ગૂંથાયેલું છે. ઘણી વખત દવા,દુવા અને વિજ્ઞાન હારી જાય ત્યારે જીવન આપણને એક અલગ પાઠ ભણાવે છે. શરીરની બીમારી ક્યારેક મનના, તો ક્યારેક કર્મના ઉંડાણમાં છુપાયેલી હોય છે. બીજાના હકને દબાવવાથી, કોઈના નિસાસાને અવગણવાથી જે ‘અદૃશ્ય ઘા’ પડે છે,તે કાળ ક્રમે આપણા પોતાના જીવનમાં ‘અસાધ્ય પીડા’ બનીને પાછો આવે છે. આવી જ એક જમીન દારની કથા,અજગર બનેલા વિદ્યાધરનો પ્રસંગ અને નંદબાબા ને ગળવા આવેલા અભિમાનરૂપી અજગરનો બોધ, આપણને કર્મ, અહંકાર અને હકના સંબંધ વિશે ગહન ચિંતન કરાવે છે.

જમીનદારની અસાધ્ય વેદના શરીર પાછળ છુપાયેલું કર્મ એક સમૃદ્ધ જમીનદાર. સેંકડો વીઘા જમીન,વૈભવ,દરજ્જો બધું જ હતું. પણ શરીરમાં એવી બીમારી ઘર કરી ગઈ કે મળ ત્યાગ વખતે લોહી અને અસહ્ય બળતરા.વૈદ્ય ડૉક્ટર,તાંત્રિક, ધાર્મિક વિધિ બધા ઉપાય નિષ્ફળ ગયા તે સમયે એક સંતનું આગમન થયું. સંતે દવા ન આપી,સવાલ પૂછ્યો “શું તમે કોઈનો હક છીનવી લીધો છે?શું કોઈના નિસાસા તમારા સુધી પહોંચ્યા છે?”

જમીનદારની યાદ તાજી થઈ. વિધવા ભાભી.હકનો હિસ્સો માંગતી ભાભીને તેણે ‘ભાઈઓને આપી દેશે’ એ શંકાએ ખાલી હાથે પિયર મોકલી દીધી હતી. સંતે કહ્યું: “તેને દર મહિને એક સો રૂપિયા મોકલ.”

એ જમાનામાં એક સો રૂપિયામાં આખા કુટુંબનું ગુજરાન ચાલતું. જમીનદારે પંચોતેર રૂપિયા મોકલવાનું શરૂ કર્યું. બીમારી પંચોતેર ટકા મટી. સંત સમજી ગયા અધૂરો હક, અધૂરું આરોગ્ય.અંતે જ્યારે જમીનદારે ગામ સમક્ષ ભાભીને તેની જમીન અને પૂરો હિસ્સો સન્માન સાથે સોંપ્યો, માફી માગી, ત્યારે ભાભીના આશીર્વાદથી તેની બીમારી સંપૂર્ણપણે મટી ગઈ.

બીજાનો હક દબાવવો એ માત્ર સામાજિક અન્યાય નથી,તે ‘કર્મ નું દેવું’ છે. એ દેવું વ્યાજ સાથે શરીર, મન કે પરિવાર દ્વારા ચૂકવવું પડે છે. કોઈનો રુંધાયેલો નિસાસો આપણા જીવનમાં ‘સળગતી વેદના’ બનીને પાછો આવે છે.

અજગર બનેલો વિદ્યાધર: રૂપનું અભિમાન અને દૃષ્ટિનો દોષ સુદર્શન વિદ્યાધર રૂપાળો હતો. રૂપના અભિમાનમાં તેણે કાળા-કૂબડા અંગિરા ઋષિને જોઈ હસી કાઢ્યા. ઋષિના શાપથી તે અજગર બન્યો.

શરીર કાયમી નથી. ચામડી, રૂપ, રંગ બધું નાશવંત છે. મળમૂત્ર, હાડકાં અને માંસનો ખોખો છે. છતાં આપણે ‘આકાર’ જોઈએ છીએ, ‘આચરણ’ નહીં. મહાત્માઓ આકાર નહીં, કૃતિ જુએ છે. રૂપનું ચિંતન મનને ચંચળ કરે, પરમાત્માના ગુણનું ચિંતન મનને શાંત કરે. બીજાના દેખાવ પર હસવું એટલે ઈશ્વરની કલાકૃતિ પર હસવું. અભિમાન એવું અજગર છે જે પહેલા બીજાને નાનું બતાવે, પછી આપણને જ ગળી જાય.

નંદબાબાને ગળવા આવેલો અજગર સત્કર્મ પછીનો અ ભિ મ ા ન નંદબાબાએદિવસભર સત્કર્મ કર્યું.રાત્રે સૂતા ત્યારે અભિમાન રૂપી અજગર ગળવા આવ્યો. કથા સૂચવે છે.સારાકામ પછી ‘મેં કર્યું’ એ ભાવ જાગે એ જોખમી છે. લોકો વખાણ કરે ત્યારે ‘હું નિમિત્ત માત્ર છું, કરાવનાર પ્રભુ છે’ એ ભાવના ચૂકી જવાય તો સત્કર્મ પણ બંધન બને.

કર્મ કરો,પણ કર્તાપણું છોડો. નહીં તો પુણ્ય પણ અભિમાનનું અજગર બનીને આધ્યાત્મિક પ્રગતિ ગળી જશે.

મન નવરું રહે તો ભૂત બને ગોપી ઓ રાત્રે રાસ રમે,દિવસે કૃષ્ણ- ચિંતન કરે.મનને એક પળ પણ નવરું ન રાખ્યું.કારણ કે નવરું મન વાનર જેવું કૂદાકૂદ કરે,અને બાબરા ભૂત જેવું ખોટા વિચારો ઉત્પન્ન કરે.ઉપાય શું?કાનથી કથા સાંભળો, આંખથી દર્શન કરો, જીભથી નામ સ્મરણ કરો,મનથી ચિંતન કરો.ચારે બાજુથી મનને સત્કર્મ માં ઘેરો તો તે વશ થાય.

ચિંતનાત્મક નિષ્કર્ષ તમારી તિજોરીમાં કોઈના હકની ચાવી તો નથી ને?આજે પણ ઘણા ‘જમીનદારો’ છે. કોઈ ભાઈનો હિસ્સો દબાવીને બેઠું છે, કોઈ વહુને સાસરીમાં હક નથી આપતું, કોઈ કર્મચારીનો પગાર મારી રહ્યું છે, કોઈ મોભાના અભિમાનમાં બીજાને ઉતારી પાડે છે. પછી ડૉક્ટર બદલીએ છીએ, હોસ્પિટલ ફરીએ છીએ, પણ દર્દ મટતું નથી. કારણ કે દર્દ શરીરમાં નથી,‘હિસાબમાં’ છે. કોઈના આંસુનો, કોઈના હકનો, કોઈના સ્વમાનનો હિસાબ.

તેથી સંત કહે છે:અસાધ્ય બીમારી આવે ત્યારે પહેલા પોતાની‘કર્મ-તિજોરી’તપાસો. શું મેં કોઈની પીઠમાં છરો માર્યો છે?શું મારા કારણે કોઈ લાચાર બનીને રહ્યું છે? જો હા, તો દવા સાથે ‘માફી’ લો, ‘હક’ પાછો આપો.કારણ કે આ જગતમાં ‘હિસાબ’ બરાબર થયા વિના ‘હાશ’નથી થતી.રૂપનું અભિમાન છોડો,કર્તાપણું છોડો,અને બીજા ના હકને તમારો ધર્મ સમજો. જ્યારે હકનું ઋણ ચૂકતે થશે, ત્યારે દુઃખનું દેવાળું આપોઆપ ફૂંકાઈ જશે. મૃત્યુ પછી સાથે કશું નહીં આવે સિવાય કરેલા કર્મનો પડછાયો. એ પડછાયો પ્રકાશનો હશે કે અંધકારનો,એ આજના આપણા વ્યવહાર પરથી નક્કી થશે. મન નવરું રહે તો ભૂત બને ગોપી ઓ રાત્રે રાસ રમે,દિવસે કૃષ્ણ- ચિંતન કરે.મનને એક પળ પણ નવરું ન રાખ્યું.કારણ કે નવરું મન વાનર જેવું કૂદાકૂદ કરે,અને બાબરા ભૂત જેવું ખોટા વિચારો ઉત્પન્ન કરે.ઉપાય શું?કાનથી કથા સાંભળો, આંખથી દર્શન કરો, જીભથી નામ સ્મરણ કરો,મનથી ચિંતન કરો.ચારે બાજુથી મનને સત્કર્મ માં ઘેરો તો તે વશ થાય.

ચિંતનાત્મક નિષ્કર્ષ તમારી તિજોરીમાં કોઈના હકની ચાવી તો નથી ને?આજે પણ ઘણા ‘જમીનદારો’ છે. કોઈ ભાઈનો હિસ્સો દબાવીને બેઠું છે, કોઈ વહુને સાસરીમાં હક નથી આપતું, કોઈ કર્મચારીનો પગાર મારી રહ્યું છે, કોઈ મોભાના અભિમાનમાં બીજાને ઉતારી પાડે છે. પછી ડૉક્ટર બદલીએ છીએ, હોસ્પિટલ ફરીએ છીએ, પણ દર્દ મટતું નથી. કારણ કે દર્દ શરીરમાં નથી,‘હિસાબમાં’ છે. કોઈના આંસુનો, કોઈના હકનો, કોઈના સ્વમાનનો હિસાબ.

તેથી સંત કહે છે:અસાધ્ય બીમારી આવે ત્યારે પહેલા પોતાની‘કર્મ-તિજોરી’તપાસો. શું મેં કોઈની પીઠમાં છરો માર્યો છે?શું મારા કારણે કોઈ લાચાર બનીને રહ્યું છે? જો હા, તો દવા સાથે ‘માફી’ લો, ‘હક’ પાછો આપો.કારણ કે આ જગતમાં ‘હિસાબ’ બરાબર થયા વિના ‘હાશ’નથી થતી.રૂપનું અભિમાન છોડો,કર્તાપણું છોડો,અને બીજા ના હકને તમારો ધર્મ સમજો. જ્યારે હકનું ઋણ ચૂકતે થશે, ત્યારે દુઃખનું દેવાળું આપોઆપ ફૂંકાઈ જશે.મૃત્યુ પછી સાથે કશું નહીં આવે સિવાય કરેલા કર્મનો પડછાયો. એ પડછાયો પ્રકાશનો હશે કે અંધકારનો,એ આજના આપણા વ્યવહાર પરથી નક્કી થશે. તેથી સંત કહે છે:અસાધ્ય બીમારી આવે ત્યારે પહેલા પોતાની‘કર્મ-તિજોરી’તપાસો.શું મેં કોઈની પીઠમાં છરો માર્યો છે?શું મારા કારણે કોઈ લાચાર બનીને રહ્યું છે? જો હા, તો દવા સાથે ‘માફી’ લો, ‘હક’ પાછો આપો.કારણ કે આ જગતમાં ‘હિસાબ’ બરાબર થયા વિના ‘હાશ’નથી થતી.રૂપનું અભિમાન છોડો,કર્તાપણું છોડો,અને બીજા ના હકને તમારો ધર્મ સમજો. જ્યારે હકનું ઋણ ચૂકતે થશે, ત્યારે દુઃખનું દેવાળું આપોઆપ ફૂંકાઈ જશે.મૃત્યુ પછી સાથે કશું નહીં આવે સિવાય કરેલા કર્મનો પડછાયો. એ પડછાયો પ્રકાશનો હશે કે અંધકારનો,એ આજના આપણા વ્યવહાર પરથી નક્કી થશે.

### ઓપરેશન 'અમાનત' થી 'જીવન રક્ષા' સુધી: સુરક્ષાના મોરચે RPF અમદાવાદનું ઉત્તમ પ્રદર્શન

# સુરક્ષા, સેવા અને સમર્પણ : RPF અમદાવાદ મંડળની વર્ષ 2025-26ની નોંધપાત્ર સિદ્ધિઓ

## 1,58,51,286/- કિંમતના 462 લાવારિસ અથવા ખોવાયેલા સામાનની પુનઃ પ્રાપ્તિ કરવામાં આવી હતી અને જરૂરી ચકાસણી બાદ તે તેમના વાસ્તવિક માલિકોને પરત સોંપવામાં આવ્યા

**અમદાવાદ રેલવે, તા.11**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળનું રેલવે સુરક્ષા દળ (RPF) મુસાફરોની સુરક્ષા, રેલવે સંપત્તિની રક્ષા તથા સ્ટેશનો પર સુરક્ષિત વાતાવરણ જાળવવા માટે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્ય કરી રહ્યું છે। અમદાવાદ મંડળના રેલવે સુરક્ષા દળ (RPF) એ નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન સુરક્ષા, ગુનાઓ પર નિયંત્રણ, મુસાફર સહાયતા તથા માનવતાવાદી સેવાઓના ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી કરીને અનેક નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. રેલવે સુરક્ષા દળે મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા, રેલવે સંપત્તિની રક્ષા કરવા તથા રેલવે પરિસરોમાં ગુનાઓ પર અસરકારક નિયંત્રણ જાળવવા માટે સતત સતર્કતા અને સક્રિયતા સાથે કામગીરી કરી છે. સાથે જ RPF કર્મચારીઓએ માનવતાની ભાવના દર્શાવતા જરૂરિયાતમંદ મુસાફરો, બાળકો તથા મહિલાઓને સહાય કરીને પોતાની સામાજિક જવાબદારીનું પણ સફળતાપૂર્વક નિર્વહન કર્યું છે

**રેલવે અધિનિયમ હેઠળ અસરકારક કાર્યવાહી**

નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન RPF અમદાવાદ મંડળ દ્વારા રેલવે અધિનિયમની વિવિધ કલમો હેઠળ કુલ 29,276 કેસ નોંધવામાં આવ્યા હતા. આ કેસોમાં અસરકારક કાર્યવાહી કરતાં 40 લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ કાર્યવાહી રેલવે પરિસરોમાં શિસ્ત જાળવવા, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવા તથા મુસાફરોમાં નિયમો પ્રત્યે જાગૃતિ વધારવા માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ છે

**ઓપરેશન અમાનત હેઠળ મુસાફરોને પરત અપાયો ખોવાયેલો સામાન**

મુસાફરો દ્વારા રેલવે સ્ટેશન અથવા ટ્રેનોમાં ભૂલથી છૂટી ગયેલા અથવા ખોવાયેલા સામાનને શોધીને તેના વાસ્તવિક માલિક સુધી પહોંચાડવાના હેતુથી ચલાવવામાં આવતા "ઓપરેશન અમાનત" હેઠળ RPF અમદાવાદ મંડળે નોંધપાત્ર સફળતા મેળવી છે. આ દરમિયાન 1,58,51,286/- કિંમતના 462 લાવારિસ અથવા ખોવાયેલા સામાનની પુનઃપ્રાપ્તિ કરવામાં આવી હતી અને જરૂરી ચકાસણી બાદ તે તેમના વાસ્તવિક માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા

**ઓપરેશન નન્હે ફરિશ્તે: માનવતાવાદી સેવાનું ઉત્તમ ઉદાહરણ**

RPF દ્વારા ચલાવવામાં આવી રહેલા "ઓપરેશન નન્હે ફરિશ્તે" હેઠળ રેલવે સ્ટેશન તથા ટ્રેનોમાં ભટકી ગયેલા, ગુમ થયેલા અથવા અસહાય બાળકો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને સહાય આપવામાં આવી હતી. આ અભિયાન હેઠળ 121 બાળકો તેમજ 23 પુરુષો અને મહિલાઓને સુરક્ષિત રીતે બચાવી તેમના પરિવારજનો, ચાઈલ્ડ લાઈન અથવા સંબંધિત પોલીસ અધિકારીઓને સોંપવામાં આવ્યા હતા.

**ઓપરેશન રેલ સુરક્ષા હેઠળ મોટી સફળતા**

રેલવે સંપત્તિ (ગેરકાયદેસર કબજો) અધિનિયમ [RP(UP) Act] હેઠળ નોંધાયેલા 49 કેસોમાંથી 46 કેસોનું સફળતાપૂર્વક નિરાકરણ કરવામાં આવ્યું હતું। આ કેસોમાં રેલવે સંપત્તિની ચોરી, ગેરકાયદેસર કબજો તથા તસ્કરી જેવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા 114 બાહ્ય વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી। RPFની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીથી રેલવે સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત થઈ તેમજ સંગઠિત ગુનાઓ પર અસરકારક નિયંત્રણ મૂકી શકાયું હતું

**ઓપરેશન યાત્રી સુરક્ષા દ્વારા ગુનેગારો પર કડક કાર્યવાહી**

મુસાફરોના સામાનની ચોરી (TOPB) સંબંધિત 49 આરોપીઓની ધરપકડ કરીને તેમને GRPને સોંપવામાં આવ્યા હતા. ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ 73 આરોપીઓની ધરપકડ કરીને આગળની કાનૂની કાર્યવાહી માટે GRPને હવાલે કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી રેલવે સ્ટેશનો અને ટ્રેનોમાં મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તથા ગુનેગારોમાં ભયનું વાતાવરણ ઉભું કરવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થઈ હતી

## સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬; વિરાસત અને વિકાસના સંગમતીર્થે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમ જ્યોતિર્લિંગશ્રી સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવ્યું

**વેરાવળ, તા.11**

ભારતીય સંસ્કૃતિના તેજ અને અસ્મિતાના પ્રતીક સમાન ભગવાન સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં 'સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬' ઉજવાઈ રહ્યો છે. સોમનાથ મંદિરના પુનઃ નિર્માણની વિરાસતના ૭૫ વર્ષની આ ઐતિહાસિક ઉજવણીમાં સહભાગી થવા વડાપ્રધાન અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષશ્રી નરેન્દ્રભાઈ મોદી આજે પ્રભાસ પાટણની પવિત્ર ધરા પર પધાર્યા હતા.

**સ્વાગતમાં છલકાયો ભાતીગળ વારસો:**

વડાપ્રધાનશ્રીના આગમન વેળાએ વીર હમીરજી સર્કલ પાસે મંદિરના મુખ્ય પ્રવેશ દ્વારે ભારતની વિવિધ સંસ્કૃતિઓની ઝાંખી પ્રસ્તુત કરતી સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા તેમનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પથ પર વડાપ્રધાનશ્રીએ સોમનાથની થીમ પર બનેલા આકર્ષક રેત શિલ્પને નિહાળ્યું હતું. ૭૫ ઢોલીઓ સાથે નાસિકના ઢોલ અને તૂતીના નાદ વચ્ચે પરંપરાગત પરિધાનમાં સજ્જ ૧૦૦ જેટલી બાળાઓ અને કન્યાઓએ માથે અમૃત કળશ ધારણ કરી વડાપ્રધાનશ્રીને હરખભેર આવકાર્યા હતા.

**અખંડ ભારતના શિલ્પીશ્રી સરદાર પટેલને પુષ્પાંજલિ અને ભક્તિમય પૂજન:**

મંદિર પરિસરમાં પ્રવેશતા પૂર્વે વડાપ્રધાનશ્રીએ અખંડ ભારતના શિલ્પી અને સોમનાથ મંદિરના પુનઃનિર્માણના સ્વપ્નદ્રષ્ટા લોખંડી પુરુષ સરદારશ્રી વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. દિગ્વિજય દ્વાર પાસે ઋષિકુમારોના શંખ અને ડમરુના નાદ વચ્ચે ખાસ 'બેલ વોક' પરથી પસાર થઈ વડાપ્રધાનશ્રી નિજ મંદિરમાં પ્રવેશ્યા હતા, જ્યાં તેમણે શાસ્ત્રોક્ત વિધિ મુજબ મહાપૂજા કરી દેશની પ્રગતિ અને જન-જનની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

**આકાશી સલામી અને કુંભાભિષેક:**

આ અવસરે વડાપ્રધાનશ્રીએ સોમનાથ મહાદેવના દેવાલય પર કુંભાભિષેક અને ધ્વજારોહણ કર્યા હતા. આ પવિત્ર ઘડીએ એર ફોર્સના બે ચેતક હેલિકોપ્ટર્સ દ્વારા મંદિર શિખર પર પુષ્પવર્ષા પણ કરવામાં આવી હતી, જેની સાથે સમુદ્ર તટે સોમનાથ મહાદેવના સાનિધ્યમાં દિવ્ય અને ભવ્ય માહોલ સર્જાયો હતો. ભારતીય વાયુસેનાની 'સૂર્યકિરણ' એરોબેટિક્સ ટીમ દ્વારા સોમનાથના નભમાં રજૂ કરવામાં આવેલા દિલધડક એર શોએ ઉપસ્થિત મેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. વડાપ્રધાનશ્રીએ મંદિર પરિસરમાં સોમનાથની વૈભવશાળી વિરાસત અને ઈતિહાસને અંકિત કરતા પ્રદર્શનની પણ આ તકે મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી પણ આ તકે ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડા જિલ્લાની નડિયાદ 108 ટીમે એમ્બ્યુલન્સમાં સફળ જોખમી પ્રસૂતિ કરાવી, માતા અને જોડિયા બાળકોનો જીવ બચાવ્યો



**નડિયાદ, તા.11**

ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના દાવડા ગામના એક સગર્ભા મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતાં નડિયાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સોનોગ્રાફીમાં જોડિયા બાળકો હોવાનું જાણવા મળતા, વધુ સારવાર માટે તેમને અમદાવાદની 1200 બેડ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા અને 108 ઈમરજન્સી સર્વિસનો સંપર્ક કરાયો. કોલ મળતાની સાથે જ નડિયાદ 108ની ટીમ ગણતરીની મિનિટોમાં સિવિલ હોસ્પિટલ પહોંચી. EMT મહેન્દ્રભાઈ પરમાર અને પાયલટ રમેશભાઈ પરમારે સગર્ભાની તપાસ કરી તેમને એમ્બ્યુલન્સમાં શિફ્ટ કરી અમદાવાદ જવા રવાના થયા. પરંતુ રસ્તામાં મહિલાને અસહ્ય પ્રસૂતિ પીડા ઉપડતાં, 108 સ્ટાફે પરિસ્થિતિ પારખી એમ્બ્યુલન્સ સાઈડમાં પાર્ક કરી એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવવાનો નિર્ણય લીધો. ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર પર ફરજ પરના ફિઝિશિયન ડૉ. મહેતા મેડમની ઓન-કોલ સલાહ અને EMRI Green Health Services દ્વારા અપાયેલ તાલીમનો ઉપયોગ કરી, EMT મહેન્દ્રભાઈ અને પાયલોટ રમેશભાઈએ સુરક્ષિત અને સફળ પ્રસૂતિ કરાવી. માતાએ સ્વસ્થ બે નવજાત પુત્રોને જન્મ આપ્યો. ત્યારબાદ માતા અને બંને બાળકોને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, જ્યાં ત્રણેયની તબિયત સ્થિર છે. 108ની સમયસૂચકતાને કારણે માતા અને બે નવજાત શિશુઓનો જીવ બચ્યો. પરિવારજનોએ 108 ટીમનો આભાર માન્યો. ગુજરાત સરકારના માતા અને બાળ મૃત્યુદર ઘટાડવાના અભિગમને સાકાર કરતી નડિયાદ 108ની ટીમને સલામ.

## ખેડા તાલુકાના શેત્રામાં પહેલીવાર ગામના કચરામાંથી ખાતર અને રિસાયકલિંગની પહેલ

### "સ્વચ્છતા ના ત્રણ રંગ" અંતર્ગત કચરાની છટણી જાગૃતિ કાર્યક્રમની યોજાઈ "કચરાની ભવાઈ", હવે દરરોજ સવારે ટ્રાઈસાયકલ દ્વારા ઘેરઘેરથી અલગ કરેલો કચરો એકત્રિત કરવામાં આવે છે

**નડિયાદ, તા.11**

ખેડા તાલુકાના શેત્રા ગામમાં એક સુંદર દ્રશ્ય જોવા મળ્યું, જ્યાં નાના બાળકોથી લઈને વડીલો સુધી, મહિલાઓ અને પુરુષો મોટી સંખ્યામાં "ભવાઈ" જોવા માટે એકત્રિત થયા હતા. આ પરંપરાગત લોકમનોરંજન માધ્યમ દ્વારા સ્વચ્છતા, કચરાની છટણી (Waste Segregation), ખોરાકનો બગાડ અને ખેતીમાં માઈકોરાઈઝાના ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. "સ્વચ્છતા ના ત્રણ રંગ" અંતર્ગત કચરાની છટણી જાગૃતિ કાર્યક્રમની યોજાઈ "કચરાની ભવાઈ"..આ જાગૃતિ કાર્યક્રમ "સ્વચ્છતા ના ત્રણ રંગ" અંતર્ગત આયોજિત કરવામાં આવ્યો હતો, કચરાનું અલગકરણ એટલે કે ઘરમાં કે અન્ય સ્થળે થતા કચરાને તેના પ્રકાર મુજબ અલગ-અલગ રાખવાની પ્રક્રિયા. ઉદાહરણ તરીકે: ભીનું કચરું (શાકભાજી, ખોરાક વગેરે) , સુકું કચરું (પ્લાસ્ટિક, કાગળ, કાચ વગેરે), જોખમી કચરું (બેટરી, દવા, કેમિકલ વગેરે) .. આ પ્રક્રિયાને "Waste Segregation" કહેવાય છે. જે ક્રેસ્ટ રેઝિન્સ પ્રા. લિ. ના સી.એસ.આર. સહયોગથી, શેત્રા ગ્રામ પંચાયત અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (DRDA-ખેડા) ના સહયોગથી તથા ફાર્મબ્રિજ સોશિયલ સપોર્ટ ફાઉન્ડેશન દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે.



શેત્રા ગામના સરપંચ ચૌહાણ ઈશ્વરભાઈ કાભાઈભાઈ, ઉપસરપંચ ચૌહાણ ભાટીભાઈ પ્રતાપભાઈ અને તલાટી શ્રી કુલદીપસિંહ મંડોરાના નેતૃત્વ હેઠળ શેત્રા તાલુકાના પ્રથમ ગામ છે, જ્યાં કચરા વ્યવસ્થાપન માટે વિગતવાર આયોજન અને ઘરઆંગણે કચરાના અલગાવની પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ પહેલનો સૌથી ઉત્સાહજનક ભાગ એ છે કે ગામલોકોનો સારો સહકાર મળી રહ્યો છે. હવે દરરોજ સવારે ટ્રાઈસાયકલ દ્વારા ઘેરઘેરથી અલગ કરેલો કચરો એકત્રિત કરવામાં આવે છે. ઘરેથી મળતો કુદરતી / ભીનો કચરો સ્વચ્છ ભારત મિશન -૨ હેઠળ બનાવવામાં આવેલા કોમ્પોસ્ટ પિટમાં ખાતરમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યો છે. જ્યારે સુકા કચરામાંથી પ્લાસ્ટિક બોટલ, પૂંઠું, મલ્ટીલેયર પ્લાસ્ટિક (MLPs) અને કાચને અલગ કરીને રિસાયકલ માટે તૈયાર કરવામાં આવે છે. આ પહેલના કારણે ગામના તળાવો અને ખુલ્લી જગ્યાઓમાં ઘરેલુ કચરો ફેંકવાની પ્રવૃત્તિમાં પણ ઘટાડો થયો છે. કચરા સંગ્રહ વ્યવસ્થા શરૂ થાય તે પહેલાં ક્રેસ્ટ રેઝિન્સ પ્રા. લિ. ના સી.એસ.આર. સહયોગથી ગામમાં વિશાળ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન ગામમાંથી અંદાજે ૭૫ ટન જેટલો જૂનો કચરો દૂર કરીને વૈજ્ઞાનિક પ્રોસેસિંગ અને નિકાલ માટે અમદાવાદ સ્થિત નેપ્રા પ્રા. લિ., અમદાવાદ ખાતે મોકલવામાં આવ્યો હતો. ભવાઈ જેવા પરંપરાગત લોકમનોરંજન માધ્યમ ઉપરાંત શાળાના બાળકોમાં કચરા વ્યવસ્થાપન અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિવિધ ઈન્ટરએક્ટિવ સત્રોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. બકેટ ગેમ્સ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજાઈ હતી તેમજ બાળપણથી જ ટકાઉ આદતો વિકસે તે માટે વિદ્યાર્થીઓને પર્યાવરણમૈત્રી "સીડ પેન્સિલ"નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પહેલ માત્ર કચરો એકત્રિત કે અલગ કરવાની નથી, પરંતુ ગામમાં સ્વચ્છતા, આરોગ્ય અને સામૂહિક જનભાગીદારીની એક મોટી ચળવળનો સ્તુત્ય પ્રયાસ છે...

## આગામી ચોમાસુ સીઝન માટે બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદીમાં સાવચેતી રાખવા ખેતીવાડી વિભાગની ખેડૂતોને અપીલ

**અમદાવાદ, તા.11**

અનઅધિકૃત અથવા ભળતા નામવાળા અમાન્ય બિયારણ, ખાતર અથવા જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોય તો ટેલિફોન નંબર (૦૭૯) ૨૭૫૦૬૬૪૬ પર સંપર્ક કરો, આગામી ચોમાસુ સીઝનને ધ્યાનમાં રાખીને અમદાવાદ જિલ્લાના ખેડૂતોને બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે પૂરતી તકેદારી રાખવા જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. અમદાવાદ જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી ડૉ. એચ. એમ. બાબરીયાએ જણાવ્યું છે કે ખેડૂતો માત્ર અધિકૃત લાયસન્સ અથવા પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા માન્ય ખાનગી વિક્રેતાઓ પાસેથી જ ખેતી માટે જરૂરી ઈનપુટોની ખરીદી કરે. તેમણે જણાવ્યું કે કોઈપણ સંજોગોમાં લાયસન્સ વગરના વ્યક્તિઓ, ફેરીયાઓ અથવા શંકાસ્પદ પેઢીઓ પાસેથી બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓની ખરીદી કરવી નહીં. આ પ્રકારની સાવચેતી રાખવાથી ખેડૂતો છેતરપીંડીથી બચી શકશે તેમજ ગુણવત્તાયુક્ત કૃષિ ઈનપુટ્સ મેળવી શકશે. ખરીદી સમયે વેપારી પાસેથી લાયસન્સ નંબર, સંપૂર્ણ નામ-સરનામું, ખરીદેલી વસ્તુનું નામ, લોટ નંબર તથા અન્ય જરૂરી વિગતો દર્શાવતું સહીયુક્ત બિલ અવશ્ય મેળવવું. ઉપરાંત, મુદત પૂર્ણ થયેલ બિયારણ, ખાતર અથવા જંતુનાશક દવાઓનો ઉપયોગ ટાળવા પણ ખેડૂતોને સૂચના આપવામાં આવી છે. ડૉ. બાબરીયાએ વધુમાં જણાવ્યું કે ખેતીમાં રાસાયણિક ખાતરોના અતિરેક અને આડેધડ ઉપયોગને કારણે જમીનની ફળદ્રુપતા પર પ્રતિકૂળ અસર પડી રહી છે. તેથી જમીન ચકાસણી આધારિત અને વૈજ્ઞાનિક ભલામણ મુજબ જ ખાતરનો ઉપયોગ કરવો જરૂરી છે. ખેતીલાયક જમીનને પ્રદૂષિત અને બિનઉપજાઉ બનતી અટકાવવા પ્રાકૃતિક ખેતી અપનાવવા પણ તેમણે ખેડૂતોને અનુરોધ કર્યો છે. આ માટે જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ), સાબરમતી, અમદાવાદ દ્વારા નિયમિત તાલીમ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. પાકને નિંદામણમુક્ત રાખવા પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે નિંદામણના કારણે પાકની વૃદ્ધિ અને ઉત્પાદન પર નકારાત્મક અસર થાય છે. જો ખેડૂતોના ધ્યાને અનઅધિકૃત અથવા ભળતા નામવાળા અમાન્ય બિયારણ, ખાતર અથવા જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવાનું આવે તો તેઓ તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), અમદાવાદની કચેરીનો ટેલિફોન નંબર (૦૭૯) ૨૭૫૦૬૬૪૬ પર સંપર્ક કરી જાણ કરી શકે છે. આ માટે સ્થાનિક ગ્રામસેવકની મદદ પણ લઈ શકાય છે.

### સરહદો વચ્ચે પણ અમેઠીની આયશા માટે રક્ષક બન્યું અમદાવાદનું સખી વન સ્ટોપ સેન્ટર

# સોલા સખી વન સ્ટોપ સેન્ટરના પ્રયાસોથી ઉત્તરપ્રદેશની દીકરીનું પિતા સાથે થયું ભાવુક મિલન

## અજાણ્યા શહેરમાં 181 અને સખી વન સ્ટોપ સેન્ટરની ટીમે મધરાતે ભટકેલી માનસિક અસ્વસ્થ યુવતીને સુરક્ષિત ઘરે પહોંચાડી

**અમદાવાદ, તા.11**

અમદાવાદના વ્યસ્ત વિસ્તારમાં જ્યારે ઉત્તર પ્રદેશની એક અજાણી યુવતી રસ્તો ભટકીને આવી ચડી, ત્યારે તેની પાસે ન તો કોઈ ઓળખ હતી, ન તો વ્યક્ત કરવા માટે શબ્દો! ગત 30 માર્ચ, 2026ના રોજ 181 મહિલા હેલ્પલાઈન દ્વારા આ 18 વર્ષીય યુવતી આયશા(નામ બદલેલું છે.) ને સોલા સ્થિત 'સખી વન સ્ટોપ સેન્ટર' ખાતે આશ્રય માટે લાવવામાં આવી હતી. શરૂઆતમાં આયશા એટલી ડરેલી હતી કે કાઉન્સેલિંગના અનેક પ્રયત્નો છતાં તે કંઈ પણ બોલવા તૈયાર નહોતી. તેની આંખોમાં અજાણ્યા શહેરનો ભય અને મનમાં ઉંડી વેદના સ્પષ્ટ દેખાતી હતી.મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓએ આ કપરી પરિસ્થિતિમાં આયશાને એક પરિવાર જેવો સ્નેહ આપવાનું નક્કી કર્યું. સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફે આયશા માટે ઘર જેવો જ માહોલ ઉભો કર્યો અને તેની સાથે સતત સંવાદ સાધતા રહ્યા. ધીમે-ધીમે પ્રેમ અને વિશ્વાસની અસર થઈ અને આયશાએ મૌન તોડીને તેના જીજાજીનો મોબાઈલ નંબર આપ્યો. આ એક નાનકડી માહિતી વિખુટા પડેલા પરિવારને ફરી જોડવા માટેની સૌથી મોટી કડી સાબિત થઈ.

આયશાના સંબંધીનો નંબર મળતા જ સોલા સખી વન સ્ટોપ સેન્ટર ટીમ દ્વારા તત્કાલિક તેના પરિવારનો સંપર્ક કરવામાં આવ્યો અને ટૂંક જ સમયમાં આયશાના પિતા, ભાઈ અને જીજાજી ઉત્તરપ્રદેશના અમેઠીથી દોડીને અમદાવાદ આવી પહોંચ્યા. આયશાના પરિવારની પૂછપરછમાં જાણવા મળ્યું કે આયશા



માનસિક રીતે અસ્વસ્થ હોવાથી રસ્તો ભટકી ગઈ હતી. પોતાની દીકરીને અજાણ્યા રાજ્યમાં સુરક્ષિત અને સલામત જોઈને પિતાની આંખો હર્ષના આંસુથી છલકાઈ ગઈ હતી. પરિવારના સભ્યોએ ગુજરાત સરકારની આ સંસ્થા અને ત્યાંના સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.આ ઘટના સખી વન સ્ટોપ સેન્ટરની અનિવાર્યતા અને તેમની સંવેદનશીલ કાર્યપ્રણાલીને ઉજાગર કરે છે. મુશ્કેલીમાં મુકાયેલી કે હિંસાનો ભોગ બનેલી મહિલાઓ માટે આ કેન્દ્ર માત્ર આશ્રયસ્થાન જ નહીં, પરંતુ સુરક્ષા અને આત્મવિશ્વાસનું પ્રતીક બની રહ્યું છે. કાયદાકીય મદદથી લઈને મનોવૈજ્ઞાનિક સહકાર અને પુનઃ સ્થાપન સુધીની તમામ સેવાઓ પૂરી પાડીને આ કેન્દ્ર સાચા અર્થમાં



મહિલાઓની 'સખી' બનીને ઉભરી રહ્યું છે. અમદાવાદના વ્યસ્ત વિસ્તારમાં જ્યારે ઉત્તર પ્રદેશની એક અજાણી યુવતી રસ્તો ભટકીને આવી ચડી, ત્યારે તેની પાસે ન તો કોઈ ઓળખ હતી, ન તો વ્યક્ત કરવા માટે શબ્દો! ગત 30 માર્ચ, 2026ના રોજ 181 મહિલા હેલ્પલાઈન દ્વારા આ 18 વર્ષીય યુવતી આયશા(નામ બદલેલું છે.)ને સોલા સ્થિત 'સખી વન સ્ટોપ સેન્ટર' ખાતે આશ્રય માટે લાવવામાં આવી હતી. શરૂઆતમાં આયશા એટલી ડરેલી હતી કે કાઉન્સેલિંગના અનેક પ્રયત્નો છતાં તે કંઈ પણ બોલવા તૈયાર નહોતી. તેની આંખોમાં અજાણ્યા શહેરનો ભય અને મનમાં ઉંડી વેદના સ્પષ્ટ દેખાતી હતી.મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓએ આ કપરી પરિસ્થિતિમાં આયશાને એક પરિવાર જેવો સ્નેહ આપવાનું નક્કી કર્યું. સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફે આયશા માટે ઘર જેવો જ માહોલ ઉભો કર્યો અને તેની સાથે સતત સંવાદ સાધતા રહ્યા. ધીમે-ધીમે પ્રેમ અને વિશ્વાસની અસર થઈ અને આયશાએ મૌન તોડીને તેના જીજાજીનો મોબાઈલ નંબર આપ્યો. આ એક નાનકડી માહિતી વિખુટા પડેલા પરિવારને ફરી જોડવા માટેની સૌથી મોટી કડી સાબિત થઈ. આયશાના સંબંધીનો નંબર મળતા જ સોલા સખી વન સ્ટોપ સેન્ટર ટીમ દ્વારા તત્કાલિક તેના પરિવારનો સંપર્ક કરવામાં આવ્યો અને ટૂંક જ સમયમાં આયશાના પિતા, ભાઈ અને જીજાજી ઉત્તરપ્રદેશના અમેઠીથી દોડીને અમદાવાદ આવી પહોંચ્યા. આયશાના પરિવારની પૂછપરછમાં જાણવા મળ્યું કે આયશા માનસિક રીતે અસ્વસ્થ હોવાથી રસ્તો ભટકી ગઈ હતી. પોતાની દીકરીને અજાણ્યા રાજ્યમાં સુરક્ષિત અને સલામત જોઈને પિતાની આંખો હર્ષના આંસુથી છલકાઈ ગઈ હતી. પરિવારના સભ્યોએ ગુજરાત સરકારની આ સંસ્થા અને ત્યાંના સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.આ ઘટના સખી વન સ્ટોપ સેન્ટરની અનિવાર્યતા અને તેમની સંવેદનશીલ કાર્યપ્રણાલીને ઉજાગર કરે છે. મુશ્કેલીમાં મુકાયેલી કે હિંસાનો ભોગ બનેલી મહિલાઓ માટે આ કેન્દ્ર માત્ર આશ્રયસ્થાન જ નહીં, પરંતુ સુરક્ષા અને આત્મવિશ્વાસનું પ્રતીક બની રહ્યું છે. કાયદાકીય મદદથી લઈને મનોવૈજ્ઞાનિક સહકાર અને પુનઃ સ્થાપન સુધીની તમામ સેવાઓ પૂરી પાડીને આ કેન્દ્ર સાચા અર્થમાં મહિલાઓની 'સખી' બનીને ઉભરી રહ્યું છે.

# રાતે 11 વાગ્યા પછી હાર્દિક ઇન્સ્ટાગ્રામ પર રઘવાયો થયો! : સૂર્યા-તિલક અને મુંબઈના પેજને 'અનફોલો' કરી દીધું? હાર ન પચતાં ક્રિકેટરે છેડો ફાડ્યો હોવાની ચર્ચા

**મુંબઈ, તા.11**

IPL 2026માં મુંબઈ ઈન્ડિયન્સ (MI)ના શરમજનક પ્રદર્શન બાદ હવે મેદાનની બહાર પણ વિવાદ શરૂ થયો છે. રવિવારે (10 મે) રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની હાર સાથે જ પાંચ વખતની ચેમ્પિયન ટીમ પ્લેઓફની રેસમાંથી બહાર ફેંકાઈ ગઈ હતી. આ હારના ગણતરીના કલાકોમાં જ કેપ્ટન હાર્દિક પંડ્યાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર થયેલી હિલચાલથી ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે.



રોહિત, સૂર્યા અને તિલકને કર્યા અનફોલો?

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા સ્ક્રીનશોટ અને અહેવાલો મુજબ, હાર્દિક પંડ્યાએ પૂર્વ કેપ્ટન રોહિત શર્મા, સ્ટાર બેટ્સમેન સૂર્યકુમાર યાદવ અને યુવા ખેલાડી તિલક વર્માને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કરી દીધા હોવાની વાતો વહેતી થઈ છે. એટલું જ નહીં, હાર્દિકે મુંબઈ ઈન્ડિયન્સના સત્તાવાર પેજને પણ થોડા સમય માટે અનફોલો કર્યું હતું અને ફ્રેન્ચાઈઝીને લગતી કેટલીક જૂની પોસ્ટ્સ પણ ડિલીટ કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે, થોડા સમયમાં જ હાર્દિકે MI ના પેજને ફરી ફોલો કરી લીધું છે, પરંતુ તેના ફોલોઈંગ લિસ્ટમાં હજુ પણ રોહિત શર્માનું નામ ગાયબ છે. હાલમાં હાર્દિક 151 લોકોને ફોલો કરે છે, જેમાં વિરાટ કોહલી અને જસપ્રીત બુમરાહ સામેલ છે, પણ રોહિત નથી. વાયરલ પોસ્ટ્સ મુજબ, રાતે 11:20 વાગ્યે હાર્દિકે સૂર્યકુમાર યાદવને અને ત્યારબાદ 11:25 વાગ્યે તિલક વર્માને અનફોલો કર્યા હતા. એટલું જ નહીં, રાતે 11:30 વાગ્યે તેણે મુંબઈ ઈન્ડિયન્સના સત્તાવાર એકાઉન્ટને પણ અનફોલો કરી દીધું હતું, જોકે મોડી રાતે 12:29 વાગ્યે તેણે ફરીથી ફ્રેન્ચાઈઝીને ફોલો કરી લીધું હોવાનું કહેવાય છે. મિનિટોના અંતરે થયેલી આ કથિત ગતિવિધિઓના સ્ક્રીનશોટ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચાહકોમાં એવી ચર્ચા જાગી છે કે શું આ કોઈ ટેકનિકલ ખામી હતી કે પછી હાર બાદ ટીમમાં સર્જાયેલા કોઈ મોટા વિખવાદનો સંકેત? જોકે, આ દાવાઓની સત્યતા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી.

ફેક ચેક: હકીકત શું છે?

સોશિયલ મીડિયાના ડેટા તપાસતા નીચે મુજબની બાબતો સામે આવી છે: મુંબઈ ઈન્ડિયન્સનું પેજ: હાર્દિક પંડ્યા હાલમાં મુંબઈ ઈન્ડિયન્સના સત્તાવાર પેજને ફોલો કરી રહ્યો છે. એવું માનવામાં આવી રહ્યું છે કે કદાચ ટેકનિકલ ગ્લિચ છે અથવા ક્રિકેટરથી ભૂલમાં અનફોલો થઈ ગયું હશે. સત્તાવાર રીતે આ બાબત પર કોઈના નિવેદન સામે આવ્યા નથી. રોહિત શર્માને ફોલો કરવાનો પ્રશ્ન: હકીકત એ છે કે હાર્દિક પંડ્યા અને રોહિત શર્મા લાંબા સમયથી એકબીજાને ઈન્સ્ટાગ્રામ પર ફોલો કરતા નથી.

# RCB કોચ એન્ડી ફ્લાવર પર મેચ ફીનો 15% દંડ, અમ્પાયર સાથે ઉગ્ર બોલચાલ અને ગાળોનો ઉપયોગ કર્યો

**નવી દિલ્હી, તા.11**

IPL 2026માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ના હેડ કોચ એન્ડી ફ્લાવર પર BCCIએ કડક કાર્યવાહી કરી છે. મેચ દરમિયાન અમ્પાયર સાથે આક્રમક વર્તન અને અપશબ્દોના ઉપયોગ બદલ તેના પર મેચ ફીના 15% દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઘટના રવિવાર, 10 મેના રોજ રાયપુરમાં RCB VS MI મેચ દરમિયાન બની હતી. 18મી ઓવરમાં એન્ડી ફ્લાવર ચોથા અમ્પાયર સાથે કોઈ નિર્ણયને લઈને ઉગ્ર દલીલ કરતા જોવા મળ્યો હતો. IPLની ગવર્નિંગ બોડીએ તેને અનુશાસનહીનતા ગણીને લેવલ-1નો ગુનો જાહેર કર્યો છે.



અમ્પાયર સાથે ભીડાયો એન્ડી, માઈકમાં કેદ થયા અપશબ્દો

રિપોર્ટ અનુસાર, મેચના રોમાંચક મોડ પર એન્ડી ફ્લાવર ડગઆઉટ પાસે હાજર ચોથા અમ્પાયર સાથે આક્રમક રીતે વાત કરવા લાગ્યા. IPL કોડ ઓફ કન્ડક્ટના અનુચ્છેદ 2.3 હેઠળ મેચ દરમિયાન 'ઓડિબલ ઓબ્સેનિટી'નો ઉપયોગ પ્રતિબંધિત છે. એન્ડી ફ્લાવરના શબ્દો બ્રોડકાસ્ટિંગ માઈકમાં સંભળાયા, ત્યારબાદ મેચ રેફરી અમિત શર્માએ તેના પર પેનલ્ટી લગાવી. એન્ડી ફ્લાવરે ભૂલ સ્વીકારીને સજા માન્ય રાખી છે.

શું કહે છે IPLનો આર્ટિકલ 2.3

IPL ના નિયમો અનુસાર, આર્ટિકલ 2.3 એવા ખેલાડીઓ કે અધિકારીઓને લાગુ પડે છે જેઓ મેચ દરમિયાન અભદ્ર કે અશ્લીલ ભાષાનો ઉપયોગ કરે છે. એન્ડી ફ્લાવરે ભૂલ સ્વીકારી લીધી હોવાથી, આ મામલે ઔપચારિક સુનાવણીની જરૂર પડી ન હતી. IPL માં કોચ અને સપોર્ટ સ્ટાફ પર દંડ લાગવો દુર્લભ માનવામાં આવે છે, પરંતુ અમ્પાયરના સન્માનને લઈને બોર્ડ આ વખતે ગંભીર દેખાઈ રહ્યું છે. IPL 2026 માં શિસ્તને લઈને BCCIનું વલણ કડક રહ્યું છે. એન્ડી ફ્લાવર પહેલાં ઘણા કેપ્ટન અને ખેલાડીઓ પોતાની મેચ ફીનો મોટો હિસ્સો દંડમાં ગુમાવી ચૂક્યો છે.

# મુંબઈ પ્લેઓફની રેસમાંથી બહાર : બેંગલુરુએ 2 વિકેટથી હરાવ્યું; કૃણાલની ફિફ્ટી, ભુવનેશ્વરની 4 વિકેટ કામ લાગી

**નવી દિલ્હી, તા.11**

મુંબઈ ઈન્ડિયન્સ IPLની પ્લેઓફ રેસમાંથી બહાર થઈ ગઈ છે. રવિવારની બીજી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ તેને 2 વિકેટથી હરાવ્યું હતું. આ હાર બાદ મુંબઈની ટીમ હવે પછીની ત્રણેય મેચ જીતીને પણ માત્ર 12 પોઈન્ટ સુધી જ પહોંચી શકશે, જે પ્લેઓફમાં ક્વોલિફાય થવા માટે પૂરતા નથી. રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ સ્ટેડિયમમાં બેંગલુરુએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. મુંબઈએ 20 ઓવરમાં 7 વિકેટે 166 રન બનાવ્યા હતા. 167 રનનો ટાર્ગેટ બેંગલુરુએ 20મી ઓવરના છેલ્લા બોલે ચેઝ કર્યો હતો. ટીમે 8 વિકેટ ગુમાવી દીધી હતી. બેંગલુરુ તરફથી કૃણાલ પંડ્યાએ 46 બોલમાં 73 રનની શાનદાર ઈનિંગ રમી હતી. બીજી તરફ, બોલિંગમાં ભુવનેશ્વર કુમારે 4 વિકેટ ઝડપી હતી.



બંને ટીમની પ્લેઈંગ-11

મુંબઈ ઈન્ડિયન્સ (MI): રોહિત શર્મા, રાયન રિકલટન (વિકેટકીપર), નમન ધીર, સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), તિલક વર્મા, વિલ જેક્સ, રાજ બાવા, કોર્બિન બોશ, દીપક ચાહર, જસપ્રિત બુમરાહ, એ.એમ. ગઝનફર. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB): વિરાટ કોહલી, જેકોબ બેથેલ, રજત પાટીદાર (કેપ્ટન), જીતેશ શર્મા (વિકેટકીપર), ટીમ ડેવિડ, રોમારિયો શેફર્ડ, કૃણાલ પંડ્યા, ભુવનેશ્વર કુમાર, જોશ હેઝલવુડ, સુયશ શર્મા, રાસિખ સલામ ડાર.

રોમાંચક મુકાબલામાં બેંગલુરુની જીત

બેંગલુરુએ 20મી ઓવરના છેલ્લા બોલ પર બે રન બનાવીને IPLમાં રોમાંચક જીત નોંધાવી છે. ટીમને છેલ્લી ઓવરમાં જીતવા માટે 15 રનની જરૂર હતી.

# ચેસ કોઈ સસ્તી રમત નથી! : ગ્રાન્ડમાસ્ટર બનવામાં રૂ.50 થી 70 લાખનો ખર્ચ, તાજેતરના GMના માતા-પિતાને ઘરેણાં વેચવા પડ્યા

**કોલકાતા, તા.11**

ઘણીવાર લોકોને લાગે છે કે ચેસ એક સસ્તી રમત છે, કારણ કે તેમાં અન્ય રમતોની જેમ મોંઘા સાધનો, મોટા સ્ટેડિયમ કે સ્પોર્ટ્સ સાયન્સ ટીમની જરૂર નથી હોતી. પરંતુ ભારતના નવા ચેસ ગ્રાન્ડમાસ્ટર્સની સફળતાની માન્યતાને સંપૂર્ણપણે તોડી નાખી છે. વાસ્તવિકતા એ છે કે આજે એક બાળકને ગ્રાન્ડમાસ્ટર બનાવવામાં 50થી 70 લાખ રૂપિયાનો મોટો ખર્ચ આવે છે. તાજેતરમાં ભારતના 95મા ગ્રાન્ડમાસ્ટર બનેલા આરોણ્યક ઘોષ અને 94મા ગ્રાન્ડમાસ્ટર મયંક ચક્રવર્તીના પરિવારોનો સંઘર્ષ તેનું જીવંત ઉદાહરણ છે. આરોણ્યકના પિતા મૃણાલ ઘોષ જણાવે છે કે તેમણે પોતાના પુત્ર પાછળ છેલ્લા 15 વર્ષમાં લગભગ 46 લાખ રૂપિયા ખર્ચ કર્યો. તેમનું માનવું છે કે ભારતમાં GM બનવા માટે કદાચ સૌથી ઓછી રકમ છે. બેંગકોક ચેસ ક્લબ ઓપનમાં ત્રીજો અને અંતિમ GM નોર્મ હાંસલ કરનાર આરોણ્યક માટે પિતાને વારસાગઈ જમીન અને માતા સંચિતાને લગ્નના ઘરેણાં વેચવા પડ્યા. ઈનામી રકમનો એક-એક પૈસો રમતમાં પાછો લગાવી દેવામાં આવ્યો. જ્યારે, પૂર્વોત્તર ભારતના એકમાત્ર GM મયંકની માતા મોનોમિતા ચક્રવર્તી કહે છે કે શરૂઆતથી GM બનવા સુધી માતા-પિતાએ 70 લાખ રૂપિયા તૈયાર રાખવા જોઈએ. આ ફક્ત GM બનવા સુધીનો ખર્ચ છે. 12 વર્ષીય ફિડે માસ્ટર (GMથી બે પગલાં પાછળ) આરવ સરબલિયાના પિતા યતિનનો અંદાજ છે કે ફક્ત 2025માં તેમણે આરવ પર 25-30 લાખ રૂપિયા ખર્ચ કર્યા. તે ટુર્નામેન્ટ માટે 4 મહિના સુધી વિદેશમાં રહ્યા. સ્પોન્સરશિપ ન મળતાં તેમણે કમાણી માટે સોશિયલ મીડિયા પર કન્ટેન્ટ બનાવવાનું શરૂ કરી દીધું. ચેસમાં સૌથી મોટો ખર્ચ કોચિંગ છે. ગ્રાન્ડમાસ્ટર કોચની ફી 10,000 થી 20,000 રૂપિયા પ્રતિ કલાક હોય છે અને એકથી વધુ કોચ રાખવા પડે છે. નોર્મ્સ માટે વર્ષમાં 6-8 યુરોપ પ્રવાસોનો ખર્ચ 15-20 લાખ રૂપિયા આવે છે. પ્રેક્ટિસ માટે ટ્રેનિંગ પાર્ટનર અને 'સેકન્ડ્સ' (જે મેચની તૈયારી કરાવે છે) ને કલાકના હિસાબે ભારે ફી ચૂકવવી પડે છે. ઘણીવાર આ કોચ ઈનામી રકમમાં પણ હિસ્સો માંગે છે. મૃણાલ ઘોષ કહે છે કે 2500 રેટિંગ પાર કરીને GM બનવા પર આયોજકો રહેવા અને ફ્લાઈટનો ખર્ચ ઉઠાવે છે, પરંતુ મારો દીકરો 2550 રેટિંગ પર છે. તેને 2650 સુધી લઈ જવામાં એટલા પૈસા લાગશે કે હું સપના જોતા પણ ડરું છું. સ્પોન્સરશિપ મુશ્કેલ, શેરિંગ એપાર્ટમેન્ટ્સમાં રહે છે- ચેસની રમતમાં સ્પોન્સર મળવા મુશ્કેલ છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની પ્રોત્સાહન રકમ પણ બંધ થઈ ગઈ છે. આવા સંજોગોમાં ગુવાહાટીથી આવતા મયંકને વિદેશી પ્રવાસ પર કનેક્ટિંગ ફ્લાઈટનો વધારાનો ખર્ચ ઉઠાવવો પડે છે. - ખર્ચ બચાવવા માટે પરિવાર યુરોપમાં સસ્તા શેરિંગ એપાર્ટમેન્ટમાં રોકાય છે અને ઘરનું ખાવાનું લઈ જાય છે.





# જેકલીનની છટકબારી સામે EDની લાલ આંખ : સરકારી સાક્ષી બનાવવાની ઘસીને ના પાડી દીધી

**મુંબઈ, તા.11**

બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિઝની મુશ્કેલીમાં વધારો થયો છે. 200 કરોડના મની લોન્ડરિંગ કેસમાં બોયફ્રેન્ડ સુકેશ ચંદ્રશેખર વિરુદ્ધ જઈને 'સરકારી સાક્ષી' બનવાની અરજી સામે ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)એ વાંધો ઉઠાવ્યો છે. EDએ અરજીનો વિરોધ કર્યો હતો અને દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું હતું કે, 'તેની (જેકલીન) વિરુદ્ધ પૂરતા પુરાવા છે.'

'જેકલીને જાણીજોઈને ગેરકાયદેસર નાણાંનો આનંદ માણ્યો છે'

EDએ દાવો કર્યો છે કે, 'જેકલીન સુકેશના ગુનાહિત પૃષ્ઠભૂમિ (ક્રિમિનલ બેકગ્રાઉન્ડ)થી સંપૂર્ણપણે વાકેફ હતી પરંતુ તેણે હજુ પણ તેની સાથેના તેના સંબંધો ચાલુ રાખ્યા અને તેની પાસેથી મોંઘી ભેટો સ્વીકારી, અને તેની પાસેથી ગેરકાયદેસર નાણાંનો આનંદ માણ્યો.' એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સોમવારે કોર્ટને જણાવ્યું હતું કે, તેઓ એક્ટ્રેસની 200 કરોડના મની લોન્ડરિંગ કેસમાં સરકારી સાક્ષી બનવાની અરજીનો વિરોધ કરી રહ્યા છે.

સરકારી સાક્ષી કોણ બની શકે છે?

સરકારી સાક્ષી એ એક આરોપી વ્યક્તિ છે, જે સંભવિત કાનૂની રાહત મેળવવાના બદલામાં મુખ્ય આરોપી વિરુદ્ધ માહિતી અને પુરાવા શેર કરીને તપાસકર્તાઓને મદદ કરવા સંમત થાય છે. જેકલીને તાજેતરમાં ચાલી રહેલા કેસમાં સરકારી સાક્ષી બનવાની પરવાનગી માંગવા માટે કોર્ટનો સંપર્ક કર્યો હતો. ED એ કોર્ટમાં દાવો કર્યો કે, 'જેકલીન આ મામલામાં માત્ર નિષ્ક્રિય સહભાગી ન હતી.' એજન્સીએ જણાવ્યું કે, 'તેણે ગુનાની કમાણીમાંથી જાણી જોઈને લાભ મેળવ્યો હતો અને સુકેશ સાથે કોલ અને મેસેજ દ્વારા નિયમિત સંપર્ક જાળવી રાખ્યો હતો.' તપાસકર્તાઓએ વધુમાં દલીલ કરી કે તેને સરકારી સાક્ષી બનવાની મંજૂરી આપવાથી કેસની ગંભીરતા નબળી પડી શકે છે.'

સુકેશે વાસ્તવિકતા છૂપાવી હોવાનો જેકલીનનો દાવો

જેકલીન ફર્નાન્ડિઝે તેની સામેના તમામ આરોપોને નકારી કાઢ્યા છે. તેણે અગાઉ જણાવ્યું હતું કે, સુકેશે એક સાચા ઉદ્યોગપતિ હોવાનો ઢોંગ કરીને તેને ગેરમાર્ગે દોરી હતી અને ભાવનાત્મક રીતે હેરાન કરી હતી. એક્ટ્રેસે એવો પણ દાવો કર્યો છે કે, આ વિવાદે તેના અંગત જીવન અને વ્યાવસાયિક કારકિર્દી બંનેને નકારાત્મક અસર કરી છે. સુકેશ હાલમાં દિલ્હીની મંડોલી જેલમાં બંધ છે (તેને નવેમ્બર 2023માં તિહારથી અહીં સ્થાનાંતરિત કરવામાં આવ્યો હતો). જ્યાંથી તે અવારનવાર જેકલીનને લવ લેટર મોકલતો રહે છે.

# 'સૈયારા' જેવી લવસ્ટોરીમાં 'કબીરસિંહ' જેવો ટ્વિસ્ટ! : લક્ષ્ય-અનન્યાની 'ચાંદ મેરા દિલ'નું ટ્રેલર રિલીઝ

**મુંબઈ, તા.11**



બોલિવૂડમાં ફરી પ્રેમ કહાનીનો દોર પાછો ફરી રહ્યો હોય તેમ લાગે છે. ધર્મા પ્રોડક્શન્સના બેનર હેઠળ બનેલી ફિલ્મ 'ચાંદ મેરા દિલ'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે, જે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યું છે. આ ફિલ્મમાં 'કિલ' ફેમ લક્ષ્ય લાલવાની અને અનન્યા પાંડેની ફ્રેશ જોડી જોવા મળી રહી છે. આશરે 3 મિનિટનું આ ટ્રેલર દર્શાવે છે કે આ કોઈ 'પરફેક્ટ' લવસ્ટોરી નથી, પણ એક એવી કહાણી છે જેમાં પ્રેમની સાથે સાથે ભૂલો અને તેનો ટ્રેજિક અંત બતાવવામાં આવ્યો છે. ટ્રેલરમાં અનન્યા પાંડેનો એક ડાયલોગ ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે: 'ઈજ્જત પ્યાર સે બડી હોતી હૈ.' વિવેક સોનીના ડિરેકશનમાં બનેલી આ ફિલ્મમાં લક્ષ્ય-અનન્યા વચ્ચેની કેમેસ્ટ્રી જોવા જેવી છે. ટ્રેલરની શરૂઆત એક ભાવુક દ્રશ્યથી થાય છે જ્યાં લક્ષ્ય માફી માંગી રહ્યો છે, જ્યારે ફ્લેશબેકમાં તેની રોમેન્ટિક દુનિયા બતાવવામાં આવી છે. ટ્રેલર રિલીઝ થતા જ ચાહકો તેની સરખામણી સુપરહિટ રોમેન્ટિક ડ્રામા 'સૈયારા' સાથે કરી રહ્યા છે. યૂઝર્સનું કહેવું છે કે આ ફિલ્મમાં 'સૈયારા' જેવો જ અહેસાસ છે, પરંતુ લવસ્ટોરીમાં 'કબીરસિંહ' જેવો ટ્વિસ્ટ આવતો હોય તેવું પણ લાગી રહ્યું છે. ફિલ્મમાં પ્રેમની રજૂઆત થોડી વધુ મેચ્યોર છે.

# 'રસ્તો ક્રોસ કરતા પણ ડર લાગતો હતો!' : જસ્મિન ભસીન હવે 'ખતરોં કે ખિલાડી'માં જોવા મળશે



**મુંબઈ, તા.11**

જસ્મિન ભસીન ટીવી ઈન્ડસ્ટ્રીનો એ ચહેરો છે, જેમણે પોતાની 'અનફિલ્ટર્ડ' અંદાજથી દરેક ઘરમાં પોતાની જગ્યા બનાવી છે. 'ખતરોં કે ખિલાડી'ની ગત સીઝનમાં તેના રડવા અને ડરવા છતાં સ્ટંટ પૂરા કરવાના જુસ્સાને દર્શકોએ ખૂબ વખાણ્યો હતો. હવે જસ્મિન ફરી એકવાર 'ડરના નવા દોર'માં પગ મૂકવા જઈ રહી છે. વિશેષ વાતચીતમાં જસ્મિને પોતાના જીવનના એ પાના પલટાવ્યા, જ્યાં ક્યારેક તે રસ્તો પાર કરતા પણ ગભરાતી હતી. તેણે જણાવ્યું કે કેવી રીતે એક પ્રોટેક્ટિવ માહોલમાંથી બહાર નીકળીને તેણે પોતાની ઓળખ બનાવી અને આજે તેને કઈ વાતનો સૌથી મોટો ડર સતાવે છે. સાથે જ, અલી ગોનીના એ 'ગુરુ મંત્ર'નો પણ ઉલ્લેખ કર્યો જે આ વખતે તેની ઢાલ બનશે. સાચું કહું તો, જ્યારે હું પહેલીવાર ગઈ હતી, ત્યારે હું રસ્તો ક્રોસ કરવાથી પણ ડરતી હતી. હું ખૂબ જ સુરક્ષિત વાતાવરણમાં ઉછરી છું, જ્યાં દરેક વસ્તુ માટે કોઈને કોઈ સાથે રહેતું હતું. તે સમયે દરેક વસ્તુ નવી અને ડરામણી હતી. આજે પણ ઊંચાઈ અને પાણીની અંદર ઓક્સિજન વગર રહેવાથી ડર લાગે છે. ફોબિયા ખતમ થયા નથી, બસ હું આશા રાખું છું કે આ વખતે હું તેનો વધુ સારી રીતે સામનો કરી શકીશ.

# અવિકા ગૌર હવે 'ખતરોં કે ખિલાડી'માં ફરી દેખાશે



**મુંબઈ, તા.11**

'બાલિકા વધૂ' બનીને ઘેર ઘેર પોતાની ઓળખ બનાવનાર અવિકા ગૌર ફરી એકવાર નાના પડદા પર વાપસી કરી રહી છે. તે રોહિત શેટ્ટીના સ્ટંટ બેઝ્ડ રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી'માં પોતાના ડરનો સામનો કરતી જોવા મળશે. ખાસ વાતચીતમાં અવિકાએ પોતાના જીવનના સૌથી મોટા ડર, ટીનેજ દરમિયાન આવેલા માનસિક બદલાવ અને પોતાને સંભાળવાની પોતાની અનોખી ટેકનિક પર ખુલીને વાત કરી. અવિકાએ સ્વીકાર્યું કે એક સમય એવો હતો જ્યારે તે પોતાને નાપસંદ કરવા લાગી હતી અને અરીસો જોવાથી પણ કતરાતી હતી. તેણે સોશિયલ મીડિયા પર પોતાની 'રિયલ ઈમેજ'ને લઈને પણ રસપ્રદ ખુલાસા કર્યા. પ્રશ્ન: તમે ફરી એકવાર 'ખતરોં કે ખિલાડી'માં જોવા મળવાના છો, શું હવે તમે સંપૂર્ણપણે 'ફિયરલેસ' (નિર્ભય) બની ગયા છો? જવાબ: સાચું કહું તો મને આ 'ફિયરલેસ' (નિર્ભય) ટેગથી જ ડર લાગે છે. મને ઘણી બધી વસ્તુઓથી ડર લાગે છે. આ એક એવો શો છે જ્યાં તમારે ઊંચાઈ, પાણી, જીવજંતુઓ જેવા દરેક પ્રકારના ડરનો સામનો કરવો પડે છે. હું બસ એવી આશા રાખું છું કે આ વખતે હું આ બધાનો સારી રીતે સામનો કરી શકું. પ્રશ્ન: તમે પહેલા પણ આ શોનો ભાગ રહી ચૂક્યા છો, શું તે અનુભવથી જૂના ડર દૂર થયા? જવાબ: કંઈપણ સમાપ્ત થયું નથી, બલ્કે મારા ડર વધુ વધી ગયા છે. સીઝન-9 માં જ્યારે હું ગઈ હતી, ત્યારે મને લાગતું હતું કે હું કોઈ પણ વસ્તુથી ડરતી નથી. ત્યાં જઈને ખબર પડી કે મને ઊંચાઈ અને પાણીથી ખૂબ ડર લાગે છે. હું ખૂબ જ ઓવરકોન્ફિડન્સમાં હતી અને કદાચ એટલે જ પહેલા જ એલિમિનેશનમાં બહાર થઈ ગઈ હતી. પ્રશ્ન: આ વખતે તમારી શું તૈયારી છે? જવાબ: આ વખતે હું પોતાને વધુ પરિપક્વ અનુભવી રહી છું. મારી વ્યૂહરચના ફક્ત એટલી જ છે કે હું પ્રામાણિક રહીશ. હું એવું વિચારીને નહીં જાઉં કે બધું સરળ છે. જો મને ડર લાગશે, તો હું ખુલ્લેઆમ કહીશ કે મારાથી નથી થઈ રહ્યું. હું મારા ડરનો સામનો ખુલ્લા મનથી કરવા માંગુ છું.

# PM મોદીની અપીલ બાદ જ્વેલરીના શેર 10% તૂટ્યા : એક વર્ષ સોનું ન ખરીદવા કહ્યું; માગ 10% સુધી ઘટી શકે છે

**નવી દિલ્હી, તા.11**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એક નિવેદન બાદ આજે 11 મેના રોજ જ્વેલરી કંપનીઓના શેર 10% સુધી ગગડી ગયા. પીએમ મોદીએ હૈદરાબાદમાં એક કાર્યક્રમ દરમિયાન નાગરિકોને અપીલ કરી છે કે તેઓ એક વર્ષ સુધી સોનું ન ખરીદે. આ નિવેદન બાદ રોકાણકારોમાં ગભરાટ છે. કલ્યાણ જ્વેલર્સ અને સેન્કો ગોલ્ડના શેર 10-10% સુધી તૂટી ગયા. જ્યારે, દેશની સૌથી મોટી જ્વેલરી કંપની ટાઈટનના શેરમાં 7%નો ઘટાડો થયો છે. આ ઉપરાંત પીએન ગાડગિલ 8%, થંગમયિલ જ્વેલરી 6% અને અન્ય નાના જ્વેલરી શેરોમાં પણ નબળાઈ જોવા મળી છે.

પીએમ મોદીએ શા માટે આવી અપીલ કરી?

હૈદરાબાદમાં એક જાહેર કાર્યક્રમને સંબોધિત કરતા પીએમ મોદીએ વિદેશી મુદ્રા ભંડાર બચાવવા માટે આ અપીલ કરી છે. તેમણે આ કાર્યક્રમમાં ત્રણ સૂચનો આપ્યા

1. એક વર્ષ સુધી સોનું ન ખરીદો.
2. વર્ક ફ્રોમ હોમ કલ્ચર અપનાવો.
3. બિનજરૂરી યાત્રાઓ અને વિદેશ પ્રવાસો ટાળો.

ટાઈટનનો શેર ખુલતાની સાથે જ ધરાશાયી

સૌથી પહેલા સોમવારે તમામ જ્વેલરી સ્ટોક્સમાં આવેલા ઘટાડા વિશે જણાવીએ તો Titan Share ખુલતાની સાથે જ તેના અગાઉના બંધ ભાવ 4517 રૂપિયાથી ઘટીને 4350 રૂપિયા પર ખુલ્યો અને પછી જોતજોતામાં 7 ટકાથી વધુનો ઘટાડો લઈને 4150 રૂપિયાના સ્તરે આવી ગયો. આ મોટા ઘટાડાને કારણે ટાટા ગ્રુપની કંપનીની માર્કેટ વેલ્યુ પણ ઘટીને 3.75 લાખ કરોડ રૂપિયા પર આવી ગઈ.

આ જ્વેલરી સ્ટોક્સ પણ ગગડ્યા

ટાઈટન સિવાયની અન્ય જ્વેલરી કંપનીઓના શેરોની વાત કરીએ તો, સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે લગભગ તમામમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. સેન્કો ગોલ્ડ શેર તો ઓપનિંગ સાથે જ 10% તૂટી ગયો. આ ઉપરાંત કલ્યાણ જ્વેલર્સ શેરમાં 8%નો ઘટાડો નોંધાયો. પીસી જ્વેલર શેર કારોબાર દરમિયાન 5 ટકા સુધી ગગડી ગયો. તો ગોલ્ડિયમ શેર પણ 5 ટકાથી વધુ ગગડીને 408 રૂપિયાના સ્તરે આવી ગયો.

ગોલ્ડ ઈમ્પોર્ટ ડ્યુટી વધારી શકે છે સરકાર

સેન્કો ગોલ્ડના સુવંકર સેને CNBC સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે વડાપ્રધાનની ટિપ્પણી પછી એવી સંભાવના વધી ગઈ છે કે સરકાર સોના પર ઈમ્પોર્ટ ડ્યુટી વધારી શકે છે. જો આવું થાય છે, તો સોનાની માગમાં 10% થી 12% સુધીનો ઘટાડો આવી શકે છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે જ્વેલરી એસોસિએશનના પ્રતિનિધિઓ મંગળવારે વડાપ્રધાન કાર્યાલયના અધિકારીઓ સાથે મુલાકાત કરશે.

30 વર્ષના નીચલા સ્તરે પહોંચી શકે છે આયાત

રોઈટર્સના એક રિપોર્ટ અનુસાર, એપ્રિલમાં ભારતની સોનાની આયાત છેલ્લા ત્રણ દાયકાના સૌથી નીચલા સ્તરે પહોંચી શકે છે. બેંકો પર અચાનક 3% ઈન્ટિગ્રેટેડ GSTની માગ આવ્યા પછી તેમણે શિપમેન્ટ રોકી દીધી છે. ભારત વિશ્વનો બીજો સૌથી મોટો ગોલ્ડ કન્ઝ્યુમર છે.

નાણાકીય વર્ષ 2026માં ભારતે દર મહિને સરેરાશ 60 ટન સોનાની આયાત કરી છે. આના પર દર મહિને લગભગ 6 બિલિયન ડોલર એટલે કે લગભગ 57 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ આવ્યો છે.

# એશિયા-આફ્રિકામાં ઈલેક્ટ્રિક વાહનોની માંગ વધી : ભારતમાં ટુ અને થ્રી વ્હીલર સેગમેન્ટમાં 25%નો ઉછાળો

**નવી દિલ્હી તા.11**




ઈરાન યુદ્ધ પછી પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવમાં વધારાને કારણે ઘણા દેશોમાં ઈલેક્ટ્રિક વાહનો (EV)ની માંગ ઝડપથી વધી છે. એશિયાના મોટાભાગના દેશો, લેટિન અમેરિકા અને આફ્રિકામાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે માર્ચમાં EVના વેચાણમાં 79 ટકાનો ઉછાળો આવ્યો છે. આ દેશોમાં 2025માં ઈલેક્ટ્રિક કારનું વેચાણ 48 ટકા વધ્યું હતું.

લેટિન અમેરિકન દેશ કોસ્ટા રિકા ઈલેક્ટ્રિક વાહનોના વ્યવસાયની ઝડપી ગતિનું એક મુખ્ય ઉદાહરણ છે. કોસ્ટા રિકામાં વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં તમામ નવી કારના વેચાણમાં ઈલેક્ટ્રિક વાહનોનો હિસ્સો 18 ટકા હતો. આ અમેરિકા કરતાં ત્રણ ગણું વધારે છે, જ્યાં ટેસ્લાએ 14 વર્ષ પહેલાં તેના મોડેલ-એસથી આધુનિક ઈલેક્ટ્રિક કાર ક્રાંતિની શરૂઆત કરી હતી. ઈથોપિયા, ઉરુગ્વે સહિતના ઘણા અન્ય દેશો તેમની અર્થવ્યવસ્થાઓ અને વિદેશી મુદ્રા ભંડાર માટે ભારે પડી રહેલા આયાતી વિદેશી તેલ પર નિર્ભરતા ઘટાડવા માટે ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી અનુસાર, એશિયામાં ઈલેક્ટ્રિક વાહનોનું સૌથી વધુ વેચાણ ચીનમાં થઈ રહ્યુ છે. 2024માં એક કરોડ દસ લાખ EV વેચાયા. આ કુલ વાહનોના લગભગ અડધા છે. ચીનમાં એપ્રિલ 2026માં રસ્તા પર દસમાંથી એક વાહન ઈલેક્ટ્રિક હતું. એશિયાના આર્થિક રીતે ઉભરતા દેશોમાં 2024માં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં 60 ટકાનો ઉછાળો નોંધાયો છે. વિયેતનામમાં 40 ટકા અને થાઈલેન્ડમાં 20 ટકાથી વધુનો વધારો થયો છે. ઈન્ડોનેશિયામાં પણ વૃદ્ધિ થઈ રહી છે. EV પર સરકારી સબસિડી અને ચીનના સસ્તા વાહનોએ વેપાર વધાર્યો છે. ભારતમાં ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર EVના વેચાણમાં 15 થી 25 ટકાનો વધારો થયો છે.

# આ અઠવાડિયે ઈરાન-અમેરિકા તણાવ પર રોકાણકારોની નજર રહેશે, ચોથા ક્વાર્ટરના પરિણામો સહિત 5 પરિબળો ગતિ નક્કી કરશે

**દિલ્હી, તા.11**




અઠવાડિયામાં શેરબજારમાં ઘણી હલચલ જોવા મળશે. કંપનીઓના ચોથા ક્વાર્ટરના પરિણામો, અમેરિકા-ઈરાન તણાવ અને વિદેશી રોકાણકારોની વેચવાલી જેવા પરિબળો બજારની દિશા નક્કી કરશે. ચાલો સમજીએ કે આવતા અઠવાડિયે બજારમાં શું થઈ શકે છે

સપોર્ટ અને રેઝિસ્ટન્સ

સપોર્ટ ઝોન: 23,936 | 23,870 | 23,820 | 23,466 | 23,335 | 22,858

સપોર્ટ એટલે, તે સ્તર જ્યાં શેર અથવા ઈન્ડેક્સને નીચે પડવાથી ટેકો મળે છે. અહીં ખરીદી વધવાથી કિંમત સરળતાથી નીચે જતી નથી. અહીં ખરીદીની તક હોઈ શકે છે.

રેઝિસ્ટન્સ ઝોન: 24,380 | 24,450 | 24,480 | 24,535 | 24,646 | 24,685

રેઝિસ્ટન્સ એટલે, તે સ્તર જ્યાં શેર અથવા ઈન્ડેક્સને ઉપર જવામાં અવરોધ આવે છે. આ વેચવાલી વધવાથી થાય છે. રેઝિસ્ટન્સ ઝોન પાર કરવા પર તેજીની અપેક્ષા રહે છે.

નોંધ: સપોર્ટ અને રેઝિસ્ટન્સના લેવલ્સ વેલ્થ વ્યૂ એનાલિટિક્સના રિપોર્ટ અનુસાર છે

હવે 5 પરિબળો જે બજારની દિશા નક્કી કરી શકે છે

1. ઈરાન-ઈઝરાયલ યુદ્ધથી સર્જાયેલ વૈશ્વિક તણાવ

અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ ચાલુ છે, જેના કારણે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પાસે અસ્થિરતા પ્રવર્તી રહી છે. વોશિંગ્ટન હજુ પણ તેહરાનના જવાબની રાહ જોઈ રહ્યું છે જેથી શાંતિ વાટાઘાટો આગળ વધી શકે. આ ભૌગોલિક-રાજકીય તણાવની સીધી અસર ભારતીય બજારના સેન્ટિમેન્ટ્સ પર પડશે.

2. વિદેશી રોકાણકારો (FIIs) દ્વારા વેચવાલી

વિદેશી રોકાણકારો (FIIs) સતત ભારતીય બજારમાંથી પૈસા પાછા ખેંચી રહ્યા છે. ગયા અઠવાડિયે તેમણે 11,072 કરોડના શેર વેચ્યા. મે મહિનામાં અત્યાર સુધી આ આંકડો 14,231 કરોડ સુધી પહોંચી ગયો છે. 2026માં અત્યાર સુધી વિદેશી રોકાણકારો કુલ 2.06 લાખ કરોડની ઉપાડ કરી ચૂક્યા છે.

3. 400થી વધુ કંપનીઓના ત્રિમાસિક પરિણામો

નિફ્ટીની મોટાભાગની મોટી કંપનીઓએ તેમના પરિણામો જાહેર કર્યા છે, પરંતુ હવે મધ્યમ કદની કંપનીઓનો વારો છે. આગામી છ દિવસમાં 400 થી વધુ કંપનીઓ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કરશે. તેમાં ટાટા મોટર્સ, ભારતી એરટેલ, સિપ્લા, ટાટા સ્ટીલ અને કેનરા બેંક જેવા મોટા નામોનો સમાવેશ થાય છે.

# હવે 'ડિજિટલ અરેસ્ટ'ની ધમકીથી ડરવાની જરૂર નથી! : 'અભય' ચેટબોટ તમને નિર્ભય બનાવશે

## જાણો સાયબર ઠગોની જાળમાંથી કેવી રીતે બચશો

**નવી દિલ્હી, તા.11**



છત્તીસગઢના બિલાસપુરમાં થોડા દિવસો પહેલા જ એક નિવૃત્ત મહિલા પ્રોફેસરને ઠગોએ 7 દિવસ સુધી ઘરમાં ડિજિટલ અરેસ્ટ રાખ્યા. ટેરર ફંડિંગનો ડર બતાવ્યો અને 1.4 કરોડ રૂપિયા પડાવી લીધા. આ એકલો કિસ્સો નથી; દેશમાં ડિજિટલ છેતરપિંડીનો ભોગ બનનારાઓમાં 60%થી વધુ વૃદ્ધો અને નિવૃત્ત કર્મચારીઓ છે. અહીં, ઠગો પણ હવે OTP કે વીજળી બિલ જેવા બહાના પૂરતા મર્યાદિત નથી, તેઓ ટેરર ફંડિંગ, પાર્સલમાં ડ્રગ્સ, મની લોન્ડરિંગ, ટ્રાઈ, CBI ઓફિસરના નામથી કોલ જેવા તરીકાઓથી ડરાવે છે. આવા સમયે વૃદ્ધો કેવી રીતે બચે? આમાં તાજેતરમાં આવેલા AI ચેટબોટ 'અભય' જેવી ટેકનોલોજી મદદ કરી શકે છે. ચાલો નવી ટેકનોલોજી અને છેતરપિંડીના નવા તરીકાઓથી સુરક્ષા વિશે જાણીએ.

'અભય' તમને નિર્ભય બનાવશે - આ રીતે ઉપયોગ કરો

નોટિસની સાચી ઓળખ કરશે

અભય AI-પાવર્ડ નોટિસ વેરિફિકેશન ચેટબોટ છે. શંકાસ્પદ નોટિસ, મેસેજ-કોલ જે CBIના નામથી આવે છે, તેમને તે ડેટાબેઝથી તરત મેચ કરીને ચેક કરી દેશે.

QR કોડ દ્વારા સુરક્ષા આપશે

સીબીઆઈની હવે દરેક નોટિસ પર ક્યૂઆર કોડ હશે. જો સ્કેમર્સ ક્યૂઆર કોડવાળી નોટિસ મોકલે, તો ચેટબોટથી સ્કેન કરતા જ હકીકત ખબર પડી જશે.

સાચો નિર્ણય લેવામાં મદદ કરશે

સ્કેમર્સ ડિજિટલ અરેસ્ટ દરમિયાન અનેક રીતે વૃદ્ધોને ડરાવે છે. આવી સ્થિતિમાં અભય યુઝર્સને શાંત રહેવા અને સાચો નિર્ણય લેવામાં પણ મદદ કરશે.

ડૉ. વિક્રમ સિંહ (નિવૃત્ત IPS)- Ex. DGP U.P.

ડૉ. વિક્રમ સિંહ (નિવૃત્ત IPS)- Ex. DGP U.P.

મોબાઈલમાં આ સાવચેતીઓ તમને ડિજિટલ અરેસ્ટ જેવા ફ્રોડથી બચાવશે

1. ડીએનડી સર્વિસ એક્ટિવેટ કરી લો

તમારા સ્માર્ટફોનમાં ટ્રાઈની ડીએનડી સેવા એક્ટિવ રાખો. તેના સેટિંગ્સ માટે મેસેજ બોક્સમાં જાઓ. મોટા અક્ષરોમાં 'FULLY BLOCK' લખીને 1909 પર મોકલી દો. આ પછી કોમર્શિયલ-સ્પામ કોલ આવવાના બંધ થઈ જશે. એન્ડ્રોઈડ અને આઈફોન બંનેમાં ડુ નોટ ડિસ્ટર્બનું બટન હોય છે.

2. સ્પામ કોલ-મેસેજથી બચાવ કરો

ફોનમાં સ્પામ કોલ-મેસેજ ફિલ્ટરને ઓન રાખો. એન્ડ્રોઈડમાં આ વિકલ્પ મેસેજ સેટિંગ્સમાં સ્પામ પ્રોટેક્શનમાં મળશે. આઈફોનમાં ફિલ્ટર અનનોન સેન્ડર્સ ઓન કરો. જેના પર સ્પામ લખેલું હોય, તે કોલ પણ રિસીવ ન કરો.

3. વોટ્સએપમાં ઓટો ડાઉનલોડ બંધ રાખો

વોટ્સએપની સેટિંગ્સમાં જઈને મીડિયા ઓટો ડાઉનલોડને બંધ રાખો. જેથી કોઈ પણ શંકાસ્પદ ફોટો કે વીડિયો આપમેળે ડાઉનલોડ ન થઈ શકે. સાયલન્ટ અનનોન કોલને પણ ઓન રાખો.

4. બેંક અને તમારા યુપીઆઈને સુરક્ષિત કરો

તમારા મોબાઈલ ફોનમાં બેંકિંગ એપ્સ અને ગૂગલ પે કે ફોનપે જેવી પેમેન્ટ એપ્સ પર ફિંગરપ્રિન્ટ અથવા ફેસ લોક અવશ્ય લગાવો, જેથી વધારાની સુરક્ષા જળવાઈ રહે. તેની સેટિંગ્સ પણ તમારા પૌત્ર-પૌત્રીઓ પાસે કરાવી લો.

5. મુશ્કેલીમાં તરત હેલ્પલાઈન પર કૉલ કરો

જો તમને એવો અહેસાસ થાય કે કોઈ સાયબર છેતરપિંડીનો શિકાર બનવાના છો, તો તરત જ નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર ફરિયાદ નોંધાવો. હેલ્પલાઈન 1930/112 પર તાત્કાલિક કૉલ કરીને જણાવો.

# સરકારે કહ્યું, પેટ્રોલ-ડીઝલ અને LPGની અછત નથી : એક દિવસ પહેલા PM મોદીએ કહ્યું હતું- આનો ઉપયોગ ઓછો કરો

**નવી દિલ્હી, તા.11**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ વચ્ચે સરકારે દેશમાં ઈંધણની અછતની અફવાઓને નકારી કાઢી છે. સરકારે સોમવારે નાગરિકોને ખાતરી આપી કે દેશમાં પેટ્રોલ, ડીઝલ કે LPGની કોઈ અછત નથી. આ નિવેદન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઈંધણ પર નિર્ભરતા ઘટાડવા અને બચત કરવાની અપીલ કર્યાના એક દિવસ પછી આવ્યું છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના સંકટને કારણે વૈશ્વિક ઊર્જા પુરવઠામાં અવરોધ ચોક્કસપણે આવ્યો છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમતોમાં ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. જોકે, ભારત સરકારે સામાન્ય ગ્રાહકોને કોઈપણ અસુવિધા વિના ઈંધણનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે ઘણા અસરકારક પગલાં લીધાં છે.

ક્રૂડ ઈન્વેન્ટરી પર્યાપ્ત, રિફાઈનરીઓમાં કામ ચાલુ

સુજાતા શર્માએ માહિતી આપી હતી કે ભારત પાસે ક્રૂડ ઓઈલનો પર્યાપ્ત ભંડાર છે. તેમણે જણાવ્યું કે અમારી રિફાઈનરીઓ સંપૂર્ણ ક્ષમતા સાથે કામ કરી રહી છે અને તેમાં કોઈ અવરોધ નથી. દેશના કોઈપણ પેટ્રોલ પંપ કે એલપીજી ડિસ્ટ્રીબ્યુટરશિપ પર સ્ટોક ખતમ થવાનો કોઈ રિપોર્ટ મળ્યો નથી. પેટ્રોલ-ડીઝલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને ઘરોમાં રસોઈ બનાવવા માટે એલપીજીનો પુરવઠો સતત ચાલુ છે.

3 દિવસમાં 1.26 કરોડ એલપીજી સિલિન્ડરની ડિલિવરી

એલપીજી સપ્લાયના આંકડા શેર કરતા શર્માએ જણાવ્યું કે દેશભરમાં ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક સામાન્ય રીતે કામ કરી રહ્યું છે. છેલ્લા ત્રણ દિવસમાં 1.14 કરોડ એલપીજી બુકિંગની સામે 1.26 કરોડ ઘરોમાં સિલિન્ડર પહોંચાડવામાં આવ્યા. આ ઉપરાંત, છેલ્લા ત્રણ દિવસમાં 17,000 ટનથી વધુ કોમર્શિયલ એલપીજીનું વેચાણ થયું. આ જ સમયગાળામાં 762 ટનથી વધુ ઓટો એલપીજી વેચવામાં આવી. છેલ્લા ત્રણ દિવસમાં 1,400 થી વધુ (5 કિલોના) નાના સિલિન્ડર પણ વેચવામાં આવ્યા.

52 હજાર ગ્રાહકોએ રસોઈ ગેસ કનેક્શન છોડ્યા



ગેસ સપ્લાય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે શર્માએ જણાવ્યું કે અત્યાર સુધીમાં લગભગ 52,300 પીએનજી (PNG) ગ્રાહકોએ તેમના એલપીજી કનેક્શન સરન્ડર કર્યા છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) એ 93 કેમ્પનું આયોજન કર્યું, જેમાં 2,100થી વધુ સિલિન્ડર વેચવામાં આવ્યા. વર્તમાનમાં 6.7 લાખ પીએનજી કનેક્શનોમાં ગેસ ચાલુ કરવામાં આવી છે અને 2.68 લાખ કનેક્શનો માટે પ્રારંભિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે. 7.29 લાખથી વધુ નવા ગ્રાહકોએ પીએનજી માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

નિયમો તોડનારા 76 ડિસ્ટ્રીબ્યુટર્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા

સરકારે ઈંધણની કાળાબજારી અને નિયમોના ઉલ્લંઘન પર પણ કડકાઈ બતાવી છે. છેલ્લા ત્રણ દિવસમાં લગભગ 1,500 દરોડા અને નિરીક્ષણ કરવામાં આવ્યા છે. આના આધારે, તેલ કંપનીઓએ 382 ડિસ્ટ્રીબ્યુટર્સ પર દંડ ફટકાર્યો છે, જ્યારે 76 ડિસ્ટ્રીબ્યુટર્સને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, 1 મેથી અત્યાર સુધી પેટ્રોકેમિકલ અને ફાર્મા ઉદ્યોગ માટે 4,600 ટન પ્રોપીલીન અને 1,700 ટન બ્યુટાઈલ એક્રિલેટનું વેચાણ કરવામાં આવ્યું છે.

પીએમ મોદીની અપીલ- ઈંધણનો ઉપયોગ ઓછો કરો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેલંગાણામાં એક કાર્યક્રમ દરમિયાન પશ્ચિમ એશિયાના ભૌગોલિક-રાજકીય સંજોગોને ધ્યાનમાં રાખીને પેટ્રોલિયમ ઉત્પાદનોના સાવચેતીપૂર્વક ઉપયોગનું સૂચન કર્યું હતું. પીએમએ કહ્યું હતું કે આજે સમયની માંગ છે કે પેટ્રોલ, ગેસ અને ડીઝલનો ઉપયોગ ખૂબ સંયમથી કરવામાં આવે. આપણે આયાતી પેટ્રો ઉત્પાદનોનો ઉપયોગ ફક્ત જરૂરિયાત મુજબ જ કરવો જોઈએ. આનાથી ન ફક્ત વિદેશી મુદ્રા બચશે, પરંતુ યુદ્ધની પ્રતિકૂળ અસરો પણ ઓછી થશે.

ભારતે સૌર ઊર્જા અને ઈથેનોલમાં પ્રગતિ કરી

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે ભારત સોલર એનર્જી પ્રોડક્શનમાં દુનિયાના લીડિંગ દેશોમાં સામેલ થઈ ગયું છે. સાથે જ પેટ્રોલમાં ઈથેનોલ બ્લેન્ડિંગમાં પણ જરૂરી ગ્રોથ હાંસલ કરી છે. સરકાર એલપીજી કવરેજ વધારવા, પાઈપ્ડ ગેસ સપ્લાયના વિસ્તરણ અને સીએનજી બેઝ્ડ સિસ્ટમને પ્રોત્સાહન આપવા પર કામ કરી રહી છે. આ જ પ્રયાસોને કારણે ભારત દુનિયાના મોટા ઊર્જા સંકટનો સામનો કરવામાં સક્ષમ છે.

મેટ્રો અને ઈલેક્ટ્રિક વ્હીકલનો ઉપયોગ વધે

સરકારે નાગરિકોને પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ધીમે ધીમે ઘટાડવા વિનંતી કરી છે. સંયુક્ત સચિવ સુજાતા શર્માએ સૂચવ્યું કે જ્યાં પણ શક્ય હોય, લોકોએ મેટ્રો અને સાર્વજનિક પરિવહનનો ઉપયોગ કરવો જોઈએ. આ ઉપરાંત, કારપૂલિંગ, માલસામાનની હેરફેર માટે રેલવે અને વ્યક્તિગત ઉપયોગ માટે ઈલેક્ટ્રિક વાહનોને પ્રાધાન્ય આપવું જોઈએ જેથી દેશ પર આર્થિક બોજ ઓછો કરી શકાય.

# સોનું ₹801 ઘટીને ₹1.50 લાખ પર આવ્યું : ચાંદીના ભાવમાં ₹300નો ઘટાડો, કેરેટ મુજબ જુઓ સોનાનો ભાવ

**નવી દિલ્હી, તા.11**



સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 11 મેના રોજ ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 801 રૂપિયા ઘટીને 1,50,277 પર આવી ગયો છે. જ્યારે 1 કિલો ચાંદીની કિંમત 300 રૂપિયા ઓછી થઈને 2,55,300 રૂપિયા પર આવી ગઈ છે.

કેરેટ મુજબ સોનાની કિંમત

| કેરેટ | ભાવ (રૂપિયા/10 ગ્રામ) |
|---|---|
| 24 | 1,50,277 |
| 22 | 1,37,654 |
| 18 | 1,12,708 |
| 14 | 87,912 |

દેશના મોટા શહેરોમાં સોનાની કિંમત

| શહેર | 10 ગ્રામ 24 કેરેટ |
|---|---|
| અમદાવાદ | 1,52,180 |
| મુંબઈ | 1,52,123 |
| કોલકાતા | 1,52,123 |
| ચેન્નઈ | 1,53,820 |
| જયપુર | 1,52,280 |
| ભોપાલ | 1,52,180 |
| પટના | 1,52,180 |
| લખનઉ | 1,52,280 |
| રાયપુર | 1,52,123 |
| દિલ્હી | 1,52,280 |

સોર્સ: goodreturns 11 મે, 2026

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે વર્ષભર ઘરમાં કોઈ પણ કાર્યક્રમ હોય, અમે સોનાના ઘરેણાં નહીં ખરીદીએ. કારણ કે આમ કરવાથી વિદેશી મુદ્રા બચશે. (ખરેખર, આપણે સોનું ડોલરમાં અન્ય દેશોમાંથી મંગાવવું પડે છે, ડોલર મોંઘો થવાથી તેના પર ખર્ચ વધી જાય છે).

જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

1. પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો.

# શાંતિ વેચી રહ્યું છે ટ્રાવેલ સેક્ટર, વેલનેસ બન્યું પ્રીમિયમ બિઝનેસ

**નવી દિલ્હી, તા.11**



દેશમાં વેલનેસ હવે માત્ર લક્ઝરી કે રજાઓનો ભાગ નથી રહી. લોકો તેને સ્વાસ્થ્ય અને માનસિક સંતુલનમાં રોકાણ તરીકે જોવા લાગ્યા છે. આ જ કારણ છે કે વેલનેસ રિટ્રીટ્સ અને માઈન્ડફુલ ટ્રાવેલની માગ ઝડપથી વધી રહી છે. આ જ કારણ છે કે હોલિસ્ટિક વેલનેસ અનુભવો પરંપરાગત સ્પા કલ્ચરની જગ્યા લઈ રહ્યા છે. તેમાં યોગ, મેડિટેશન, હેલ્ધી ન્યુટ્રિશન અને માઈન્ડફુલ હોસ્પિટાલિટી જેવી સુવિધાઓ છે. પ્રવાસીઓ હવે દેખાડાવાળી લક્ઝરીને બદલે માનસિક શાંતિ આપતા અનુભવોને પ્રાધાન્ય આપી રહ્યા છે.

વેલનેસની અસર હવે માત્ર મોટી હોટલો સુધી સીમિત નથી. લોકો હવે ભીડભાડથી દૂર રેન્ટલ વિલા અને શાંત હોમસ્ટેને પ્રાધાન્ય આપી રહ્યા છે. સ્લીપ રિચ્યુઅલ્સ, ડિજિટલ ડિટોક્સ અને સ્થાનિક શુદ્ધ ભોજન વધુ પસંદ કરવામાં આવી રહ્યા છે. એક સર્વે મુજબ, લગભગ 60% પ્રવાસીઓ ટ્રિપમાં ઓછામાં ઓછી એક એવી પ્રવૃત્તિ ચોક્કસપણે શામેલ કરે છે, જેનાથી તેમને માનસિક શાંતિ મળે.

પ્રવાસીઓ ડિજિટલ ડિટોક્સ, ક્લીન ઈટિંગ, સ્લીપ-ફોકસ્ડ સ્ટે ને પ્રાધાન્ય આપી રહ્યા છે

ખર્ચ - ઘરેલું પર્યટન પર 15.5 લાખ કરોડ રૂપિયાનો ખર્ચ

કોમ્યુનિકેટ ઈન્ડિયા અનુસાર 2024માં ભારતીયોએ પ્રવાસ પર 15.5 લાખ કરોડ રૂપિયા ખર્ચ કર્યા, જ્યારે વિદેશી પ્રવાસીઓનો ખર્ચ માત્ર 3.1 લાખ કરોડ રહ્યો. ધ લીલા પેલેસ નવી દિલ્હી અનુસાર, હવે લોકો ઊર્જા વધારતી પરંપરાગત પદ્ધતિઓને પ્રાધાન્ય આપી રહ્યા છે. આ જ કારણથી વ્યક્તિગત થેરાપીને હવે દિનચર્યાનો ભાગ બનાવવામાં આવી રહી છે.

ટ્રેન્ડ - હોટલ વેલનેસ અને ડાયટ ચાર્ટ જેવી ઑફર આપી રહ્યા છે હોટલોમાં હવે કસ્ટમાઈઝ્ડ વેલનેસ ચાર્ટ બનાવવામાં આવી રહ્યા છે. તેમાં હોટલ પહોંચતા પહેલા નિષ્ણાતો સાથે પરામર્શ અને ચેક-ઈન પછી વ્યક્તિગત ડાયટ પ્લાન જેવી સુવિધાઓ છે. લોકો આના પર થતા ખર્ચને સ્વાસ્થ્ય માટે જરૂરી રોકાણ માને છે. પ્રવાસીઓ ડિજિટલ ડિટોક્સ (મોબાઈલ-ગેજેટ્સથી દૂર રહેવું) અને સ્લીપ-ફોકસ્ડ સ્ટેને વધુ મહત્વ આપી રહ્યા છે.

સ્વીકૃતિ - ભારત હવે વિશ્વનું ટોચનું ડેસ્ટિનેશન

ગ્લોબલ વેલનેસ ઈન્સ્ટિટ્યૂટ (GWI) અનુસાર, ભારત હવે વિશ્વના ટોચના સ્થળોમાં શામેલ થઈ ગયું છે. આ વર્ષે વૈશ્વિક સ્તરે આ સેક્ટરનું મૂલ્ય આશરે 641 લાખ કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. ભારત તેની આયુર્વેદ અને યોગ જેવી પદ્ધતિઓના કારણે મોટા પાયે વિદેશીઓને આકર્ષિત કરી રહ્યું છે.

આઉટલુક - 2030 સુધીમાં એશિયામાં સૌથી ઝડપી વૃદ્ધિ

નિષ્ણાતોના મતે, એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં ભારત આ સેક્ટરનું એન્જિન બનીને ઉભરશે. GWIનો અંદાજ છે કે વર્ષ 2030 સુધીમાં આ ક્ષેત્રની કુલ વૃદ્ધિનો એક મોટો હિસ્સો ભારત અને ચીનમાંથી આવશે. તેનું કારણ મધ્યમ વર્ગની વધતી આવક છે. ભારતનું વેલનેસ ટુરિઝમ બજાર હાલમાં 2.9 લાખ કરોડનું છે. 2031 સુધીમાં 4.1 લાખ કરોડ સુધી પહોંચી શકે છે.

# રાજ્ય સરકારનો વહીવટી ફેરફાર, IT વિભાગમાં બદલી : નમ્રતા નથવાણીને સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં મૂકાયા, અધિકારીઓને નવી જગ્યાએ હાજર થવા સૂચના

ગાંધીનગર, તા.11

રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા IT કેડરના અધિકારીઓની બદલી સંબંધિત મહત્વપૂર્ણ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. સચિવાલય ગાંધીનગરથી જાહેર થયેલા આદેશ મુજબ વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા ICT અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે.



નમ્રતા નથવાણીને સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં બદલી

જાહેર કરાયેલા આદેશ મુજબ ગુજરાત ICAP લિમિટેડમાં ફરજ બજાવતા નમ્રતા નથવાણીને સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં બદલી આપવામાં આવી છે. જ્યારે ગુજરાત કાઉન્સિલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં સેવા આપતા પરવેજઆલમ શેખને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન, ગાંધીનગર ખાતે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ધારા પટેલની ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનમાં બદલી

સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં ફરજ બજાવતા ધારા પટેલની બદલી કરીને તેમને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનમાં મુકવામાં આવ્યા છે. ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીમાં સેવા આપતા તુષાર ચાવડાને પણ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશનમાં નવી જવાબદારી આપવામાં આવી છે. આદેશ મુજબ ગુજરાત જાહેર સેવા આયોગમાં ફરજ બજાવતા શરદ કુંભારાણાની બદલી કરીને તેમને નિયામક ICT અને ઈ-ગવર્નન્સ કચેરી, ગાંધીનગર ખાતે નિયુક્ત કરવામાં આવ્યા છે.

અધિકારીઓને નવી જગ્યાએ હાજર થવા સૂચના

રાજ્ય સરકારના આ વહીવટી ફેરફારોને આઈટી અને ઈ-ગવર્નન્સ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટેનો પ્રયાસ માનવામાં આવી રહ્યો છે. વિભાગ દ્વારા જણાવાયું છે કે બદલાયેલા અધિકારીઓને તાત્કાલિક અસરથી નવી જગ્યાએ હાજર થવા સૂચના આપવામાં આવી છે. રાજ્ય સરકારના આ વહીવટી ફેરફારોને આઈટી અને ઈ-ગવર્નન્સ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટેનો પ્રયાસ માનવામાં આવી રહ્યો છે. વિભાગ દ્વારા જણાવાયું છે કે બદલાયેલા અધિકારીઓને તાત્કાલિક અસરથી નવી જગ્યાએ હાજર થવા સૂચના આપવામાં આવી છે.

# સહકારી મંડળીઓમાં પારદર્શિતા વધારવા સરકારનો મોટો નિર્ણય : કસ્ટોડિયન અને તપાસ અધિકારીઓ માટે નવી ગાઈડલાઈન જાહેર

ગાંધીનગર, તા.11

રાજ્યની સહકારી મંડળીઓમાં વહીવટી પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે સહકાર વિભાગ દ્વારા એક ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે. સહકાર રજિસ્ટ્રાર દ્વારા કસ્ટોડિયન તથા તપાસ અધિકારીઓની નિમણૂક પ્રક્રિયાને વધુ ચુસ્ત બનાવવા માટે નવી માર્ગદર્શિકા સાથેનો 'માસ્ટર પરિપત્ર' બહાર પાડવામાં આવ્યો છે. આ નવી ગાઈડલાઈન આગામી 31 ડિસેમ્બર, 2030 સુધી અમલમાં રહેશે.

લાયકાત અને સ્વચ્છ છબી ધરાવતા લોકોની જ થશે પસંદગી

નવી માર્ગદર્શિકા મુજબ, હવે સહકારી મંડળીઓમાં વહીવટદાર (કસ્ટોડિયન) અને તપાસ અધિકારી તરીકે માત્ર એવા જ વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવશે જેઓ નિર્ધારિત લાયકાત અને સમાજમાં સ્વચ્છ છબી ધરાવતા હોય. આ પ્રક્રિયામાં નિવૃત્ત સરકારી અધિકારીઓ તેમજ સહકારી ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવતા વકીલોને પણ તક આપવાની જોગવાઈ કરવામાં આવી છે, જેથી કાયદાકીય અને વહીવટી પ્રક્રિયા વધુ સુદ્રઢ બની શકે.

ગેરરીતિ આચરનારા અને દાગી અધિકારીઓ માટે દરવાજા બંધ

સરકારે આ નિમણૂકોમાં નૈતિકતાના ધોરણોને વધુ કડક બનાવ્યા છે. જે અધિકારીઓએ અગાઉ પોતાની નોકરી દરમિયાન ખાતાકીય તપાસ, શિસ્તભંગના પગલાં અથવા અન્ય કોઈ કાયદાકીય કાર્યવાહીનો સામનો કર્યો હોય, તેમને આ જવાબદારી માટે સર્વથા અયોગ્ય ગણવામાં આવશે. વધુમાં, સહકાર વિભાગે એવી ચીમકી પણ આપી છે કે જો કોઈ સ્ટાફ જાણીબુઝીને ગેરલાયક ઉમેદવારોની ભલામણ કરશે, તો તેમની સામે પણ કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

સભાસદોના હિતની સુરક્ષા અને સુશાસન પર ભાર

છેલ્લા કેટલાક સમયથી રાજ્યની વિવિધ સહકારી મંડળીઓમાં વહીવટી ગેરરીતિ, આંતરિક વિવાદો અને ભ્રષ્ટાચારના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. આ સમસ્યાઓના કાયમી ઉકેલ માટે સરકાર દ્વારા પસંદગી પ્રક્રિયામાં અનુભવ, કાર્યક્ષમતા અને પ્રામાણિકતાને સર્વોપરી ગણવામાં આવી છે. વિભાગનો દાવો છે કે આ માસ્ટર પરિપત્રના અમલીકરણથી સહકારી મંડળીઓમાં સુશાસન મજબૂત બનશે અને મંડળીના નાનામાં નાના સભાસદના હિતોનું રક્ષણ થશે.

# સચિવાલયના હાર્દ સમાન સેક્ટર-10માં મોરનું મોત : પોલ્યુશન કંટ્રોલ બોર્ડની કચેરીની નજીક પક્ષીના મોતથી પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષ

ગાંધીનગર, તા.11

ગાંધીનગરમાં જ્યાં એકતરફ વનરાજી અને પર્યાવરણના જતનની મોટી વાતો કરવામાં આવે છે, ત્યાં બીજીતરફ રાષ્ટ્રીય પક્ષી મોરની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. સેક્ટર-10 સ્થિત ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની કચેરી નજીક આજે સવારે એક મોરનો મૃતદેહ અત્યંત ક્ષત-વિક્ષત હાલતમાં મળી આવતા સ્થાનિકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઘટનાએ વન વિભાગ અને સ્થાનિક તંત્રની કામગીરી પર અનેક પ્રશ્નાર્થો સર્જ્યા છે. ગાંધીનગરના સેક્ટર-10નો આ વિસ્તાર ગાઢ વૃક્ષો અને વનરાજીથી ઘેરાયેલો હોવાને કારણે વર્ષોથી પશુ-પક્ષીઓ માટે કુદરતી આશ્રય સ્થાન રહ્યો છે. જોકે છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં રખડતા કૂતરાઓનો આંતક જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, મોરનો મૃતદેહ જે હાલતમાં મળ્યો છે તે જોતા જણાય છે કે કૂતરાઓએ તેને ફાડી ખાધો છે. અહીં મોરના પીંછા ચારેતરફ વિખરાયેલા જોવા મળ્યા હતા. વન્યજીવો માટે સુરક્ષિત ગણાતા પાટનગરમાં જ રાષ્ટ્રીય પક્ષી અસુરક્ષિત હોવાની બાબતે પર્યાવરણ પ્રેમીઓમાં ઘેરા પ્રત્યાઘાતો પાડ્યા છે. મહત્વનું છેકે,ભારતીય વન્યજીવ સંરક્ષણ અધિનિયમ 1972 હેઠળ મોરને સર્વોચ્ચ સુરક્ષા આપવામાં આવી છે. જ્યારે પણ કોઈ મોર મૃત હાલતમાં મળી આવે ત્યારે તેને સામાન્ય પક્ષીની જેમ નિકાલ કરી શકાતો નથી. પ્રોટોકોલ મુજબ સૌ પ્રથમ સ્થાનિક વન વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી કરવાની રાહે છે. મોરના મૃતદેહનું પશુ ચિકિત્સક દ્વારા પોસ્ટમોર્ટમ કરવામાં આવે છે. આ પ્રક્રિયા બાદ વન અધિકારીઓની હાજરીમાં મોરને સંપૂર્ણ રાષ્ટ્રીય સન્માન સાથે જમીનમાં દફનાવવામાં આવે છે અથવા અગ્નિદાહ આપવામાં આવે છે. મોરના અંગો કે પીંછાની કોઈ ગેરકાયદેસર હેરાફેરી ન થાય તે માટે આ સમગ્ર પ્રક્રિયાની વિડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરીને દસ્તાવેજીકરણ કરવામાં આવે છે.

# પાટનગરમાં મેટ્રોના પિલ્લર બ્લાઈન્ડ સ્પોટ બન્યા : વાહન ચાલકોને ક્રોસ રોડ પર વિઝન બ્લોક થતાં અકસ્માત વધ્યા

ગાંધીનગર, તા.11

રાજ્યના પાટનગરમાં મેટ્રોની આધુનિક સુવિધા તો આવી પણ તેની સાથે વાહનચાલકો માટે નવી જીવલેણ આફત પણ ઉભી થઈ છે. મેટ્રો રૂટના વિશાળ પિલ્લર ક્રોસ રોડ પર વાહનચાલકોની દ્રષ્ટિમાં અવરોધ પેદા કરી રહ્યા છે, જેને કારણે એક તરફથી આવતા ચાલકને બીજી તરફનું વાહન દેખાતું નથી અને ગંભીર અકસ્માતો સર્જાઈ રહ્યા છે. આ સમસ્યાના ઉકેલ માટે તંત્ર હવે ક્રોસ રોડ પાસે બમ્પ મૂકવાની યોજના બનાવી રહ્યું છે.




ઓવર સ્પીડમાં દોડતા વાહનો માટે આ પિલ્લર બ્લાઈન્ડ સ્પોટ

ગાંધીનગરમાં મેટ્રો માટે એલિવેટેડ ટ્રેક તૈયાર કરવામાં આવ્યો છે, પરંતુ શહેરના વર્ષો જૂના રોડ એન્જીનિયરીંગમાં તે મુજબ કોઈ ફેરફાર કરાયા નથી. રસ્તાની પહોળાઈ અને ક્રોસ રોડનું જોડાણ જેવું હતું એવું જ રાખવામાં આવ્યું છે. પરિણામે મુખ્ય માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોને પિલ્લરની પાછળથી આવતા વાહનોનો અંદાજ આવતો નથી. ખાસ કરીને ઓવર સ્પીડમાં દોડતા વાહનો માટે આ પિલ્લર બ્લાઈન્ડ સ્પોટ સાબિત થઈ રહ્યા છે .

વિઝન ન મળવા છતાં ચાલક પાસે વાહન થોભાવી દેવાનો પૂરતો સમય રહેશે

આ વધતા અકસ્માતોને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પોલીસ સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો. આ ચર્ચામાં એવું તારણ નીકળ્યું છે કે, મેટ્રો રૂટના દરેક ક્રોસ રોડ પર પોલીસકર્મી તૈનાત કરવા કે ટ્રાફિક સિગ્નલ મુકવા વ્યવહારુ રીતે શક્ય નથી. આથી, માર્ગ સલામતી તંત્રના માર્ગદર્શન હેઠળ એવો નિર્ણય લેવાઈ રહ્યો છે કે ક્રોસ રોડથી અમુક અંતરે બમ્પ મુકવામાં આવે. આ બમ્પ મૂકવાથી વાહનોની ગતિ આપોઆપ ધીમી પડશે. ગતિ ઓછી હશે તો પિલ્લરના કારણે વિઝન ન મળવા છતાં ચાલક પાસે વાહન થોભાવી દેવાનો પૂરતો સમય રહેશે . આ આયોજનને અમલમાં મુકતા પહેલા પોલીસ અને રોડ સેફ્ટી નિષ્ણાતોની સલાહ લઈને જ કયા સ્થળે બમ્પ મુકવા તે નક્કી કરવામાં આવશે . તો પિલ્લરના કારણે વિઝન ન મળવા છતાં ચાલક પાસે વાહન થોભાવી દેવાનો પૂરતો સમય રહેશે . આ આયોજનને અમલમાં મુકતા પહેલા પોલીસ અને રોડ સેફ્ટી નિષ્ણાતોની સલાહ લઈને જ કયા સ્થળે બમ્પ મુકવા તે નક્કી કરવામાં આવશે .

# સત્ર પૂર્ણ થયા બાદ જ નિવૃત્તિ : પ્રાથમિક શાળાના આચાર્યોને રાજ્ય સરકારની મોટી રાહત



અમદાવાદ, તા.11

રાજ્યના શિક્ષણ વિભાગે સરકારી પ્રાથમિક શાળાઓના આચાર્યો અને મુખ્ય શિક્ષકોને લઈને મહત્વનો નિર્ણય લીધો છે. હવે પ્રાથમિક શાળાના આચાર્યોને શૈક્ષણિક સત્રના અંતે નિવૃત્તિ આપવામાં આવશે. અત્યાર સુધી મહિનાના અંતિમ દિવસે નિવૃત્તિનો નિયમ લાગુ પડતો હતો, જેના કારણે શાળાના વહીવટી અને શૈક્ષણિક કાર્ય પર અસર પડતી હતી.

સત્ર પૂર્ણ થયા બાદ નિવૃત્તિ આપવાથી શિક્ષણકાર્યમાં સાતત્ય જળવાઈ રહેશે

નવા નિર્ણયથી ખાસ કરીને H-TAT પાસ મુખ્ય શિક્ષકો અને આચાર્યોને સીધો લાભ મળશે. શિક્ષણ વિભાગનું માનવું છે કે, શૈક્ષણિક વર્ષ વચ્ચે આચાર્યોની નિવૃત્તિ થવાથી શાળાના સંચાલન અને વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ પર અસર થતી હતી. હવે સત્ર પૂર્ણ થયા બાદ નિવૃત્તિ આપવાથી શિક્ષણકાર્યમાં સાતત્ય જળવાઈ રહેશે.

વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને નિર્ણય લીધો

વિભાગના સૂત્રો મુજબ, નવા નિયમથી શાળાઓમાં વહીવટી કામગીરી સરળ બનશે તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અચાનક ફેરફારનો સામનો કરવો નહીં પડે. ખાસ કરીને પરીક્ષા, પ્રવેશ પ્રક્રિયા અને પરિણામ જેવી કામગીરી દરમિયાન આચાર્ય બદલાવની સ્થિતિ ટળશે. શિક્ષણ વિભાગે આ નિર્ણય વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને લીધો હોવાનું જણાવાયું છે. નવા નિયમથી શાળાઓમાં શૈક્ષણિક માહોલ વધુ સુવ્યવસ્થિત બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# પુત્રએ માતાની છત્રછાયા પણ ગુમાવી

## ગાંધીનગરના લવારપુર બ્રિજ પાસે કાર-બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં 56 વર્ષીય મહિલાનું મોત નીપજ્યું

ગાંધીનગર, તા.11

ગાંધીનગરના લવારપુર ઓવરબ્રિજ પાસે રની સાંજે રોંગ સાઈડમાં ધસી આવેલી એક અલ્ટો કારે મંદિરે દર્શન કરવા જઈ રહેલા બાઈક સવાર માતા પુત્રને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા 56 વર્ષીય મહિલાનું આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નીપજતા ડભોડા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

બાઈકને ટક્કર મારતા માતા-દીકરા બંને રોડ પર પટકાયા હતા

અમદાવાદના નવા નરોડામાં કઠવાડા રોડ પર આવેલ નિલમ ટેનામેન્ટ વિભાગ-1, મકાન નંબર 122માં રહેતો 24 વર્ષીય યુવરાજસિંહ હમીરસિંહ બિહોલા ખાનગી નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે 10 મેના રોજ રવિવારની રજા હોવાથી યુવરાજસિંહ તેની 56 વર્ષીય માતા મનિષાબાને લઈને દર રવિવારની જેમ પ્રાંતિયા ગામે જોગણી માતાના મંદિરે બાઈક લઈ દર્શન કરવા માટે નીકળ્યો હતો ત્યારે લવારપુર ઓવરબ્રિજ ઉતરતી વેળાએ એક મારૂતિ અલ્ટો કાર ( ન.GJ-18BK-7230) નો ચાલક પૂરઝડપે અને રોંગ સાઈડમાં




ધસી આવ્યો હતો અને બાઈકને સાઈડમાંથી જોરદાર ટક્કર મારતા માતા-પુત્ર બંને રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં યુવરાજસિંહને શરીરના ભાગે નાની મોટી ઈજાઓ થઈ હતી .

ડભોડા પોલીસે અલ્ટો કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

પરંતુ, મનિષાબાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ ઘટનાસ્થળે જ લોહીલુહાણ થઈ બેભાન થઈ ગયા હતા. બાદમાં અકસ્માત સર્જનાર કાર ચાલક બંનેને ચિલોડાની સવિતાબા હોસ્પિટલ લઈ ગયો હતો. જોકે મનિષાબાની સ્થિતિ નાજુક જણાતા તેમને તાત્કાલિક 108 મારફતે ગાંધીનગર સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે આજરોજ સારવાર દરમિયાન મનિષાબાએ અંતિમ શ્વાસ લીધા હતા. ઉલ્લેખનીય છે કે, યુવરાજસિંહના પિતાનું વર્ષ 2021માં અવસાન થયું હતું અને તેઓ પોતાની માતાના એકમાત્ર સંતાન હતા. પિતા બાદ હવે માતાની છત્રછાયા પણ છીનવાઈ જતા યુવાન પુત્ર પર આભ તૂટી પડ્યું છે. આ મામલે ડભોડા પોલીસે અલ્ટો કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જોકે મનિષાબાની સ્થિતિ નાજુક જણાતા તેમને તાત્કાલિક 108 મારફતે ગાંધીનગર સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે આજરોજ સારવાર દરમિયાન મનિષાબાએ અંતિમ શ્વાસ લીધા હતા. ઉલ્લેખનીય છે કે, યુવરાજસિંહના પિતાનું વર્ષ 2021માં અવસાન થયું હતું અને તેઓ પોતાની માતાના એકમાત્ર સંતાન હતા. પિતા બાદ હવે માતાની છત્રછાયા પણ છીનવાઈ જતા યુવાન પુત્ર પર આભ તૂટી પડ્યું છે. આ મામલે ડભોડા પોલીસે અલ્ટો કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

